بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ



**રબ્બે ઝિદ્‌ની ઈલ્મા વર્ઝુકની ફહ્‌મા.** رَبِّ زِدۡنِیۡ عِلۡمًا وَّارۡزُقۡنِیۡ فَهۡمًا

**અર્થ : અય મારા રબ ! મારું ઈલ્મ વધાર અને મને સમજદારીની રોઝી અતા કર.**




**સરપરસ્ત**

**પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) અને હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)**



**અખિલ ગુજરાત શીઆ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક**

શીઆ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

# જાફરી આવાઝ

**Vol.-1, Isuue-2, December-2013**

Website : www.jafariaawaz.com ❄ email : jafariaawaz@gmail.com

**સંપાદક મંડળ**

તંત્રી : કાસમભાઈ વિજાપુરા - ૯૪૨૬૫ ૪૧૪૭૨

સહતંત્રી : 'માસૂમ' મહેરપુરી - ૯૬૮૭૬૭૯૫૧૩

સલાહ–માર્ગદર્શન : મોલ્વી હાસમભાઈ વલીભાઈ ગાંધી (સિધ્ધપુર)

સહયોગી : મોલ્વી ખાદિમહુસૈન પટેલ (મોલીપુર)

મોલ્વી કમ્બરઅલી દાવડા (કાટવાડ)

મોલ્વી અબ્બાસઅલી સલેમા (હરિપુરા)

લેસર&ગ્રાફિક વર્ક : શબ્બીરઅલી રેવાસીયા - ૯૯૨૫૭૩૦૧૦૭

**વ્યવસ્થાપક મંડળ**

વ્યવસ્થાપક : ઈબ્રાહીમભાઈ વાઘ - ૯૪૨૮૬૪૬૪૭૬

સહવ્યવસ્થાપક : અકબરઅલી મસી - ૯૮૨૫૪૯૭૧૭૮

અનવરઅલી મતિયા

**કાર્યાલયનું સરનામું**

'જાફરી આવાઝ' (માસિક)

મુ.પો. ઈલોલ તલાવ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા

પીન – ૩૮૩૨૨૦. ફોન : ૦૨૭૭૨–૨૨૭૨૯૬


## લેખાનુક્રમ


| | |
|---|---|
| ઊઘડતે પાને | 3 |
| કુરઆન શિક્ષણ | 7 |
| અહાદીસ | 9 |
| ઝિયારતે વારેસાની તફસીર | 11 |
| સુપરમેન ઈન ઈસ્લામ : હઝરત ઈમામ જાફર સાદિક (અ.) | 15 |
| ગડમથલ | 18 |
| મશાયખવાણી | 19 |
| તિલાવત કરને નેઝે પે સરે શબ્બીર આતા હય | 22 |
| ઈસ્તિગ્ફાર કરો અને જીવનને સમૃધ્ધ બનાવો. | 23 |
| કુરઆને મજીદના સૂરાઓનો પરિચય | 25 |
| ઈમામ હુસૈન (અ.)ના ગમની ફઝીલત | 27 |
| અલ ઈર્શાદ | 29 |
| શેખ સાઅદીની શાયરીનો રસાસ્વાદ | 32 |
| નહજુલ અસરાર | 33 |
| સર્વશ્રેષ્ઠ સ્મરણ | 37 |
| ખુત્બો : મોમિનની મદદ કરવાનો સવાબ | 39 |
| બ્લોગ | 45 |
| મીર અનીસના મરસિયા | 47 |
| જાફરી પંચાંગ | 50 |
| જ્ઞાનગોષ્ઠિ | 51 |
| આપણા ઘરની વાતો | 55 |
| 'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન | 57 |


# ઊઘડતે પાને...

આપણા દસમા ઈમામ.

હઝરત ઈમામ અલી નકી (અ.).

આપ (અ.)ના જમાનામાં સમકાલીન એક અબ્બાસી ખલીફા હતો.

મુતવક્કિલ એનું નામ.

મુતવક્કિલના દુર્ગુણોમાંનો એક દુર્ગુણ એ હતો કે તેને શરાબ અને શબાબથી ખાસ દિલચસ્પી હતી. ગાદી પર બેસતાંની સાથે જ તેણે આક્ષેપ કરનારાને હોદ્દાઓ પરથી બરતરફ કરી દીધા. વિજ્ઞાન અને ફિલૉસોફીની તકરીરો ઉપર પાબંદી લગાવી દીધી

અને મોટા મોટા આક્ષેપ કરનારાઓને તેણે કેદમાં નાખી દીધા. વાસિકબિલ્લાહના વઝીરને તેણે એટલા માટે કતલ કરાવી દીધો કેમકે મુતવક્કિલ જ્યારે બાદશાહ ન હતો ત્યારે ઈબ્ને અલઝિયાતે તેની તા'ઝીમ કરી ન હતી. આલે ઝહરા (અ.) નો બાગે ફદક તેણે ફરીથી કબજે કરી લીધો અને પોતાના નિયંત્રણ હેઠળના મુલકોમાં સાદાતો ઉપર જુલ્મ કરવા અંગેના હુકમો તેણે આપી દીધા.

એક દિવસ ઈમામ અલી નકી (અ.) અલી બિન હસીતની સાથે ચાલતા જઈ રહ્યા હતા. ઈબ્ને હસીતે થોડાંક ડગલાં આગળ વધીને કહ્યું,

"જરા ઝડપથી કદમ ઉઠાવો."

ઈમામ (અ.)એ ફરમાવ્યું,

"આગળ વધો. તમારે પહેલાં જવાનું છે."

આ પ્રસંગના ચાર દિવસ પછી ઈબ્ને હસીત (આ દુનિયાથી) ચાલ્યા ગયા.

યહ્યા બિન ઝકરિયાનું બયાન છે કે મેં ઈમામ અલી નકી (અ.)ને લખાણ મોકલ્યું,

"મારી પત્ની હામેલા છે, દુઆ ફરમાવજો કે છોકરો પેદા થાય."

ઈમામ (અ.)એ જવાબ આપ્યો,

"કેટલીક છોકરીઓ છોકરાઓ કરતાં બહેતર હોય છે."

અને યહ્યાના ઘેર છોકરી જ પેદા થઈ.

હિ. સ.–૨૭૩માં એક દિવસ તુર્કોની ફોજ નજીકથી પસાર થઈ રહી હતી. ઈમામ અલી નકી (અ.) અબૂ હાશિમની સાથે તેને જોવા માટે તશરીફ લઈ ગયા. અને નજીકથી પસાર થતાં તુર્કી ગુલામની સાથે તેની ભાષામાં કંઈક કહ્યું. તે થંભી ગયો અને લાંબા સમય સુધી વાતો કરતો રહ્યો ત્યાર પછી કદમ ચૂમવા માટે ઝુકી ગયો.

મેં તેને પૂછ્યું,

"કઈ બાબતે તને ઈમામનો મોહિબ બનાવી દીધો ?"

તે બોલ્યો,

"આપ (અ.)એ મને એવા નામથી સંબોધન કર્યું કે જેને જાણનાર મારા બાપ સિવાય બીજો કોઈ ન હતો."

ઈમામ (અ.) દુનિયાની દરેક ભાષાથી વાકેફ હતા. એક દિવસ અબૂ હાશિમની સાથે હિન્દીમાં વાત કરી તો તે હેરતથી આપ (અ.)ના મોઢા તરફ જોતો જ રહી ગયો. ઈમામ (અ.)એ પથ્થરની એક કાંકરી ઉઠાવીને પહેલાં પોતાના મોઢામાં રાખી. ત્યાર પછી અબૂ હાશિમના મોઢામાં આપી દીધી જેના પછી અબૂ હાશિમ ૭૩ ભાષાઓના આલિમ બની ગયા.

આમ તો ઈમામ અલી નકી (અ.) મદીનામાં એકાંત જિંદગી વિતાવતા હતા, પરંતુ મુતવક્કિલે આપ (અ.)ને પણ માફ કર્યા નહીં અને યહ્યા બિન હરસમાને ફોજની એક ટુકડીની સાથે મદીના મોકલી દીધો કે જે આપને હિજરી સન–૨૩૪માં પોતાની દેખરેખ હેઠળ મદીનાથી સામરા લઈ આવ્યો અને આપને શહેરના સૌથી ગંદા વિસ્તારમાં રાખવામાં આવ્યા કે જ્યાં ચાર–પાંચ વર્ષના ઈમામ હસન અસ્કરી (અ.)ને પણ આપની સાથે રહેવું પડ્યું.

આમ તો લગભગ દરેક અબ્બાસી ખલીફા રસૂલલ્લાહ (સ.)ની ઈતરતનો જાની દુશ્મન રહ્યો હતા પરંતુ બે જણને તેમાં વિશેષતા પ્રાપ્ત થઈ છે. પહેલો અબૂ જાફર મન્સૂર અને બીજો મુતવક્કિલ. મુતવક્કિલને અમીરુલ મોમિનીન હઝરત અલી

(અ.) સાથે એટલી બધી અદાવત હતી કે તે પોતાના દરબારમાં એવા લોકોને જગ્યા આપતો કે જેઓ આલે ફાતેમા (અ.)ના ખૂનના પ્યાસા હોય. એ લોકોમાં શાયર અબૂ જહીમ, ઉમર બિન ફર્જ, અબુલ ખત, ઈબ્ને અતરજા, અને અબુલ અબ્ર ખાસ પસંદગી પાત્ર લોકો હતા કે જેઓ કારેલાના વેલાને લીમડાના ઝાડ પર ચઢાવતા રહેતા હતા. અને મુતવક્કિલને કહેતા રહેતા હતા કે સાદાતમાંથી જ્યાં સુધી એક પણ બાકી છે ત્યાં સુધી અબ્બાસી સલ્તનત સુરક્ષિત નથી.

ટૂંકમાં, મુતવક્કિલને આનંદ પ્રમોદમાંથી જે કંઈ સમય મળતો હતો તે સમય તે ઔલાદે રસૂલ (સ.)ને નિસ્તો નાબૂદ કરવામાં ખર્ચી નાખતો હતો. હિ. સ.–૨૩૬માં એક દિવસ મદહોશીની હાલતમાં તેણે એ માશૂકાનું નામ લીધું કે જે તેને ખૂબ જ પસંદ હતી. તે માશૂકા દરબારીઓથી રજા લઈને બહાર ગઈ હતી. તેમણે મુતવક્કિલને બહેલાવવાની કોશિશ કરી અને બીજી સ્ત્રીને બોલાવી લીધી, પરંતુ મુતવક્કિલ ન માન્યો. એટલામાં તે મુગીના (ગાનારી સ્ત્રી) આવી ગઈ અને મુતવક્કિલે તેણીને પ્રશ્ન કર્યો,

"તું ક્યાં ગઈ હતી ?"

તેણીએ જવાબ આપ્યો,

"હજ કરવા માટે ગઈ હતી."

તેણે ચોંકી જઈને કહ્યું,

"માહે શાબાનમાં હજ...?"

તેણીએ આવા શબ્દોમાં સાચી વાત બતાવી દીધી,

"ઈમામ હુસૈન (અ.)ની કબરની ઝિયારત કરવા માટે ગઈ હતી."

મુતવક્કિલે કોપાયમાન થઈને તેને કેદ કરી દીધી અને તેનો બધો જ માલ સામાન જપ્ત કરી લીધો. ત્યાર પછી મુનાદી કરાવી દીધી કે જે કોઈ કરબલાની ઝિયારત કરવા જશે તેની ધરપકડ કરી લેવામાં આવશે. આ જાબિર ખલીફાએ એટલાથી સંતોષ ન માન્યો, પરંતુ એક સરદાર કાસિમ બિન એહમદને બોલવીને હુકમ કર્યો,

"કેટલાક લોકોને લઈને જાઓ અને હુસૈન (અ.)ની કબરનાં નિશાન મિટાવી દો અને જમીન પર હળ ફેરવીને સમથળ બનાવી દો."

કાસિમ માત્ર હુકમનો જ બંદો હતો. તે તરત જ કરબલા પહોંચી ગયો, પરંતુ મુસલમાનોએ આ કામ માટે તેનો હુકમ માનવાથી ઈન્કાર કરી દીધો. મજબૂર થઈને તેણે યહૂદીઓની મદદ લીધી.

કહેવાય છે કે જે જાનવરોને હળમાં જોડવામાં આવ્યાં હતાં તે થોડી દૂર સુધી તો ચાલતાં હતાં, પરંતુ કબરની પાસે જઈને રોકાઈ જતાં. સરદારે તેમના ઉપર કોરડા વરસાવ્યા તો જાનવરો કબરની તરફ જવાને બદલે બીજી બાજુ નીકળી ગયાં. આ કોશિશમાં નિષ્ફળ થયા પછી દુશ્મન મુતવક્કિલનો કર્મચારી તો વિચારતો જ રહ્યો અને નદીમાંથી પાણીની નીક બનાવડાવીને કબરની તરફ લઈ આવ્યો પરંતુ પાણી નજીક પહોંચીને થંભી ગયું અને આમતેમ ફેલાઈ જઈને વહેવા લાગ્યું.

એટલામાં તો આની ખબર આજુબાજુના ગામડાઓમાં ફેલાઈ ગઈ અને ચારેય બાજુના મુસલમાનો કરબલામાં એકઠા થઈ ગયા.

મુતવક્કિલનો હુકમ હતો કે હવે પછી

કોઈ હુસૈન (અ.)ની કબરની ઝિયારત ન કરે. અકીદતમંદોએ આ હુકમનું પાલન ન કર્યું અને મુતવક્કિલના લશ્કરના અમીરને કહ્યું કે જો તે એક પછી એક આદમીને કતલ પણ કરી દેશે તો પણ ઝિયારતનો સિલસિલો બંધ નહીં થાય. તેણે સઘળી વાત મુતવક્કિલની આગળ બયાન કરી અને સમયને ધ્યાનમાં રાખીને તે ગુસ્સાને પી ગયો. પરંતુ તેણે મનમાંને મનમાં એવો સંકલ્પ કરી લીધો કે પહેલાં તો તે આ અકીદતમંદોના જોરને ઘટાડી દેશે ત્યારે જ તે પોતાના મન્સૂબાને અમલમાં લાવી શકશે.

કેટલીક રિવાયતો પ્રમાણે આ પ્રસંગ ઈમામ અલી નકી (અ.)ના સામરા પહોંચવા પહેલાંનો છે. તેમ છતાંય ઈમામ (અ.) પોતાના ઈલ્મે લદુન્નીના પ્રતાપે એનાથી વાકેફ હતા, બલ્કે મુતવક્કિલ તેમના વિષે જે કંઈ વિચારતો હતો તે બાબત પણ આપનાથી છાની નહોતી, કેમકે આપ (અ.) પાબંદે મશિય્યત હતા અને આપ (અ.)ને અલ્લાહની મરજી મુજબ ચાલવાનું હતું.

પહેલાંના સમયના દરબારોની માફક ફુકહા (ઈસ્લામ ધર્મનું ઊંડું જ્ઞાન ધરાવનાર લોકો) મુતવક્કિલના દરબારનો શણગાર હતા, પરંતુ હવે તો ફકીહ લોકોનો એક ખાસ પ્રકાર જ તેના ફરતાં એકઠો રહેતો હતો કે જેમને તે હનફી કહેતો હતો. અને તે લોકો જ તેના દરેક કાર્યના ફતવા આપ્યા કરતા હતા. એક વખત કોઈએ મુતવક્કિલને ઝેર આપ્યું. તેણે મિન્નત માની કે જો તે બચી જશે તો માલે કસીર ખેરાત કરી દેશે. સંજોગવશાત્ તે બચી ગયો અને તેણે ઉલમાને પૂછ્યું કે માલે કસીર કેટલો હોય છે ?

કોઈએ કહ્યું એક હજાર, કોઈએ દસ હજાર, કોઈએ એક લાખ દિરહમ બતાવ્યા, તો મુતવક્કિલ દ્વિધામાં પડી ગયો કે ખરેખર માલે કસીર કેટલો હોય. હસન નામના એક દરબાને તેને પરેશાન જોઈને કહ્યું કે જો મને ઈજાઝત આપતા હો તો સહીહ જવાબ લઈને આવું. મુતવક્કિલે કહ્યું,

"જો તારો જવાબ સ્વીકારપાત્ર હશે તો તને દસ હજાર દિરહમ આપીશ નહીંતર એકસો કોરડા ફટકારીશ."

ગુલામના દિલ ઉપર ઈમામ અલી નકી (અ.) ની મહાનતાની છાપ પડેલી હતી. તેણે મુતવક્કિલની શરત મંજૂર કરી લીધી અને દોડતો દોડતો ઈમામ (અ.)ની ખિદમતમાં પહોંચી ગયો. ઈમામ (અ.)એ તેને જોતાંની સાથે જ કહી દીધું,

"માલે કસીરની તફસીર પૂછવા આવ્યો છે? જા, મુતવક્કિલને કહી દે કે માલે કસીર એંશી દિરહમ હોય છે."

તેણે મુતવક્કિલને બતાવ્યું તો મુતવક્કિલે તેની દલીલ માગી. તે પાછો આવ્યો તો ઈમામ (અ.)એ ફરમાવ્યું,

"કુરઆને મજીદમાં કહેવામાં આવ્યું છે કે રસૂલલ્લાહે તમારી મદદ મવાતિને કસીરા (જન્મભૂમિના કસીરા) ઉપર કરી છે અને તે મવાતિને કસીરા ગણતરીમાં એંશી હોય છે. તેથી અકસીરાના એંશી પર જ બોલાતા હોય છે, ભલે ને તે જ્યાં જ્યાં પણ વપરાતા હોય."

મુતવક્કિલને સંતોષ થઈ ગયો. તેણે એંશી દિરહમની ખેરાત કરી દીધી અને દસ હજાર દિરહમ દરબાનને આપી દીધા. ✻



# કુરઆન શિક્ષણ

અર્ઝ : આકાએ નામદાર પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી(મદ્દે.)

**નબીઓ અને ઇમામો વિષેની આયતો**

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

وَنَادَيْنٰهُ اَنْ يّٰۤاِبْرٰهِيْمُ ﴿۱۰۴﴾

✪ ત્યારે અમોએ તેને પોકારીને કહ્યું કે હે ઈબ્રાહીમ !

**(પારો–૨૩, સૂરએ સાફ્ફાત, આયત–૧૦૪)**

---

قَدْ صَدَّقْتَ الرُّءْيَا ۚ اِنَّا كَذٰلِكَ نَجْزِى الْمُحْسِنِيْنَ ﴿۱۰۵﴾

✪ નિ:સંશય તેં તારું સપનું સાચું કરી દેખાડ્યું, ખચીત જ નેકી કરનારાઓને અમે એવી જ રીતે ઉમદા બદલો આપ્યા કરીએ છીએ.

**(પારો–૨૩, સૂરએ સાફ્ફાત, આયત–૧૦૫)**

---

اِنَّ هٰذَا لَهُوَ الْبَلٰٓؤُا الْمُبِيْنُ ﴿۱۰۶﴾

✪ બેશક આ (મહાન અને) ખુલ્લી કસોટી હતી. **(પારો–૨૩, સૂરએ સાફ્ફાત, આયત–૧૦૬)**

---

وَفَدَيْنٰهُ بِذِبْحٍ عَظِيْمٍ ﴿۱۰۷﴾

✪ અને અમોએ એક મહાન બલિદાન (તેના બદલામાં) નક્કી કરીને તે (ઈસ્માઈલ)ને મુકિત આપી. **(પારો–૨૩, સૂરએ સાફ્ફાત, આયત–૧૦૭)**

---

وَتَرَكْنَا عَلَيْهِ فِى الْاٰخِرِيْنَ ﴿۱۰۸﴾

✪ અને તેની ભલી યાદ અમોએ પાછળ આવનારાઓમાં બાકી રાખી.

**(પારો–૨૩, સૂરએ સાફ્ફાત, આયત–૧૦૮)**

---

سَلٰمٌ عَلٰٓى اِبْرٰهِيْمَ ﴿۱۰۹﴾

✪ (સઘળી કોમોમાં) ઈબ્રાહીમ પર સલામ થાઓ. **(પારો–૨૩, સૂરએ સાફ્ફાત, આયત–૧૦૯)**

---

كَذٰلِكَ نَجْزِى الْمُحْسِنِيْنَ ﴿۱۱۰﴾

✪ નેકી કરનારાઓને અમે એવો જ બદલો આપીએ છીએ.

**(પારો–૨૩, સૂરએ સાફ્ફાત, આયત–૧૧૦)**

إِنَّهُ مِنْ عِبَادِنَا الْمُؤْمِنِينَ ﴿١١١﴾

❂ નિ:સંશય તે અમારા ઈમાનદાર બંદાઓ માંહેનો હતો.

**(પારો–૨૩, સૂરએ સાફ્ફાત, આયત–૧૧૧)**

---

فَلَوْلَا أَنَّهُ كَانَ مِنَ الْمُسَبِّحِينَ ﴿١٤٣﴾

❂ પણ જો તે કદાચને (અલ્લાહની) તસ્બીહ પઢનારાઓ માંહેનો ન હોત :

**(પારો–૨૩, સૂરએ સાફ્ફાત, આયત–૧૪૩)**

---

لَلَبِثَ فِي بَطْنِهِ إِلَىٰ يَوْمِ يُبْعَثُونَ ﴿١٤٤﴾

❂ તો જે દિવસે સઘળા (લોકોને) ઉઠાડવામાં આવશે તે દિવસ સુધી અવશ્ય માછલીના પેટમાં રહ્યો હોત.

**(પારો–૨૩, સૂરએ સાફ્ફાત, આયત–૧૪૪)**

---

فَنَبَذْنَاهُ بِالْعَرَاءِ وَهُوَ سَقِيمٌ ﴿١٤٥﴾

❂ પછી અમોએ તેને (માછલીના પેટમાંથી કાઢીને) એક ઉજ્જડ ભૂમિ પર નાખી દીધો, એવી સ્થિતિમાં કે તે માંદો (પણ થઈ ગયો) હતો.

**(પારો–૨૩, સૂરએ સાફ્ફાત, આયત–૧૪૫)**

---

وَأَنْبَتْنَا عَلَيْهِ شَجَرَةً مِنْ يَقْطِينٍ ﴿١٤٦﴾

❂ તેના ઉપર એક દૂધીનું વૃક્ષ ઊગાડી દીધું.

**(પારો–૨૩, સૂરએ સાફ્ફાત, આયત–૧૪૬)**

---

وَأَرْسَلْنَاهُ إِلَىٰ مِائَةِ أَلْفٍ أَوْ يَزِيدُونَ ﴿١٤٧﴾

❂ અને તે બાદ તેને એક લાખ અથવા તેથી પણ વધારે (લોકોવાળી વસ્તી) તરફ રસૂલ બનાવીને મોકલ્યો.

**(પારો–૨૩, સૂરએ સાફ્ફાત, આયત–૧૪૭)**

---

فَآمَنُوا فَمَتَّعْنَاهُمْ إِلَىٰ حِينٍ ﴿١٤٨﴾

❂ અને તે લોકો ઈમાન લઈ આવ્યા અને અમોએ તેમને એક નક્કી કરેલા સમય સુધી સુખ ભોગવવા દીધું.

**(પારો–૨૩, સૂરએ સાફ્ફાત, આયત–૧૪૮)**

**જાફરી આવાઝનું કુરિઅર સરનામું** મશાયખ કમ્પ્યૂટર, જાફરી આવાઝ (માસિક), આરઝૂ કોમ્પલેક્ષ, બીજે માળે, એલ. આઈ.સી. ઓફિસની બાજુમાં, ન્યાય મંદિર, હિંમતનગર. મો.૯૯૨૫૭૩૦૧૦૭



# અહાદીસ

અનુવાદક : જનાબ સૈયદ ઓવેસઅેહમદ ઝેડ. જાફરી

કિતાબ : ઈર્શાદાતે રસૂલ (સ.)

## ૨૭ હજ વિષે

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

...وَلِلّٰهِ عَلَى النَّاسِ حِجُّ الْبَيْتِ مَنِ اسْتَطَاعَ اِلَيْهِ سَبِيْلًا ۭ وَمَنْ كَفَرَ فَاِنَّ اللّٰهَ غَنِيٌّ عَنِ الْعٰلَمِيْنَ ﴿٩٧﴾

*(...અને લોકો ઉપર વાજિબ છે કે ફકત અલ્લાહ ખાતર ખાના-એ-કા'બાની હજ કરે કે જે લોકો પાસે ત્યાં પહોંચવાની શકિત હોય અને શકિત હોવા છતાં જેણે હજ ન કરી તો (તે યાદ રાખે કે) અલ્લાહ આખી દુનિયાથી બેપરવા છે.)*

(સૂરએ આલે ઈમરાન, આયત-૯૭)

(૪૧૪) હજનો સવાબ જન્નત છે અને ઉમરા દરેક ગુનાનો કફ્ફારો છે.

(વાફી, જિલ્દ-૨, બાબ ફઝલુલ હજ વ ઉમરા)

(૪૧૫) એક કબૂલ થયેલી હજ વીસ નવાફિલ નમાઝોથી અફઝલ છે. જે કા'બાની ફરતાં તવાફ કરે તેણે સાત વખત તવાફ કરવા જોઈએ અને સારી રીતે બે રકાત નમાઝ અદા કરવી જોઈએ કે જેથી અલ્લાહ તેની મગ્ફેરત કરશે. (ઉસૂલે કાફી, જિલ્દ-૩, બાબ દઆએમ અલ ઈસ્લામ, હદીસ-૫)

(૪૧૬) જે માણસ હજ (વાજિબ થઈ ગયા પછી પણ તે)ને ટાળતો રહે ત્યાં સુધી કે તે મૃત્યુ પામે, તો અલ્લાહ તેને યહૂદી અથવા નસરાની તરીકે ઉઠાડશે.

(બિહારુલ અન્વાર, જિલ્દ-૭૭, સફા-૫૮)

(૪૧૭) શકિત હોવા છતાં હજનો ત્યાગ કરે તે કાફિર છે. અલ્લાહે ફરમાવ્યું કે શકિત ધરાવનાર ઉપર અલ્લાહનો હક છે કે તે તેના ઘરની ઝિયારત કરે અને જો લોકો તેવું નહીં કરે તો અલ્લાહ બેપરવા છે.

(બિહારુલ અન્વાર, જિલ્દ-૭૭, સફા-૫૮)

(૪૧૮) હાજીઓના ત્રણ પ્રકાર છે : સૌથી અફઝલ એ હાજી છે કે જેના ભૂતકાળના અને હાલના તમામ ગુનાઓ માફ કરવામાં આવ્યા હોય અને અલ્લાહે તેને જહન્નમની આગથી રક્ષણ આપ્યું હોય, અને તેના પછી તે હાજી છે કે જેના ભૂતકાળના ગુનાઓ માફ થઈ ગયા હોય અને પોતાના બાકીના જીવન માટે નવેસરથી શરૂઆત કરે, અને તેના પછીના પ્રકારનો હાજી એ છે કે જેને ફકત દુન્યવી ફાયદો થાય.

(ખિસાલ સદૂક, બાબુસ્સલાસા, હદીસ-૧૫૯)

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ
کُتِبَ عَلَیۡکُمُ الۡقِتَالُ وَ ھُوَ کُرۡہٌ لَّکُمۡ ۚ وَ عَسٰۤی اَنۡ تَکۡرَھُوۡا شَیۡئًا وَّ ھُوَ خَیۡرٌ لَّکُمۡ ۚ ... ﴿۲۱۶﴾

*(હે મુસલમાનો ! તમારા પર જિહાદ ફરજિયાત કરવામાં આવી છે જો કે તે તમારા માટે કઠીન હોય અને અજબ નથી કે તમે કોઈ વસ્તુને (જિહાદ) નાપસંદ કરો, પરંતુ હકીકતમાં તે તમારા માટે લાભકારી હોય...)*

(સૂરએ બકરા, આયત-૨૧૬)

(૪૧૯) લોકો ! બેશક, જિહાદ જન્નતની કિંમત છે. (ઈસ્નાઅશરીયા, સફા-૭)

(૪૨૦) દરેક નેકીથી વધી જાય એવી બીજી કોઈ નેકી હોય છે, પરંતુ જ્યારે કોઈ બંદો અલ્લાહની રાહમાં માર્યો જાય છે તો તેનાથી વધીને કોઈ બીજી નેકી નથી.

(ખિસાલ સદૂક, બાબુલ વાહેદ, હદીસ-૨૬)

(૪૨૧) જન્નતમાં એક દરવાજો છે કે જેને મુજાહિદોનો દરવાજો કહેવામાં આવે છે. જ્યારે આ દરવાજો ખુલી જશે તો મુજાહિદો તલવારો પોતના ગળામાં ભરાવીને સાથે તે દરવાજાથી દાખલ થશે જ્યારે બાકીના લોકો હિસાબકિતાબ આપતા હશે અને ફરિશ્તા મુજાહિદોનું સ્વાગત કરશે. જે લોકો જિહાદનો ત્યાગ કરશે અલ્લાહ તેને અપમાનિત કરશે અને તેમને મોહતાજ કરશે અને ગુમરાહીમાં ધકેલશે કારણ કે અલ્લાહે મારી ઉમ્મતને નેઝાઓની અણીઓથી અને ઘોડાની ખરીઓના અવાજથી વિજયી બનાવ્યા છે.

(અમાલી અલ-સદૂક, મજલિસ-૮૫, હદીસ-૮)

(૪૨૨) તલવાર અને તલવારના છાંયામાં ભલાઈ છે. લોકો તલવારની મદદથી જ અસ્તિત્વ જાળવી શકે છે અને તલવારમાં જ જન્નત અને જહન્નમની ચાવીઓ છે.

(સફીનતુલ બહાર, જિલ્દ-૧, સફા-૧૯૫)

(૪૨૩) મુજાહિદોના ઘોડાઓ જ જન્નતના ઘોડાઓ હશે. (રૌઝતુલ વાએઝીન, સફા-૩૪૨)

(૪૨૪) જે બંદો કોઈ મુજાહિદનો પત્ર પહોંચાડે તો તેણે એક ગુલામ આઝાદ કર્યો હોય તેટલો સવાબ તેને મળશે અને તેની જિહાદના સવાબમાં પણ તે ભાગીદાર બનશે.

(અમાલી સદૂક, મજલિસ-૮૫, હદીસ-૯)

(૪૨૫) જિહાદ કરો કે જેથી તમારી ઓલાદને બુઝુર્ગી અને સારો વારસો આપી શકો.

(ઈસ્નાઅશરીયા, સફા-૧૪)

(૪૨૬) અલ્લાહને તે લોહીનું ટીપું ઘણું પ્રિય છે કે જે તેની રાહમાં ઘાયલ થવાથી વહ્યું હોય.

(વાફી, જિલ્દ-૨, બાબ ફઝલુશ્શહાદત, સફા-૯)

**આ અંકમાં મો.એહમદઅબ્બાસ બાલવા (નૂર આર્ટ–સેદ્રાણા) એ બનાવેલ ડિઝાઈનનો ઉપયોગ કરવામાં આવેલ છે.**

# ઝિયારતે વારેસાની તફસીર

(ગતાંકનુ ચાલુ)

5 اَلسَّلَامُ عَلَيْكَ يَا وَارِثَ عِيْسٰى رُوْحِ اللّٰهِ۔

*(સલામો થાય તમારા ઉપર અય અલ્લાહની રૂહ હઝરત ઈસા (અ.)ના વારિસ !)*

હઝરત ઈસા (અ.)ની બાબતમાં અલ્લાહ તઆલા કુરઆને મજીદમાં ફરમાવે છે :

...اِنَّمَا الْمَسِيْحُ عِيْسَى ابْنُ مَرْيَمَ رَسُوْلُ اللّٰهِ وَ كَلِمَتُهٗ ۚ اَلْقٰهَآ اِلٰى مَرْيَمَ وَ رُوْحٌ مِّنْهُ ... ﴿١٧١﴾

(સૂરએ નિસા, આયત–૧૭૧)

*(...મરયમના પુત્ર ઈસા મસીહ અલ્લાહના એક માત્ર પયગમ્બર છે, અને તેના કલામ, કે જેનાથી તેણે મરયમ સાથે વાતચીત કરી અને તેની રૂહ સાથે...)*

કુરઆનની ઉપરોકત આયતમાં 'રૂહ' શું છે ?

રાવીએ આ પ્રશ્ન ઈમામ જાફર સાદિક (અ.) ને પૂછ્યો તો ઈમામ (અ.)એ તેને ફરમાવ્યું,

''(હઝરત ઈસા (અ.)ની) રૂહ અલ્લાહનું સર્જન છે કે જેને તેણે હઝરત આદમ (અ.)ની અને હઝરત ઈસા (અ.)ની અંદર પેદા કરી.''

(તફસીરે નૂરુસ્સકલૈન, જિલ્દ–૧, પેજ–૫૭૭)

એનો અર્થ એ થાય છે કે અલ્લાહ તઆલાએ બે જુદી જુદી રૂહો પોતાના બે પયગમ્બરો માટે પસંદ કરી છે અને તેનો ગર્ભિત અર્થ એ થાય છે કે હઝરત ઈસા (અ.)નું સર્જન હઝરત આદમ (અ.)ના સર્જનને મળતું આવે છે. જેવી રીતે હઝરત આદમ (અ.)ની બાબતમાં અલ્લાહ તઆલાએ કહ્યું કે, 'થા અને થઈ ગયું', બરાબર એવી જ પધ્ધતિ તેણે હઝરત ઈસા (અ.)ની પેદાઈશની બાબતમાં પણ ઈખ્તિયાર કરી. તફાવત માત્ર એ જ હતો કે હઝરત આદમ (અ.)ની બાબતમાં પિતા અથવા તો મા કોઈ ન હતું જ્યારે હઝરત ઈસા (અ.)ની બાબતમાં તેઓ માત્ર પિતા વગરના હતા. અલ્લાહ તઆલાએ જનાબે મરયમના રહમમાં રૂહ મૂકી દીધી. જેવી રીતે હઝરત ઈસા (અ.)નો સમાવેશ પસંદ થયેલી રૂહોમાં થાય છે, બસ એવી જ રીતે ઈમામ હુસૈન (અ.) અને કરબલાના તેમના શહીદોની ગણતરી ગણનાપાત્ર રૂહોમાં થાય છે.

'અય અબા અબ્દિલ્લાહ ! તમારા ઉપર અને એ રૂહો ઉપર સલામો થાય કે જેમણે તમારા ઉપર પોતાના જીવ કુરબાન કરી દીધા.'

તદુપરાંત, ઈમામ હુસૈન (અ.) વારિસ છે ઈસા (અ.)નાં એ બધાં લક્ષણોના કે જે ઈસા (અ.) ધરાવતા હતા.

ચાલો આપણે કેટલીક એવી સિફતો ઉપર દ્રષ્ટિપાત કરીએ કે જેમના ઉપર કુરઆને રોશની ફેંકી છે :

(૧) મસીહા (સૂરએ આલે ઈમરાન, આયત–૫૪)
(૨) અલ્લાહની રૂહ (સૂરએ નિસા, આયત–૧૭૧)
(૩) ઈમામ (સૂરએ અહ્ઝાબ, આયત–૭)
(૪) લોકોનાં કાર્યોના ગવાહ (સૂરએ નિસા, આયત–૧૫૯)
(૫) આલોક અને પરલોકમાં ચહેરો (સૂરએ આલે ઈમરાન, આયત–૪૫)
(૬) સાનિધ્યવાળાઓ (સૂરએ આલે ઈમરાન, આયત–૪૫)

(૭) ચૂંટી કાઢેલા (સૂરએ આલે ઈમરાન, આયત–૩૩)
(૮) પસંદ કરેલા (સૂરએ અન્આમ, આયત–૮૫)
(૯) ગુણવાન (સૂરએ અન્આમ, આયત–૮૭)
(૧૦) જ્યાં જાય ત્યાં રહેમતનો સ્ત્રોત
(૧૧) પાક લોકો માટેની નિશાની
(૧૨) ઈલાહી રહેમત
(૧૩) પોતાની મા સાથે વિશુધ્ધ વર્તન
(૧૪) અન્ય લોકો તેમને સમર્પિત થતા
(૧૫) કિતાબનું, હિકમતનું ઈલ્મ શિખવવામાં આવ્યું હતું. (સૂરએ આલે ઈમરાન, આયત–૪૮)

ઈમામ હુસૈન (અ.) ઈસા (અ.)ની આ બધી જ સિફતોના વારસદાર હતા.

6 اَلسَّلَامُ عَلَيْكَ يَاوَارِثَ مُحَمَّدٍ حَبِيْبِ اللّٰهِ۔

*(સલામો થાય તમારા ઉપર અય અલ્લાહના હબીબ (ચહીતા) હઝરત મોહંમદ મુસ્તફા (સ.)ના વારિસ !)*

પયગમ્બરે પાક (સ.)નું અલ્લાહના 'હબીબ' હોવાનું સ્થાન હઝરત ઈબ્રાહીમ (અ.)ના અલ્લાહના 'ખલીલ' હોવાના દરજ્જા કરતાં ચઢિયાતું છે. પયગમ્બરે પાક (સ.) પોતે જ એક હદીસમાં આ બાબતે રોશની ફેંકે છે :

اِنْ كَانَ اِبْرَاهِيْمُ خَلِيْلَهٗ فَاَنَا مُحَمَّدٌ حَبِيْبُهٗ

*(જો ઈબ્રાહીમ (અ.) અલ્લાહના ખલીલ હતા તો પછી હું મોહંમદ તેનો હબીબ છું.)*

(અલ એહતેજાત, શેખ તબરસી, જિલ્દ–૧, પેજ–૧૧૦)

બીજા શબ્દોમાં કહીએ તો અલ્લાહ તઆલાએ પયગમ્બરે પાક (સ.) કરતાં વધારે પ્રિય બીજી કોઈ વ્યકિતને પેદા કરેલ નથી, નહીંતર આપનો અલ્લાહના સૌથી વધારે પ્રિયપાત્ર તરીકેનો ઉલ્લેખ કરવામાં આવત નહીં. આ દરજ્જો અને મર્તબો ઈમામ હુસૈન (અ.) સુધી આગળ વધે છે કેમકે તેઓ પયગમ્બરે પાક (સ.)ના વારિસ છે. જો આવું ન હોત તો પયગમ્બરે પાક (સ.)એ આવું કદી પણ જાહેર કર્યું ન હોત કે, "હુસૈન મારાથી છે અને હું હુસૈનથી છું."

(ઓયુનુલ અખ્બાર અર્રિઝા (અ.), શેખ સદૂક, જિલ્દ–૧, પેજ–૨૯૨)

7 اَلسَّلَامُ عَلَيْكَ يَاوَارِثَ اَمِيْرِ الْمُؤْمِنِيْنَ عَلَيْهِ السَّلَامُ۔

*(સલામો થાય તમારા ઉપર અય મોમિનોના સરદાર (હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.)) ના વારિસ !)*

'અમીરુલ મોમિનીન'નો લકબ ખાસ કરીને અલી ઈબ્ને અબી તાલિબ (અ.) માટે જ રાખવામાં આવેલો છે. આ લકબ બીજા કોઈ માટે વાપરવો જોઈએ નહીં, માઅસૂમ ઈમામો માટે પણ નહીં. રાવીએ ઈમામ જાફર સાદિક (અ.)ને પૂછ્યું, શું હું આપને અમીરુલ મોમિનીનના લકબથી સંબોધન કરું ? તો ઈમામ (અ.)એ એવું કહીને ઈન્કાર કર્યો કે આ લકબ ખાસ અલી ઈબ્ને અબી તાલિબ (અ.) માટે જ છે. બીજા કોઈને પણ આવું સંબોધન કરાવવાનો અધિકાર નથી.

ઈમામ હુસૈન (અ.), હઝરત અલી (અ.) ના જેવા સદ્ગુણો ધરાવતા હતા. તેઓ બધા જ સદ્ગુણોના વારિસ હતા, જેવા કે શુજાઅત, સખાવત, સબ્ર, વાકછટા, સહનશીલતા અને ઈલ્મ. તો પછી તેમણે 'અમીરુલ મોમિનીન' લકબનો વારસો કેમ ન મેળવ્યો ? કદાચ અલી (અ.) જ ઈમામ હુસૈન (અ.)ને આ રીતે જવાબ આપશે કે તમે એવા છો કે તમને આ રીતે સંબોધન થયેલું છે : 'અય નફસે

મુત્મઈન્ના (સંતોષી જીવ) ! તારા પરવરદિગાર તરફ પાછો આવી જા.' 'અમીરુલ મોમિનીન'નો લકબ મને પયગમ્બરે પાક તરફથી એનાયત થયો હતો કે જે મારા કરતાં ચઢિયાતા હતા. આપ (અ.)એ આ લકબ ખાસ મારા માટે પસંદ કર્યો હતો અને તેમાં કોઈને પણ મારો ભાગીદાર બનાવ્યો નથી.

એ બધી સલામો કે જેમાં ઈમામ હુસૈન (અ.)ને ભૂતકાળના નબીઓના અને અમીરુલ મોમિનીનના વારિસ તરીકે જાહેર કરેલ છે તેનો અહીં અંત આવે છે. હવેથી સંબોધનની પધ્ધતિમાં ફેરફાર થાય છે.

(8) اَلسَّلَامُ عَلَيْكَ يَا بْنَ مُحَمَّدٍ الْمُصْطَفٰى۔

*(સલામો થાય તમારા ઉપર અય મોહંમદ મુસ્તફા (સ.)ના ફરઝંદ !)*

સંખ્યાબંધ હદીસો એ હકીકતને પ્રસ્થાપિત કરે છે કે ઈમામ હુસૈન (અ.) ખરેખર પયગમ્બરે પાક (સ.)ના ફરઝંદ હતા. મુબાહેલાની આયત (સૂરએ આલે ઈમરાન, આયત–૬૧) અને રસૂલ (સ.) ની હદીસ : 'હસન (અ.) અને હુસૈન (અ.) મારા ફરઝંદો છે' આ બાબતના પુરાવા માટે પર્યાપ્ત છે.

(9) اَلسَّلَامُ عَلَيْكَ يَا بْنَ عَلِيٍّ الْمُرْتَضٰى۔

*(સલામો થાય તમારા ઉપર અય અલી મુર્તઝા (અ.)ના ફરઝંદ !)*

(10) اَلسَّلَامُ عَلَيْكَ يَا بْنَ فَاطِمَةَ الزَّهْرَآءِ۔

*(સલામો થાય તમારા ઉપર અય ફાતેમા ઝહરા (અ.)ના ફરઝંદ !)*

એ વાત સાચી છે કે આમ તો જનાબે ફાતેમા ઝહરા (અ.) પોતાની બધી જ ઓલાદ સાથે સંકળાયેલાં છે તેમ છતાં આપ ઈમામ હુસૈન (અ.) પ્રત્યે અપવાદરૂપ રીતે વધારે સ્નેહ ધરાવતાં હતાં. કદાચ આ બાબત એ હકીકત સાથે સંબંધ ધરાવતી હોય કે આપને ઈમામ હુસૈન (અ.) મઝલૂમ અને નિરાધાર હાલતમાં શહીદ થવાના છે તેની અગાઉથી માહિતી આપવામાં આવી હતી. આવા દર્દનાક સમાચાર સાંભળીને આપના દિલને દિલાસો થતો જ નહોતો અને આપ નિરંકુશપણે રડતાં હતાં. એ તો માતાનો માનવસહજ સ્વભાવ હોય છે કે જે બાળક આફતોમાં અને યાતનાઓમાં ઘેરાવાનું હોય તેના પ્રત્યે માને વધારે ઉલ્ફત અને હમદર્દી હોય. એ પણ શકય છે કે જ્યારે જ્યારે જનાબે ફાતેમા ઝહરા (અ.) પોતાના આ ફરઝંદ તરફ નજર કરતાં ત્યારે ત્યારે તેમની આંખોની સામે કરબલાનું મંઝર દેખાતું હોય કે તેમના ફરઝંદને કેવી કેવી પરિસ્થિતિઓમાંથી પસાર થવાનું છે.

(11) اَلسَّلَامُ عَلَيْكَ يَا بْنَ خَدِيْجَةَ الْكُبْرٰى۔

*(સલામો થાય તમારા ઉપર અય ખદીજતુલ કુબ્રા (અ.)ના ફરઝંદ !)*

(12) اَلسَّلَامُ عَلَيْكَ يَا ثَارَ اللّٰهِ وَابْنَ ثَارِهٖ وَالْوِتْرَ الْمَوْتُوْرَ۔

*(સલામો થાય તમારા ઉપર અય અલ્લાહના ઈન્તેકામ અને તેમના ફરઝંદ ! અય એ કે જેને નિરાધાર કરવામાં આવેલ !)*

ثَار એટલે ઈન્તેકામ. ثَارَ اللّٰهِનો અર્થ થાય છે અલ્લાહનો ઈન્તેકામ, બદલો. અહીં જે વિધાન છે તેનો અર્થ અહીં એ થાય છે કે ઈમામ હુસૈન (અ.) એ અલ્લાહની રાહમાં કુરબાન થઈને સર્વસ્વ લૂંટાવી દીધું અને અલ્લાહ તઆલા આ કુરબાનીથી એટલો બધો ખુશ થઈ ગયો કે તેણે ઈમામ હુસૈન (અ.) ના ઈન્તેકામને પોતાની સાથે સંબંધિત બતાવ્યો. તેથી એ કે જેણે ઈમામ હુસૈન (અ.)ની સામે યુધ્ધ

કર્યું તેણે વાસ્તવમાં અલ્લાહની સામે યુધ્ધ કર્યું. સર્વશક્તિમાન અલ્લાહ ઈમામ હુસૈન (અ.)ના કાતિલો સાથે એવી રીતે કામ લેશે કે જેનો માનવ ઈતિહાસમાં, પરંતુ મખ્લૂકના ઈતિહાસમાં કોઈ જોટો નહીં હોય.

આ વિધાન પછી આપણે પઢીએ છીએ : وَابْنَ ثَارِهِ અને તેમનો ફરઝંદ એટલે કે ઈમામ હુસૈન (અ.) અલ્લાહના તરફથી ઈન્તેકામ લેનારના ફરઝંદ છે. આ બાબત અમીરુલ મોમિનીન (અ.) નો સંદર્ભ આપે છે. તેનો અર્થ એ થાય છે કે અલી ઈબ્ને અબી તાલિબ (અ.) અલ્લાહના માર્ગમાં તેમની કુરબાનીની રૂએ અલ્લાહનો ઈન્તેકામ છે. ખરેખર આ એક અદેખાઈ ઉપજે તેવો અને બુલંદ, આ વંશવેલાનો સદ્‌ગુણ છે કે આવા પિતા અને પુત્ર બન્નેનો ઉલ્લેખ કયાંય પણ જોવા મળતો નથી અને આવા દરજ્જાના કોઈ દાવેદારો પણ જોવા મળતા નથી.

**وَالْوِتْرِ**

وِتْر (વિત્ર)ના એક અર્થ મુજબ તે એવી વ્યક્તિનો સંદર્ભ આપે છે કે જેનો જીવ, માલમિલકત, ધનસંપત્તિ અને પરિવારને લૂંટવાને પાત્ર બનાવવામાં આવેલ હોય અને તેને એકલો અટુલો છોડી દેવામાં આવેલ હોય. اَلْمَوْتُوْر (અલ મૌતૂર) શબ્દ وِتْر (વિત્ર) ઉપરથી ઉતરી આવેલો છે અને બન્ને એક જ બાબત સૂચવે છે.

ઈમામ હુસૈન (અ.) એવી મઝલૂમીનો ભોગ બન્યા હતા કે જેમણે પોતાની ધનદોલત, ઘરબાર, પરિવારજનો, સગાસંબંધીઓ, વગેરેને ગુમાવી દીધા હતા. આપ (અ.) જાલિમોની વચ્ચે એકલા અટુલા ઊભેલા હતા અને ૧૦મી મોહર્રમના દિવસે જેવો સૂરજ ઢળવા લાગ્યો તો કરબલાના રણમાં એક અવાજ ગુંજી ઉઠ્યો :

قُتِلَ الْحُسَيْنُ بِكَرْبِلَاء

*(હુસૈન કરબલામાં શહીદ થયા.)*

(13) اَشْهَدُ اَنَّكَ قَدْ اَقَمْتَ الصَّلٰوةَ وَاٰتَيْتَ الزَّكٰوةَ، وَاَمَرْتَ بِالْمَعْرُوْفِ وَنَهَيْتَ عَنِ الْمُنْكَرِ، وَاَطَعْتَ اللّٰهَ وَرَسُوْلَهٗ حَتّٰى اَتَاكَ الْيَقِيْنُ،

*(હું ગવાહી આપું છું કે આપે નમાઝને કાયમ કરી, ઝકાત અદા કરી આપે નેકીનો હુકમ આપ્યો અને બૂરાઈથી રોકયા અને અલ્લાહ તેમજ તેના રસૂલ (સ.)ની ફરમાબરદારી કરી તે સમય સુધી કે આપ શહાદત પામ્યા.)*

اَشْهَدُ આ શબ્દ شَهِدَ ઉપરથી ઉતરી આવ્યો છે કે જેનો અર્થ થાય છે સાબિતી આપવા માટે ગવાહી આપવી. ઈસ્લામમાં ગવાહી આપવી તે એવો વિષય છે કે જે ખૂબ મહત્ત્વ ધરાવે છે. ચાલો આપણે આ મુદ્દા ઉપર ઐતિહાસિક અભિપ્રાય મેળવીએ જેથી તેના રહસ્યનું રસદર્શન કરી શકીએ.

**(૧) ગવાહી આપવા તરફ રસ પેદા કરવો :**

કુરઆને પાક અને માઅસૂમીન (અ.) ની હદીસોએ વારંવાર મુસલમાનોને સત્ય અને ઈન્સાફની તરફેણમાં ગવાહી આપવાની પ્રેરણા આપી છે. આ સાબિતી ઈમાનદારીપૂર્વકની, અલ્લાહના માર્ગમાં અને કોઈ લાલચ વગરની જ હોવી જોઈએ. સર્વશક્તિમાન અલ્લાહ આવો હુકમ ફરમાવે છે :

...وَاَقِيْمُوا الشَّهَادَةَ لِلّٰهِ ... ﴿٢﴾

(સૂરએ તલાક, આયત–૨)

(વધુ આવતા અંકે)

Superman In Islam

સુપરમેન ઈન ઈસ્લામ

# હઝરત ઈમામ જાફર સાદિક (અ.)

::::: અનુવાદક :::::

હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ (મદ્દે.)

## વૃધ્ધાવસ્થાનો સવાલ

જાબિરે પૂછ્યું, માણસ ઘરડો થઈ ગયા પછી ખરાબ સ્વભાવવાળો શા માટે થઈ જાય છે? ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું, દરેક વૃધ્ધ માણસ ખરાબ સ્વભાવવાળો થઈ જાય છે એ કોઈ નિયમ નથી. કેટલાક લોકો એવા પણ હોય છે કે જે યુવાનીમાં ખરાબ સ્વભાવવાળા હોય છે, પરંતુ તેમની યુવાનીની સ્ફૂર્તિ અને તાજગી એમના ખરાબ સ્વભાવને બીજા લોકો સામે જાહેર થવા દેતી નથી. આ જ લોકો વૃધ્ધાવસ્થાએ પહોંચે છે ત્યારે ખરાબ સ્વભાવવાળા દેખાવા લાગે છે અને તેનું કારણ એ છે કે હવે તેમની પાસે યુવાનીની સ્ફૂર્તિ અને તાજગી રહી નથી, માટે તેમનો ખરાબ સ્વભાવ જાહેર થઈ જાય છે. પરંતુ જે પુરુષ કે સ્ત્રી યુવાનીમાં બુધ્ધિમાન, જાણકાર અને પરહેઝગાર હોય છે તો વૃધ્ધાવસ્થામાં એ પુરુષ કે સ્ત્રી બુધ્ધિમાન, જાણકાર અને પરહેઝગાર જ રહે છે. તેનો અર્થ એ કે શારીરિક શક્તિની દૃષ્ટિએ યુવાની વૃધ્ધાવસ્થા કરતાં જુદી છે.

યુવાનીની સરખામણીમાં આલિમો વૃધ્ધાવસ્થામાં વધારે બુધ્ધિમાન, જાણકાર અને પરહેઝગાર દેખાય છે કારણ કે જે ઈલ્મ તે યુવાનીમાં પ્રાપ્ત કરે છે તે ઓછું હોય છે અને જેમ જેમ તેમની ઉંમર વધતી જાય છે તેમ તેમ તે ઈલ્મમાં વધારો થતો જાય છે અને તેમની બુધ્ધિ વધુ શક્તિશાળી બનતી જાય છે. તેઓ નિઃસ્વાર્થ થઈને ઈન્સાફ ઉપર ચાલે છે અને તેઓ જાણતા હોય છે કે તેમણે હંમેશાં હકીકતની હિમાયત કરવાની છે.

જાબિરે કહ્યું, મેં સાંભળ્યું છે કે વૃધ્ધાવસ્થાના કારણે ભૂલકણાપણું પેદા થાય છે. શું આવું કોઈ સાર્વત્રિક નિયમ હેઠળ થાય છે ? ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું, ના, અય જાબિર ! જે વસ્તુ ભૂલકણાપણું પેદા કરે છે તે યાદશક્તિનો ઉપયોગ ન કરવો તે છે. યાદશક્તિને બીજી માનવીય શક્તિઓની જેમ ઉપયોગમાં લાવતા રહેવું જોઈએ જેથી તે ઘટી ન જાય.

જો કોઈ યુવાન પોતાની યાદશક્તિને ઉપયોગમાં ન લાવે તો તે પણ ભૂલકણાપણામાં સપડાઈ જશે, પરંતુ કેટલાક મોટી ઉંમરના લોકો એટલા માટે ભૂલકણા થઈ જાય છે કે શારીરિક શક્તિ ઘટી જવાના કારણે તેમનું ધ્યાન તેમના માહોલ તરફ ઓછું રહે છે એટલે સુધી કે તેમનું ધ્યાન તેમના પૌત્ર અને પૌત્રીઓ, વગેરે તરફ પણ ઓછું થઈ જાય છે અને જ્યારે તેમના પૌત્ર-પૌત્રીઓ મોટા જઈ જાય છે તો તેમને ઓળખી પણ શકતા નથી. શારીરિક શક્તિ જેટલી ઓછી થશે તેટલું તેમનું ધ્યાન તેમના માહોલ તરફ ઓછું રહેશે. બીજું એ કે તે ઘરની બહાર નીકળવાનું બંધ કરી દે છે અને મુસાફરી નથી કરતા એટલે સુધી કે મહત્વના અને આકસ્મિક પ્રસંગો તરફ પણ તેમનું

ધ્યાન જતું નથી. એટલા માટે તેમની યાદશક્તિનો ઉપયોગ ઘટી જાય છે અને તે લોકો સ્થગિતતાનો શિકાર થઈ જાય છે અને આ સ્થગિતતા એ વાતનું કારણ બને છે કે તેમની યાદશક્તિમાં જરાય પણ વધારો થતો નથી અને એમની યાદશક્તિના ખજાનામાંથી બધો અથવા તો થોડોક ભાગ ભૂલકણાપણાની અસર હેઠળ આવી જાય છે જેના પરિણામ સ્વરૂપ મોટી ઉંમરના પુરુષો અને સ્ત્રીઓ પોતાના સમયમાં જે કંઈ ઘટનાઓ ઘટે છે તેના વિષે કંઈ જાણતાં નથી અને તદ્ઉપરાંત જે કંઈ તેઓ જાણી લે છે અને તેમની યાદશક્તિમાં ચાલ્યું જાય છે તેને પણ ભૂલાવી દે છે.

લોકો જ્યારે એક અથવા બે અથવા ત્રણ મોટી ઉંમરના માણસોને જુએ છે કે તેઓ પોતાની યાદશક્તિ ખોઈ બેઠા છે તો વિચારી લે છે કે બધા જ મોટી ઉંમરના માણસોને આવું જ થવાનું છે અને કહેવા લાગે છે કે જે કોઈ ઘરડો થઈ જાય તે ભૂલકણો થઈ જશે, પરંતુ એવા વૃધ્ધ માણસો કે જેઓ શારીરિક કમજોરીના કારણે પોતાની યાદશક્તિને સ્થગિતતામાં સપડાવા દેતા નથી તેમની યાદશક્તિ વૃધ્ધાવસ્થામાં તેમની યુવાની કરતાં વધારે શક્તિશાળી થઈ જાય છે કારણ કે તેમની યાદશક્તિને તેઓ સમગ્ર જીવન દરમિયાન ઉપયોગમાં લેતા રહે છે અને પોતાના આયુષ્યના છેલ્લા વર્ષોમાં તેમની યાદશક્તિ ચરમસીમાએ હોય છે.

જાબિરે કહ્યું, મેં થોડા સમય પહેલાં એક એવા માણસ સાથે વાતચીત કરી કે જે પોતાને જાણકાર માનતો હતો. તે કહી રહ્યો હતો કે આદમની બધી ઓલાદ તેમના દાદાના કૃત્યનું પરિણામ ભોગવે છે. મેં તેને પૂછ્યું કે તારી પાસે આ વાતની દલીલ શું છે કે આદમની ઓલાદ તેમના દાદાના કૃત્યનું પરિણામ ભોગવે છે ? તો તેણે કહ્યું કે અલ્લાહ તઆલા માટે ભૂતકાળ અને ભવિષ્યકાળ એક જ છે અને જે કંઈ છે તે તેના માટે વર્તમાનકાળ છે એટલે અલ્લાહ તઆલાની દૃષ્ટિમાં આજે પણ એ જ જમાનો છે કે જ્યારે તેણે આદમને પેદા કર્યા હતા એટલે આદમની ઓલાદને એટલે કે આપણને તે આદમ અને હવ્વાના ગુનાહની સજા આપી રહ્યો છે.

ઈમામ જાફર સાદિક(અ.)એ જવાબ આપ્યો, તે માણસે આ વાત ઉપર ધ્યાન આપ્યું નથી કે અલ્લાહ તઆલા માટે જમાનાના અસ્તિત્વનો કોઈ અર્થ જ નથી. અલ્લાહ જમાનાનો ભાગ ન હોઈ શકે. જમાનાનો ભાગ હોવું મખ્લૂકની વિશેષતા છે, ખાલિકની નથી. જો એ માણસ મુસલમાન હોત તો હું તેને કહેત કે અલ્લાહ તઆલાએ પોતાના હુકમમાં ખૂબ જ સ્પષ્ટતાપૂર્વક ફરમાવી દીધું છે કે નેક લોકોને જન્નતમાં લઈ જશે અને ગુનેગારોને દોઝખમાં જગ્યા આપશે, પરંતુ એટલા માટે કે તે માણસ મુસલમાન નથી જો હોત તો આવી વાત તમારાથી ન કરત, માટે તેનો જવાબ ફિલોસૉફીના આધારે આપવો જોઈએ.

આ માણસ એક રીતે સાચું સમજ્યો છે અને તે એ કે અલ્લાહ તઆલા માટે ભૂતકાળ અને ભવિષ્યકાળની બન્ને બાજુ નથી, પરંતુ તેનો અર્થ એ નથી કે તેના માટે ભૂતકાળ અને ભવિષ્યકાળનું અસ્તિત્વ જ નથી એટલે કે તે ભૂતકાળ અને ભવિષ્યકાળની ગણતરી નથી કરી શકતો. ભૂતકાળ અને ભવિષ્યકાળનો ભાગ ન હોવામાં અને ભૂતકાળ અને ભવિષ્યકાળને ન સમજવામાં ફેર છે.

આ વિષયને વધારે સારી રીતે સમજાવવા માટે હું દાખલો આપી રહ્યો છું કે જો તમે જમીન

ઉપર હળ ચલાવો છો અને જમીનમાં ઘઉં ઉગાડો છો તો તમને ખબર હોય છે કે આ ઘઉંનું ભવિષ્ય શું છે, પરંતુ તમે પોતે તે ઘઉંની પેદાશનો ભાગ નહીં હો તો ઘઉંના એ દાણા કે જેમને તમે જમીનમાંથી કાપો છો, તમને ખબર નથી કે તેમનું ભવિષ્ય શું છે ? પરંતુ ઘઉંના તે દાણાના ભવિષ્ય વિષે તમે દર અઠવાડિયે જાણકારી પ્રાપ્ત કરો છો અને તમને ખબર પડી જાય છે કે દર અઠવાડિયે ઘઉં કેવા થશે અને કેટલા મોટા થશે અને ક્યારે ફસલ કાપવાનો સમય આવી જશે. આપણા અનુમાન પ્રમાણે ઘઉં પોતે પણ પોતાના ભૂતકાળ અને ભવિષ્યકાળથી વાકેફ નથી.

અમે કહીએ છીએ કે અમારા અનુમાન પ્રમાણે ઘઉંને પોતાની સમજ પણ છે, પરંતુ આપણે તેની માત્રા અને ગુણવત્તા વિષે જાણકારી નથી ધરાવતા એટલા માટે કે આપણે એવી રીતે વિચારીએ છીએ કે ઘઉં પોતાના ભૂતકાળ અને ભવિષ્યકાળથી અજાણ છે, પરંતુ તમે તે ઘઉંની ફસલ લેનાર છો એટલે તેના ભૂતકાળ અને ભવિષ્યકાળથી સારી રીતે વાકેફ છો અને તેના ભૂતકાળ અને ભવિષ્યકાળનો ભાગ નથી.

અલ્લાહ તઆલા પણ આપણા ભૂતકાળ અને ભવિષ્યકાળનો ભાગ નથી. તે આ કાઈનાતના ભૂતકાળ અને ભવિષ્યકાળનો ભાગ નથી પરંતુ આ કાઈનાતની બધી મખ્લૂકના ભૂતકાળ અને ભવિષ્યકાળની જાણકારી ધરાવે છે. જેણે પણ તમને કહ્યું કે અલ્લાહ તઆલા ફક્ત વર્તમાનકાળને જોઈ રહ્યો છે તેણે ભૂલ કરી છે અને તેણે અલ્લાહને વર્તમાનકાળમાં સીમિત કરી દીધો છે એટલે તેને વર્તમાનકાળનો ભાગ સમજી લીધો છે, જ્યારે કે અલ્લાહ તઆલા એટલો મોટો છે કે વર્તમાનકાળનો ભાગ હોવાથી પર છે. (ક્રમશઃ)


ફોન : ૨૫૬૨૦૧૮૦
મો. ૯૪૨૬૩૨૮૫૭૦
મો. ૯૮૯૮૬૬૭૭૪૧

**સરહિંદ**

**રેફ્રીજરેશન સર્વિસ**

ડીપ ફ્રીજ, વર્ટીકલ ફ્રીજ, બોટલ કુલર તેમજ વૉટર કુલર ઊંચી ગુણવત્તા અને વ્યાજબી ભાવે બનાવનાર તેમજ રીપેરીંગ અને સર્વિસ સંતોષકારક રીતે કરી આપનાર

**મળો જૂના અને જાણીતા**
**☞ બશીરભાઈ**
**દિલ્હી ચકલા, ઘી કાંટા રોડ,**
**આર. સી. હાઈસ્કૂલની પાસે, અમદાવાદ.**

ભોરણીયા સાદિકઅલી આર.
મો.૯૯૨૪૪૧૮૨૪૩
બાલીસણા ઝાકિરહુસૈન જી.
મો.૯૪૨૯૫૨૯૪૧૦
૯૪૨૮૮૪૯૪૭૭
(રસુલપુર-ખેરાલુવાળા)

**ન્યુ ચિરાગ ઈલેક્ટ્રીક**

**(સેલ્સ & સર્વિસ)**


અમારે ત્યાં **LED** મુવીંગ ડીસપ્લે, **LED** ક્લોક, હોટલ-દુકાનને લગતાં એક્રેલીક **& LED** બોર્ડ તેમજ હોટલ, ઈમામવાડા, ઝરીહ મુબારક કે દરગાહના માપ પ્રમાણે **LED** સીરીઝ, **LED** પટ્ટા, **LED** બોર્ડ તેમજ **LED**ને લગતું દરેક પ્રકારનું કામ હોલસેલ તેમજ રીટેઈલ ભાવે કરી આપવામાં આવશે.

**LED સ્પેશ્યાલિસ્ટ**

**બસ સ્ટેન્ડની બાજુમાં, રીગલ શોપીંગ સેન્ટર, વડનગર.**




સંપાદન : જાફરી આવાઝ કાર્યાલય



**::::: આડી ચાવીઓ :::::**


(૧) 'સલાત'નું બહુવચન, રસૂલ (સ.) પર દુરૂદ (૪)
(૩) અન્ય વિષે ખોટી ધારણાઓ કરનાર (૫)
(૬) છુટકારો, મુક્તિ, આઝાદી (૩)
(૮) ઘોડો, અશ્વ, રેહવાર (૩)
(૯) નાની વયનો, નાબાલિગ (૩)
(૧૧) નકારાત્મક શબ્દ, ના, નહીં (૨)
(૧૨) નકામું, બેકાર, 'સારા'નો વિરોધી શબ્દ (૩)
(૧૩) મરણ, મોત, આદેશ, હુકમ (૨)
(૧૪) જહન્નમમાં મળનાર થોરના જેવી વનસ્પતિ (૩)
(૧૭) અહલેબૈત (૪)
(૧૯) એક ગરમા ગરમ પીણું (૨)
(૨૦) સમ્રાટ, બાદશાહ (૪)
(૨૫) ઓછું (૨)
(૨૬) ઝડપ, સ્પીડ, ગતિ (૪)
(૨૭) સચ્ચાઈ (૪)
(૨૯) સહનશીલ, ગંભીર (૩)
(૩૧) સફા–મરવા વચ્ચે આવતી દોડવાની ક્રિયા (૪)
(૩૨) બારીક, ઝીણું કાપડ (૪)

**::::: ઊભી ચાવીઓ :::::**

(૧) સન્માનિત, પ્રખ્યાત, નામાંકિત (૫)
(૨) વારસદાર, ઉત્તરાધિકારી (૩)
(૪) એક પ્રખ્યાત મરસિયાગો (૩)
(૫) ખુશી, હર્ષ, ઉલ્લાસ, આનંદ (૩)
(૭) મૂસા (અ.)ની એક કોમ (૫)
(૧૦) નિંદા (૩)
(૧૧) મોજ, આનંદ (૨)
(૧૩) વધ, હત્યા (૩)
(૧૫) સાંકડી શેરી, ગલી (૨)
(૧૬) મદ્ય, શરાબ, દારૂ (૨)
(૧૮) મૂર્તિ, પ્રિયતમ (૩)
(૨૧) શક્તિ, બળ (૩)
(૨૨) પીરની કબરની જગ્યા (૪)
(૨૩) મંઝિલ, લાંબી યાત્રા, કઠણ કામ (૪)
(૨૪) સોગંદ, સમ (૩)
(૨૮) જામીન, ભરણપોષણ કરનાર (૩)
(૩૦) હાલત, પરિસ્થિતિ (૨)

હઝરત પીર મશાયખ બાવા (રહે.અ.) કૃત...

# મશાયખવાણી



## મક્તૂલનામા

● સત ગુરૂ પીર મશાયખ વાચા ●

### બયાન નં.૧૬

**બીબી આયશા નામ હે, રઝીઅલ્લાહ અનહો કેહતે,**
**જેસી નબીજીસુ હદીસ, હે દેખ કર લેતે.**

(હઝરત પીર મશાયખ બાવા (રહેમતુલ્લાહ અલૈહે) ફરમાવે છે કે બીબી આયશા (રઝી.અ.) ફરમાવે છે કે મેં નબીજી પાસેથી આવી હદીસ સાંભળી છે.)

**કહ્યા નાબીજીને કામલી, આપથી ઓઢાઈ,**
**સો ઉન હો જેસી, કામળી કેલાઈ.**

(બીબી આયશાએ કહ્યું કે એક વાર નબીજીએ પોતે કામલી (કામળી) ઓઢેલી હતી. ઊનમાંથી બનાવેલા ધાબળાને કામળી કહેવાય છે.)

**તબ ઈમામ હસન, નબી પાસ આએ,**
**તબ કામલીમાં અનુકુ, નબીને બોલાએ.**

(નબીજીએ જ્યારે કામળી ઓઢેલી હતી ત્યારે ઈમામ હસન (અ.) નબી સાહેબની પાસે આવ્યા તો નબીજીએ તેમને કામળીમાં બોલાવી લીધા.)

**પીછે ઈમામ હુસેન, આએ એ કહીએ,**
**વે ભી કામલી માંહે, નબીજીને લહીએ.**

(ત્યાર પછી ઈમામ હુસૈન (અ.) ત્યાં આવ્યા તો નબીજીએ તેમને પણ પોતાની સાથે કામળીમાં લઈ લીધા.)

**પીછે બીબી ફાતેમા,આએ નબીજી પાસા,**
**વે ભી કામલી માંહે, લીએ નેહકી આસા.**

(ત્યાર પછી હઝરત બીબી ફાતેમા (અ.) પણ નબીજીની પાસે આવ્યાં તો નબીજીએ તેમને પણ મોહબ્બતથી કામળીમાં બોલાવી લીધાં.)

**સહી અનું પીછે અલી, આએ રે સુણાએ,**
**સહી અનુંકુ ભી કામલીમાં નબીને બોલાએ.**

(ત્યાર પછી તેમની પાછળ પાછળ હઝરત અલી (અ.) તે જગ્યાએ આવ્યા તો તેમને પણ નબીજીએ કામળીમાં બોલાવી લીધા.)

**યું નબીજીને ચારૂ તન, કામલીમાં લીએ,**
**અને નસીઅત બોલ, એસે રે કીએ.**

(આવી રીતે નબીજીએ ચારેય તનને-ચારેય જણાંને-કામળીની અંદર લઈ લીધાં અને આવા નસીહતના બોલ ઉચ્ચાર્યા.)

**રબ ઓર કુછ નાંહી, પણ એ હે ચા'તા,**
**પાક કરે તમુકુ, કહી નબીજીને બાતા.**

(નબીજીએ ફરમાવ્યું કે અય મારા રબ! હું તારી પાસેથી બીજું કંઈ ઈચ્છતો નથી. પરંતુ એ કે તું તેમને હંમેશાં પાકો પાકીઝા રાખે.)

**રબ એહલેબયત તમસુ, દૂર અઝાબ કરેગા,**
**યું કરમકી નજર, વે તમુકુ ધરેગા.**

(અય અહલેબૈત ! મારો રબ તમને બધાને અઝાબથી દૂર રાખશે. આવી રીતે તે તમારા ઉપર કરમની નજર રાખશે.)

**યા એહલેબયત કરેગા, પાક તમુકુ ઈલાહી,**
**યું નબીજીને ખબર, તુરત બતાહી.**

(નબીજીએ ફરમાવ્યું કે, અય અહલેબૈત !

અલ્લાહ તઆલા તમને બધાયને પાકો પાકીઝા કરશે. આવી રીતે નબીજીએ તરત જ આ ખબર બતાવી દીધી.)

**તો સુનો એ એહલેબયત, નબીજીકી જાનો,**
**સો કામલીમાં તન, જે થે રે માનો.**

(હઝરત પીર મશાયખ બાવા (રહે.અ.) ફરમાવે છે કે અય મોમિનો ! તમે સાંભળો કે જે તન કામળીમાં હતાં તેમને જ નબી સાહેબની અહલેબૈત માનજો.)

**સો એહલેબયતકી સિફ્ત, બોત ઠામ હે લખાયા,**
**એ ફરમુદા નબીજી, કેરા રે સુનાયા.**

(હઝરત પીર મશાયખ બાવા (રહે.અ.) ફરમાવે છે કે અહલેબૈતની ઘણી બધી જગ્યાએ સિફ્તો લખવામાં આવી છે. આવું નબીજીનું ફરમાન સાંભળ્યું છે.)

**વે બયાન તો સારા, લખા ગયા રે નાંહાં,**
**એ સુનતે આયા, દલ મોમિનોં કે માંહાં,**

**–: રે તુહી :–**

(હઝરત પીર મશાયખ બાવા (રહે.અ.) ફરમાવે છે કે જેટલી સિફ્તો નબીજીએ અહલેબૈત વિષે બયાન કરી છે તે બધી તો અહીં લખવામાં આવી નથી.)

**ખાતમ કામલી ઓઢાયકર,**
**એહલેબયત ધરીયા નામ રે, એહલેબયત ધરીયા નામ,**
**પાક કરનાર રબ હેં તમુકુ,**
**યું કહ્યા ઉસ સહી ઠામ રે, યું કહ્યા ઉસ સહી ઠામ.**

(નબીજીએ એ ચારેય તનો ઉપર કામળી ઓઢાડી દઈને તેમનું નામ અહલેબૈત ધરી દીધું અને એ જ જગ્યાએ ફરમાવ્યું કે અલ્લાહ તમને પાક કરનારો (રાખનારો) છે.)

**બયાન નં.૧૭**

**ભાષા : બરહા**

**બેગે તો ભાઈ દીનકે, સુન સુન એસી બાત રે,**
**કામલી ઓઢાઈ ખાતમે, વાંથી ચારૂ તન રે.**

(હઝરત પીર મશાયખ બાવા (રહેમતુલ્લાહ અલૈહે) ફરમાવે છે કે અય મારા દીનના ભાઈ ! તું આવી આવી વાતો જલ્દીથી સાંભળી લે કે ખાતમ નબીએ એ ચારેય તન ઉપર કામળી ઓઢાડી દીધી હતી.)

**હસન હુસૈન થે, ભાઈ એ દોનું વીર રે,**
**ભી થે તો બીબી ફાતેમા, નબીજી કેરે તીર રે.**

(એ ચારેય તનોમાં બન્ને ભાઈ ઈમામ હસન (અ.) અને ઈમામ હુસૈન (અ.) હતા અને નબીજીની પાસે (ત્રીજાં) બીબી ફાતેમા ઝહરા (અ.) હતાં.)

**અલી ભી થે પાસ સહી, કામલી ઓઢાઈ જાન રે.**
**કામલી ઓઢાઈ આપને, ઉસમાં લીએ સબ માન રે.**

(જેમના ઉપર કામળી ઓઢાડવામાં આવી તેમાં હઝરત અલી (અ.) પણ શામેલ હતા. આપ (સ.)એ તેમના ઉપર કામળી ઓઢાડી હતી.)

**કહ્યા એ એહલેબયત હે, મેરી તું સુન રહેમાન રે,**
**આપ નબીને ફરમાઈયા, એસા તો તબ જાન રે,**

(એ વખતે નબી સાહેબે ફરમાવ્યું હતું કે અય અલ્લાહ ! અય રહેમાન ! તું મારી વાત સાંભળ કે આ મારી અહલેબૈત છે.)

**સુનો તો એહલેબયત એ, કહેલાએ ચારૂ સહી,**
**સહી હદીસ એ નબીકી, દેખી લખી ઠામ કહીં.**

(હઝરત પીર મશાયખ બાવા (રહે.અ.) ફરમાવે છે કે અય મોમિનો ! તમે સાંભળો કે આ ચારેય જણને અહલેબૈત કહેવામાં આવ્યાં. નબીજીએ કહેલી આ હદીસ સાચી છે એવું ઠેર ઠેર

લખવામાં અને જોવામાં આવ્યું છે.)

**સુન સુન ભાઈ દીનકે, એસી હે દીનકી રીત રે,**
**હુકમ ચઢાવે સીસ પર, સહી એ દીનકી પીત રે.**

(અય મારા દીનના ભાઈ ! દીનની રીત આ પ્રમાણે છે. જે માણસ હુકમને પોતાના માથા ઉપર ચઢાવે તો તે દીનની સાથે મોહબ્બત કરે છે એવું કહેવાય.)

**નબીને કામલી ઢાંપ કર, એતા ભી ફરમાઈયા,**
**ફરમુદા અપને નબીકા, ઠામ કહીં લખાઈયા.**

(નબીજીએ એ ચારેય તન ઉપર કામળી ઓઢાડી દઈને ફરમાવ્યું છે અને તે બાબત ઠેર ઠેર લખાઈ છે.)

**પલીતી રબ દુર કરશે, તમારી એ એહલેબયત જાત રે,**
**કરે પાક રબ ભી તમુકુ કહી નબીને બાત રે.**

(અય અહલેબૈત ! અલ્લાહ તમારાથી નાપાકીને દૂર રાખશે અને અલ્લાહ તઆલા તમને પાક કરી દેશે એવી વાત નબીજીએ કહી છે.)

**ખુબી એ એહલેબયતકી, સુન સુન રાખો મન રે,**
**કામલી તો માંહે થે લીએ, નબીને ચારૂ તન રે.**

(હઝરત પીર મશાયખ બાવા (રહે.અ.) ફરમાવે છે કે અય મોમિનો ! તમે અહલેબૈતની આ ખૂબીને સાંભળીને મનમાં રાખો કે નબીજીએ આ ચારેય તનને કામળીની અંદર લીધાં હતાં.)

**ઈમામ દો ફરઝંદ કર, આખે નબીને જાન રે,**
**નવાસે અવલાદ એ નબીકી, સહી એ સાચા માન રે.**

(બન્ને ઈમામોને - ઈમામ હસન (અ.) અને ઈમામ હુસૈન (અ.)ને - નબીજીએ પોતાના બે ફરઝંદો કહ્યા છે તે બાબતને તમે સાચી માનજો.)


મો.આબિદઅલી ડી. સુથાર
(શેખપુર–ખેરાલુવાળા) મો.૯૮૯૮૪૩૫૮૦૯

મો.સાદિકઅલી આર. ભોરણીયા
(રસુલપુર–ખેરાલુવાળા) મો.૯૯૨૪૪૧૮૨૪૩

**કામરાન એક્રેલીક & L.E.D. સાઈન બોર્ડ**

- એક્રેલીક બોક્સ લેટર સાઈન બોર્ડ
- L.E.D. સાઈન બોર્ડ
- ઓપન L.E.D. સાઈન બોર્ડ
- ક્લીયર એક્રેલીક સાઈન બોર્ડ
- મીરર એક્રેલીક સાઈન બોર્ડ
- A.C.P. લેટર સાઈન બોર્ડ
- સ્ટીલ લેટર સાઈન બોર્ડ
- રેડીયમ સાઈન બોર્ડ
- વિનાઈલ & ફ્લેક્સ સાઈન બોર્ડ
- ચેનલ સાઈન બોર્ડ
- આર્ટીકલ સાઈન બોર્ડ
- ડીઝીટલ મુવીંગ મેસેજ ડીસ્પ્લે

તેમજ હોટલ, દુકાનને લગતાં દરેક પ્રકારનાં સાઈન બોર્ડ અને L.E.D.નું કામ અને ઈલેક્ટ્રીક વાયરીંગ, ઈલેક્ટ્રીક પેનલનું કામ કરી આપવામાં આવશે.

**આફિસ : ન્યૂ ચિરાગ L.E.D. હાઉસ, બસ સ્ટેન્ડ પાસે, વડનગર.**
email : newchiragled@gmail.com

# تلاوت کرنے نیزے پر سرِ شبیر آتا ہے

ولی عہد پیر سید محمد کامران حسین جعفری (مد)

| | |
|---|---|
| નઝર કી હુર કી જાનિબ ઔર સૂએ રાહિબ તો યે જાના, | نظر کی حر کی جانب اور سوئے راہب تو یہ جانا |
| બદલને કે લિયે તકદીર કો શબ્બીર આતા હય. | بدلنے کے لیے تقدیر کو شبیر آتا ہے |
| કહા મરહબને જબ દેખા અલી કો જંગે ખૈબરમેં, | کہا مرحب نے جب دیکھا علی کو جنگ خیبر میں |
| ગિરાને કે લીયે ખૈબર કો ખૈબરગીર આતા હય. | گرانے کے لیے خیبر کو خیبر گیر آتا ہے |
| પુકારે શાહ બરછી જબ લગી અસ્ગરકો ગર્દન પર, | پکارے شاہ برچھی جب لگی اصغر کو گردن پر |
| મેરે બાબા સૂએ કૌસર મેરા બેશીર આતા હય. | مرے بابا سوئے کوثر مرا بے شیر آتا ہے |
| નિદાએ ગૈબ આતી હય યઝીદી ફ઼ૌજ અબ ખામોશ, | ندائے غیب آتی ہے یزیدی فوج اب خاموش |
| તિલાવત કરને નેઝે પર સરે શબ્બીર આતા હય. | تلاوت کرنے نیزے پر سرِ شبیر آتا ہے |
| જરી કો દેખકર ઘોળે પે યે બોલી યઝીદી ફ઼ૌજ, | جری کو دیکھ کر گھوڑے پہ یہ بولی یزیدی فوج |
| હમેં અબ કત્લ કરને ઈબ્ને ખૈબરગીર આતા હય. | ہمیں اب قتل کرنے ابنِ خیبر گیر آتا ہے |
| લરઝતા હય યઝીદી ફ઼ૌજ કા દરબાર કે આબિદ, | لرزتا ہے یزیدی فوج کا دربار کہ عابد |
| સરે મિમ્બર સુનાને કે લીયે તકરીર આતા હય. | سرِ منبر سنانے کے لیے تقریر آتا ہے |
| મૈં જબ લેતા હૂં નામે હૈદરે કર્રાર મુશ્કિલમેં, | میں جب لیتا ہوں نامِ حیدرِ کرار مشکل میں |
| મદદ કરને બવક્તે કર્બ મેરા પીર આતા હય. | مدد کرنے بوقتِ کرب میرا پیر آتا ہے |

# ઇસ્તિગ્ફાર કરો અને જીવનને સમૃધ્ધ બનાવો.

લેખન : જનાબ સૈયદ ઓવેસએહમદ જાફરી સાહેબ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

وَيٰقَوْمِ اسْتَغْفِرُوْا رَبَّكُمْ ثُمَّ تُوْبُوْٓا اِلَيْهِ

يُرْسِلِ السَّمَآءَ عَلَيْكُمْ مِّدْرَارًا وَّ يَزِدْكُمْ

قُوَّةً اِلٰى قُوَّتِكُمْ وَلَا تَتَوَلَّوْا مُجْرِمِيْنَ ﴿۵۲﴾

*"હે મારી ઉમ્મતના લોકો ! પરવરદિગારથી માફી માગો, અને પછી તેની બારગાહમાં તોબા કરો, કરો તે તમારા ઉપર આકાશમાંથી મુશળધાર વરસાદ વરસાવશે, અને તમારી તાકાતમાં સતત વધારો કરતો રહેશે, અને સાવધાન ! ગુનેગાર બનીને અલ્લાહથી મોઢું ફેરવી ન લેશો.*

*(સૂરએ હૂદ, આયત–પર)*

فَقُلْتُ اسْتَغْفِرُوْا رَبَّكُمْ ۗ اِنَّهٗ كَانَ غَفَّارًا ﴿۱۰﴾

يُّرْسِلِ السَّمَآءَ عَلَيْكُمْ مِّدْرَارًا ﴿۱۱﴾

وَّيُمْدِدْكُمْ بِاَمْوَالٍ وَّبَنِيْنَ وَيَجْعَلْ لَّكُمْ

جَنّٰتٍ وَّيَجْعَلْ لَّكُمْ اَنْهٰرًا ﴿۱۲﴾

*"અને કહ્યું કે તમારા પરવરદિગારથી માફી માગો, તે મહાન માફ કરનાર છે. તે તમારા ઉપર આકાશમાંથી સતત વરસાદ વરસાવશે, અને માલમિલકતથી અને દીકરાઓથી તમારી મદદ કરશે, અને તમને બાગબગીચા એનાયત કરશે, અને તેમાં તમારા માટે પાણીની નહેરો વહેતી કરશે."*

*(સૂરએ નૂહ, આયત–૧૦,૧૧,૧૨)*

કુરાનની ઉપરોકત બન્ને આયતો ઈસ્તિગ્ફાર (અલ્લાહથી માફી માગવા)નું શું મહત્ત્વ છે તે બતાવે છે. અને ઈસ્તિગ્ફાર કરતા રહેવાથી ગુના માફ થવા ઉપરાંત કેવી બરકતો મળે છે તે દર્શાવે છે. અહીં આપણે અલ્લાહથી મગ્ફેરતની દુઆ કેવી રીતે કરવી તે શીખવું પડશે. તે માટે હંમેશની માફક અહલેબૈત (અ.) જ આપણને ઉત્તમ હિદાયત પૂરી પાડશે.

અલ્લાહે ચૌદ માઅસૂમીન (અ.) અને પયગમ્બરો સિવાય કોઈને પણ મા'સૂમનો દરજ્જો આપ્યો નથી. તેથી સ્વાભાવિક છે કે જાણ્યે અજાણ્યે દરેકથી ગુના થતા રહે છે. આવા ગુના અલ્લાહ તરફથી બંદાને મળનારી નેઅમતો અને બરકતો માટે બાધારૂપ બને છે. આથી દરેક માટે મગ્ફેરતની દુઆ કરતા રહેવું અત્યંત આવશ્યક છે, જેમકે અમીરુલ મોમિનીન અલી (અ.) દુઆએ કુમૈલમાં અલ્લાહથી મગ્ફેરત માગવાનો શ્રેષ્ઠ તરીકો બતાવે છે કે જે નીચે આપેલા મુદ્દાઓ ઉપરથી સ્પષ્ટ થાય છે :

(૧) હે અલ્લાહ ! મારા તે ગુના માફ કર કે જેનાથી બેઈજ્જતી થાય છે.

(૨) મારા તે ગુના માફ કર કે જે બલાઓ નાઝિલ થવાના કારણરૂપ હોય છે.

(૩) મારા તે ગુના માફ કર કે જે નેઅમતોની અસર નાબૂદ કરી તેને બદલી નાખે છે.

(૪) મારા તે ગુના માફ કર કે જે દુઆઓ કબૂલ થવામાં બાધારૂપ બને છે.

(૫) મારા તે ગુના માફ કર કે જે મારી આશાઓ પૂરી થવા દેતા નથી.

(૬) મારા તે ગુના માફ કર કે જે મેં કર્યા છે અથવા તો અજાણતામાં મારાથી થઈ ગયા છે.

આવી રીતે મગ્ફેરતની દુઆઓ માગતા રહેવાથી વ્યકિત બદીઓ અને ગુનાહોથી મુકત થાય છે. અને તેના કયા કામમાં અલ્લાહના હુકમોની અવગણના રહેલી છે તે પ્રત્યે તે સભાન બને છે. આવી સભાનતાને કારણે તે અનેક એબોથી બચી જાય છે, પરિણામે તેનું જીવન સુખમય અને સમૃધ્ધ બને છે. અલ્લાહે જેમને મા'સૂમનો દરજ્જો આપ્યો છે અને ઉચ્ચ મર્તબા આપેલા છે તેવા નબીઓ અને ઈમામો પણ અલ્લાહની બારગાહમાં તોબા અને ઈસ્તિગ્ફાર કરતા રહેતા હતા. આ બાબતનો જ્યારે આપણે માઅસૂમીન (અ.)ના જીવનચરિત્રનો અભ્યાસ કરીએ છીએ ત્યારે આપણને ખ્યાલ આવે છે. મગ્ફેરત માગવા માટે આ તસ્બીહ પઢવી જોઈએ : اَسْتَغْفِرُ اللّٰهَ رَبِّيْ وَاَتُوْبُ اِلَيْهِ


અબ્બાસઅલી નોદોલીયા
મો.:-94297 41525



YAM INFOTECH

- કોમ્પ્યુટર વેચાણ અને રીપેરીંગ.
- લેપટોપ વેચાણ અને રીપેરીંગ.
- પ્રિન્ટર વેચાણ અને રીપેરીંગ.
- ટોનર રીફીલીંગ.
- રેસ્ટોરન્ટ, ગેસ્ટહાઉસ, ઓફીસ, સ્કુલ માં સી.સી.ટીવી કેમેરા નુ ઇન્સ્ટોલેશન કરી આપવામા આવશે.
- કોમ્પ્યુટર ને લગતી તમામ એસેસરીજ મળશે.

જી/46 હીરાપન્ના કોમ્પલેક્ષ,
ગંજ બજાર ની સામે, સિધ્ધપુર-384151

**શું... ? મકાનના ધાબામાંથી પાણી ટપકે છે**

**એક્વાપ્રુફ (વોટર પ્રુફીંગ) અને સ્નોકુલ (ઠંડક માટે)ટેકનોલોજી...**

**હવે નહિં રહે સીલીંગમાં લિકેઝીંગ, દિવાલોમાં તિરાડો...**
**...અને રહેશે ગરમીમાં છત (ધાબુ) ઠંડુ**




શુ ? આપના મકાન, દૂકાન, હોટલ, રેસ્ટોરન્ટ, શો-રૂમ ના ધાબામાં પાણી ટપકે છે. તથા દિવલોમાં તિરાડો હોવાના કારણે... પાણી લિકેજ તેમજ ભેજ મારે છે.

પાણીના ટાંકા, સંડાસ, બાથરૂમમાંથી લીકેજ થતાં પાણીનું પણ સોલ્યુશન કરી આપવામાં આવશે...
બિલ્ડીંગનું રીનોવેશન કામ કરી આપવામાં આવશે   દરેક પ્રકારનું કામ ગેરંટી સાથે કરી આપવામાં આવશે

**યામ હોમ કેર**
ઓફિસ : C/o : શીફા આયુર્વેદીક સ્ટોર્સ

એમ. જી. વિજાપુરા
મો. ૯૪૨૯૪ ૭૬૫૦૫

૧૦, પેરેડાઇઝ કોમ્પલેક્ષ, વિજાપુરા રોડ, ટીબી હોસ્પિટલ સામે, હિંમતનગર

કુરઆને મજીદના

# સૂરાઓનો પરિચય

**સૂરા નં.૮૧** **સૂરએ તકવીર**

૨૯ આયતો ધરાવતો આ સૂરો મક્કામાં નાઝિલ થયેલો હોવાથી મક્કી સૂરો છે.

**જ્યારે સૂર્ય (નો પ્રકાશ) વીંટાળી લેવામાં આવશે. (૧)**

**અને જ્યારે તારાઓ નિસ્તેજ થશે. (૨)**

**અને જ્યારે પહાડોને ચલાવવામાં આવશે.(૩)**

**અને જ્યારે ગર્ભવાળી ઊંટડીઓ ત્યજી દેવામાં આવશે. (૪)**

**અને જ્યારે જંગલી પ્રાણીઓ ભેગાં કરવામાં આવશે. (૫)**

**અને જ્યારે સમુદ્રોમાં આગ લાગી જશે. (૬)**

**અને જ્યારે આત્માઓને શરીરો સાથે જોડી દેવામાં આવશે. (૭)**

**અને જ્યારે જીવતી દાટેલી (છોકરી)ઓને સવાલ કરવામાં આવશે. (૮)**

**કે તેણી કયા અપરાધસર મારી નંખાઈ હતી. (૯)**

**અને જ્યારે કરણીના લેખ ઊઘાડી નાખવામાં આવશે. (૧૦)**

**અને જ્યારે આસમાનના પડ ઉખેડી નાખવામાં આવશે. (૧૧)**

**અને જ્યારે જહન્નમ (ની આગ)ને ધગધગાવવામાં આવશે. (૧૨)**

**અને જ્યારે સ્વર્ગને નજીક કરી દેવામાં આવશે. (૧૩)**

**ત્યારે દરેક જીવ જાણી લેશે કે તે શું શું લઈને આવ્યો છે. (૧૪)**

જ્યારે સૂર્યને વીંટી લેવામાં આવશે એટલે કે તેના નૂરને ખેંચી લેવામાં આવશે અને અંધકાર ફેલાઈ જશે અને સિતારાઓની રોશની ચાલી જશે. અલ્લાહ ઉપરની ૧૩ આયતોમાં શરતો બયાન કરીને ૧૪મી આયતમાં કહે છે કે દરેક નફસે જે કંઈ નેકી અને બદી કરી હશે તેને રજૂ કરવામાં આવશે. તે નેકી જોઈને અફસોસ કરશે કે મેં શા માટે વધારે નેકી ન કરી અને બૂરાઈને જોઈને કહેશે કે મેં શા માટે આ બૂરાં કાર્યો કર્યાં ?

ઈબ્ને અબ્બાસથી વર્ણન છે કે આ સૂરામાં એક થી છ આયત સુધી જે છ નિશાનીઓનું વર્ણન થયું છે તે કયામતના થવાના વખતે દુનિયામાં જાહેર થશે. સાતમી આયતથી બારમી આયત સુધીની છ નિશાનીઓ કયામત પછી આખેરતમાં જાહેર થશે, ચોથી આયતમાં આવેલ છે કે દસ મહિનાનો ગર્ભ ધારણ કરેલ ઊંટડી તેને ત્યજી દેશે અને તે વખતે દરેક વ્યક્તિને પોતાની જ પડી હશે, તેથી લોકો કોઈ ચીજ તરફ ધ્યાન આપશે નહીં. ખાસ કરીને ખુદાએ દસ મહિનાની ગર્ભવાળી ઊંટડી એટલા માટે ફરમાવ્યું છે કે અરબ લોકો સાંઢણીને બહુ જ મૂલ્યવાન ગણતા હતા અને ન તેના ઉપર બોજ નાખતા હતા, ન સવારી કરતા હતા, અને ન તો દૂધ

દોહતા હતા. અને કેટલાક તેનો અર્થ એમ પણ કરે છે કે વાદળાં વરસતાં અટકી જશે. પાંચમી આયતમાં જ આવ્યું છે કે જંગલી પ્રાણીઓને ભેગાં કરવામાં આવશે એટલે કે તેઓ આપસમાં એકબીજાનો બદલો લે અને પછી તેમનો નાશ થઈ જાય.

અબી બિન કઅબથી રિવાયત છે કે જ્યારે કયામત થશે ત્યારે લોકો બજારોમાં સોદો ખરીદતા હશે ત્યારે એકાએક સૂર્યનો પ્રકાશ ખતમ થઈ જશે અને અંધકાર ફેલાઈ જશે, એકાએક સિતારા ખરવા શરૂ થઈ જશે, પર્વતો હલવા લાગશે અને માટી ઉડતી હશે, આ જોઈ માણસો હેરાન રહી જશે અને ઈન્સાનો જિન્નાત પાસે રક્ષણ માટે પહોંચી જશે તો તે વખતે જિન લોકો કહેશે કે આ શું બની રહ્યું છે તેની તપાસ કરવા જઈએ છીએ, પછી તેઓ જોશે કે દરિયાઓમાંથી ભડકા ઊઠી રહ્યા છે, એ દરમિયાન જમીન–આસમાન ફાટી જશે અને એવી હવા ઉત્પન્ન થશે કે બધા હલાક થઈ જશે.

સાતમી આયતમાં આવ્યું છે કે જે વખતે નફસોને એક બીજા સાથે જોડી બનાવવામાં આવશે. તેનો મતલબ એ છે કે નેકની સાથે નેક અને બદની સાથે બદ હશે. અથવા એમ પણ અર્થ થઈ શકે છે કે દરેક શખ્સને તેના અમલ સાથે ભેગો કરશે. અથવા એ અર્થ પણ થઈ શકે છે કે મોમિનોને જન્નતની હૂરો સાથે અને દોઝખીઓને શયતાન સાથે રાખવામાં આવશે. આઠમી તથા નવમી આયતમાં છે કે જીવતી દટાયેલી છોકરીઓને પૂછવામાં આવશે કે કયા ગુનાના કારણે તમને કતલ કરવામાં આવી છે ? જેમકે અરબ લોકો છોકરી પેદા થતી તો તેને જીવતી દાટી દેતા હતા જેની વિગત આગળ લખી ચૂકયા છીએ. કૈસ બિન અસીમ કહે છે કે હું હઝરત રસૂલે ખુદા (સ.)ની ખિદમતમાં હાજર થયો અને મેં અરજ કરી કે જાહેલિયતના જમાનામાં છોકરીઓને જીવતી દાટી દીધી હતી તેનો કફ્ફારો શું છે ? આપે ફરમાવ્યું કે દરેક છોકરીના બદલે એક એક ગુલામ આઝાદ કર. કૈસે અરજ કરી કે મારી પાસે ગુલામ નથી પણ ઊંટ છે. આપે ફરમાવ્યું કે દરેક છોકરીના બદલે એક એક ઊંટ આપ. તેથી તેણે નવ ઊંટ ફિદા કર્યા. જ્યારે ખુદા છોકરીઓને કયામતમાં પૂછશે કે તમને શા માટે મારી નાખવામાં આવી ? તો તેણીઓ કહેશે કે અમારો કંઈ ગુનો ન હતો.

દસમી આયતમાં આવ્યું છે કે તે દિવસે બંદાઓના આમાલ ખોલવામાં આવશે અને તેના જેવા આમાલ હશે તેવો બદલો આપવામાં આવશે. એ સિવાય કેટલાક બીજા સહીફા અર્શની નીચે ઉડીને લોકોના હાથમાં આવશે તેમાં મોમિનો માટે જન્નતની ખુશખબરી હશે અને કાફરો માટે જહન્નમની આગ હશે. (ક્રમશઃ)




**વેટરનરી ડોક્ટર**

**ડો. નજરઅલી હૈદરઅલી માંકણોજીયા**

(B.V.Sc. & A.H.)

- Graduate in 2005
- ૭ વર્ષનો Field Practice નો અનુભવ
- દરેક પશુઓને લગતા દરેક પ્રકારના રોગોની સારવાર માટે સંપર્ક કરો.

**મો. ૯૯૭૮૭૬૯૬૫૧**

ગામ : કાકોશી, તા. સિધ્ધપુર, જિ. પાટણ

# ઇમામ હુસૈન (અ.)ના ગમની ફઝીલત

**સંકલન : મોલ્વી હસનઅલી શરાફતઅલી (કઠોર)**

(ગતાંકનું ચાલુ)

દાવૂદ બિન ફિરકા કહે છે કે હું હઝરત ઈમામ સાદિક (અ.)ના ઘરમાં બેઠેલો હતો તો મેં કબૂતર જોયું કે જે આતંકિત થઈ રહ્યું હતું. આપ (અ.) એ મારી તરફ જોયું અને ફરમાવ્યું, અય દાવૂદ તું જાણે છે કે આ પક્ષી શું કહી રહ્યું છે ? મેં કહ્યું કે ના. ફરમાવ્યું, ઈમામ હુસૈન (અ.)ના કાતિલ પર લા'નત કરે છે. આથી પોતાના ઘરમાં આવા કબૂતર રાખો.

શેખ તુસીથી એમની અસનાદની સાથે મોહંમદ બિન મુસ્લિમથી રિવાયત છે. તેઓ કહે છે કે મેં અબૂ જાફર (મોહંમદ બાકિર) અને જાફર બિન મોહંમદ (અ.)થી એવું ફરમાવતા સાંભળ્યા કે ખુદાએ હુસૈન (અ.)ના શહીદ થવાનો બદલો એ આપ્યો કે ઈમામત આપના વંશમાં છે અને શિફા આપની તુરબતમાં છે અને દુઆ તો કબૂલ થવાનું આપના કુમ્બાની નીચે છે અને જ્યારે કોઈ ઝાઈર આપની ઝિયારત કરે છે અને પાછો આવે છે. તો તેની ઉંમરમાં તેની ગણતરી નહીં થાય. મોહંમદ બિન મુસ્લિમે અબૂ અબ્દુલ્લાહથી અરજ કરી કે આ બધું તો આપ (અ.)ના કારણે લોકોને પહોંચશે, પરંતુ આપ (અ.)ના માટે શું છે ? ફરમાવ્યું, એમને ખુદા પોતાના પયગમ્બર (સ.)ની સાથે મેળવી દેશે. આમ તેઓ આપ (અ.)ની સાથે હશે, આપ (અ.) રસૂલલ્લાહ (સ.)ની સાથે હશે. એમના દરજ્જા અને મંઝેલતમાં. ત્યાર પછી આપે આ આયતની તિલાવત ફરમાવી. (સૂરએ તૂર, આયત-૨૧)

وَالَّذِيْنَ اٰمَنُوْا وَاتَّبَعَتْهُمْ ذُرِّيَّتُهُمْ بِاِيْمَانٍ اَلْحَقْنَا بِهِمْ ذُرِّيَّتَهُمْ ... ﴿۲۱﴾

સહીહ સનદની સાથે શેખ સદૂકે અબૂ અબ્દુલ્લાહ (અ.)થી રિવાયત કરી છે કે આપ (અ.) એ ફરમાવ્યું કે એ ઈસ્માઈલ (અ.) કે જેમનું ખુદાએ પોતાની કિતાબમાં આ મુજબ વર્ણન કર્યું છે :

وَاذْكُرْ فِى الْكِتٰبِ اِسْمٰعِيْلَ ۫ اِنَّهٗ كَانَ صَادِقَ الْوَعْدِ وَكَانَ رَسُوْلًا نَّبِيًّا ﴿۵۴﴾

(સૂરએ મરયમ, આયત-૫૪)

એ ઈસ્માઈલ (અ.) હઝરત ઈબ્રાહીમ (અ.)ના ફરઝંદ ન હતા, પરંતુ તેઓ એક બીજા પયગમ્બર છે કે જે ખુદાના પયગમ્બરમાંથી હતા કે જે તે ખુદાએ મબઉસ કર્યા અને એમની કોમે એમને પકડીને એમના માથા અને ચહેરાની ચામડી ઉતારી દીધી. તો આપ (અ.)પાસે એક ફરિશ્તો અલ્લાહે મોકલ્યો અને કહ્યું કે અલ્લાહે મને તમારી પાસે મોકલ્યો છે કે આપ જે ચાહતા હો તે કહો. તો આપ (અ.)એ ફરમાવ્યું કે હું એ બધું જ કે જે ઈમામ હુસૈન (અ.)ની સાથે થશે તેનું સમર્થન કરું છું.

ઈબ્ને કોલવીયાએ પોતાની સનદની સાથે અલી ઈબ્ને અબી તાલિબ (અ.)થી રિવાયત કરી છે. આપ (અ.)એ ફરમાવ્યું કે એક દિવસ રસૂલલ્લાહ (સ.) અમને જોવા માટે આવ્યા. હું ખાવાનું એમની પાસે લઈને આવ્યો અને ઉમ્મે

અયમન એક તરફ ખજૂરનો અને એક પ્યાલો દૂધનો તથા માખણ અમારા માટે હદિયો લાવ્યા કે જેને અમે આપની સામે મૂક્યું કે જેથી આપ ખાઈ લે. આપ ખાઈને ઉઠ્યા અને મેં આપ (અ.)ના હાથ ધોવડાવ્યા. જ્યારે આપ હાથ ધોઈ ચૂક્યા તો આપે હાથની ભીનાશને ચહેરા મુબારક પર લગાવી. પછી આપ (અ.) સજ્દામાં ઝુકી ગયા અને ખૂબ રુદન કર્યું અને પછી હાથ ઉઠાવ્યા અને અમે અહલેબૈત-માંથી કોઈએ આપને કંઈ પૂછ્યું નહીં. હુસૈન (અ.) ઉઠ્યા અને ધીરે ધીરે જઈને આપ (અ.)ના જાંઘ પર બેસી ગયા. એમનું સર મુબારક છાતીથી લગાવી દીધું અને ફરમાવ્યું,

અય નાનાજાન ! આપ શાના કારણે રડો છો? આપ (અ.)એ ફરમાવ્યું કે મેં તમો અહલેબૈતને જોયા અને તમને જોઈને ઘણી ખુશી થઈ. એવી ખુશી કે આના પહેલા આવી ખુશી નથી થઈ. ત્યારે જિબ્રઈલ મારી પાસે આવ્યા અને મને ખબર આપી કે તમારી અહલેબૈત (અ.)ને કતલ કરવામાં આવશે અને તમારા કતલ થવાની જગ્યા એકબીજાથી દૂર હશે. મેં અલ્લાહનો શુક્ર અદા કર્યો અને તમારા માટે ભલાઈ ચાહી છે.

હુસૈન (અ.)એ ફરમાવ્યું કે અય નાનાજાન ! તો અમારી કબરોને કોણ જોશે ? એની ઝિયારત કોણ કરશે અને કોણ અમને જોવા આવશે આટલી બધી દૂરી અને જુદાઈના કારણે ? તો આપે ફરમાવ્યું, મારી ઉમ્મતના કેટલાક લોકો કે જેમનો મક્સદ મારી સાથે નેકી કરવાનો અને વસ્લ અને સિલા કરવાનો હશે તે. અને હું પણ હશ્રમાં એમને જોવા જઈશ ને એમનો હાથ પકડીને હશ્રની ભયા-નકતા અને મુસીબતોથી એમને છુટકારો અપાવીશ.

સનદ મુત્તસલની સાથે અબા અબ્દિલ્લાહ મુફીદની કિતાબ ઈર્શાદમાં લખ્યું છે કે રિવાયત કરી છે. અવઝાઈએ અબ્દુલ્લાહ બિન શદ્દાદે ઉમ્મુલ બિન્તે હારિસથી તેઓ કહે છે કે મેં રસૂલે ખુદા (સ.) ની બારગાહમાં હાજર થઈને કહ્યું, યા રસૂલલ્લાહ (સ.) ! કાલે રાત્રે મેં એક ખરાબ સપનું જોયું. આપે ફરમાવ્યું, એ શું છે ? તેણીએ કહ્યું કે તે સપનું ઘણું ખરાબ છે. ફરમાવ્યું, શું છે ? તેણે કહ્યું કે મેં જોયું કે એક શરીરથી એક ટુકડો મારા ખોળામાં આવી ગયો. રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું ખૈર છે તે કે જે કંઈ તેં જોયું છે. ફાતેમા (અ.)ના ત્યાં એક બાળક પેદા થશે. તે તારી પાસે ખોળામાં આવશે. જ્યારે ફાતેમા (સ.)એ હુસૈન (અ.)ને જન્મ આપ્યો, ઉમ્મુલ ફઝલ કહે છે તે મારા ખોળામાં હતા તો જેવું કે રસૂલ-લ્લાહ (સ.)એ ફરમાવ્યું હતું.

એક દિવસ હું હુસૈન (અ.)ને રસૂલલ્લાહ (સ.)ની ખિદમતમાં લઈને આવી અચાનક મારી નજર આપની આંખો પર ગઈ. મેં જોયું કે આપની આંખોમાં આંસુ હતા. મેં અરજ કરી, મારા માબાપ આપ ઉપર કુરબાન થાય. યા રસૂલલ્લાહ (સ.) આપને શું થયું ? ફરમાવ્યું, જિબ્રઈલ મારી પાસે આવ્યા અને ફરમાવ્યું કે મારી ઉમ્મત મારા આ બેટાને કતલ કરશે અને લાલ રંગની મુઠ્ઠીભર માટી લાવ્યા. (કિતાબ : નફ્સૂલ મહમૂમ)

મૌલા અલી(અ.)ના જીવન પ્રસંગો પર આધારિત કિતાબ

લેખક : શેખ મુફીદ



# અલ ઈર્શાદ

## જંગે અહ્ઝાબનાં મિત્રદળો સામે જંગ

(ગતાંકનું ચાલુ)

(એહમદ ઈબ્ને અબ્દિલ અઝીઝ બયાન કરે છે કે સુલેમાન બિન અય્યૂબે તેમને અબુલ હસન મદયનીના હવાલાથી બતાવ્યું હતું. તે કહે છે કે :)

"જ્યારે અલી ઈબ્ને અબી તાલિબ (અ.) એ અમ્ર બિન અબ્દેવદને હલાક કરી નાખ્યો અને તેના મોતની ખબર તેની બહેનને મળી તો તેણે પૂછ્યું કે, હુમલો કરનારો કોણ હતો ? લોકોએ તેને બતાવ્યું કે અલી બિન અબી તાલિબ (અ.) હતા. આ સાંભળીને તે બોલી, મારા ભાઈનું મોત એવા બહાદુરના હાથે થયું છે કે જે શરીફુન્નફ્સ ઈન્સાન છે. હું તેના મોત ઉપર આંસુ શા માટે વહાવું ? કેમકે તે બહાદુર હતો અને તેણે મોટા સુરમાઓને જંગમાં કતલ કર્યા હતા અને તે જંગ (ખંદક)માં તેનો મુકાબલો એવા બહાદુરની સાથે હતો કે જે તેની બરોબરીનો હતો. તેના નસીબમાં મોત એક બહાદુર માણસનો હાથે લખાયેલું હતું. મેં સાભળ્યું નથી કે એ માણસથી વધારે કરીમ અને શૂરવીર કોઈ બીજો માણસ હોય. સાંભળી લ્યો અય બની આમીરના લોકો !"

ત્યાર પછી તેણીએ આ શેઅર પઢ્યો,

"અગર અમ્રનો કાતિલ કોઈ બીજો માણસ હોત તો હું હંમેશાં આંસુ વહાવતી રહેત, પરંતુ અમ્રનો કાતિલ તો બેઐબ ઈન્સાન છે. તે એવો માણસ છે કે જમીનની સપાટી ઉપર કોઈ તેનો સમોવડિયો નથી."

ત્યાર પછી તેણે પોતાના ભાઈના મોત ઉપર નૌહો કહ્યો કે જેમાં અલી ઈબ્ને અબી તાલિબ (અ.)ની ખૂબીઓનો ઝિક્ર હતો.

મેદાને જંગના એક તંગ મકામ પર બે શેરોની વચ્ચે ટક્કર થઈ. બન્ને શરાફત અને બહાદુરીમાં બરાબર હતા.

બન્ને એક બીજા ઉપર ઝપટ્યા જેવી રીતે કે તેઓ મુકાબલો કરનારનો દમ કાઢી નાખશે, એવી રીતે તેઓ મેદાને જંગની વચ્ચે આવી ગયા, લડતા લડતા અને પેંતરા બદલતા બદલતા.

બન્નેનો જંગ જોશથી ભરપૂર હતો. તેમાં કોઈ પણ પ્રકારનો ગભરાહટ અથવા પરેશાની ન હતી કે જે તેમના ધ્યાનમાં ખલેલ પહોંચાડે.

ત્યારે અલી (અ.)એ પેશકદમી કરી. આ પ્રકારની ફતેહ અને કામરાની તો કયારેય પણ જોવામાં નથી આવી. આ બયાન સદાકત ઉપર આધરિત છે અને તેમાં કોઈ પણ પ્રકારનો પક્ષપાત નથી.

હું પણ આવો જ ઈન્તેકામ (બદલો) લેત કે જેવો અલી (અ.)એ લીધો છે. અગર મારો મુકાબલો તેની સાથે થયો તો પણ મારા ખૂનનો ઈન્તેકામ મુકમ્મિલ હોત.

એક બહાદુર ઘોડેસવારના મોત પછી કુરેશને ઝિલ્લતનો સામનો કરવો પડ્યો છે. આ કેટલી બધી સંગીન ઝિલ્લત છે કે જે તેમને નિસ્તોનાબૂદ કરી દેશે અનાદર અને રૂસ્વાઇ (અપમાનિતતા) ઉપરાંત તેમને કંઈ નહીં મળે.

ત્યાર પછી તે બોલી,

"ખુદાની કસમ, જ્યાં સુધી કુરેશ મારા ભાઈનો ઈન્તેકામ (બદલો) નહીં લે ત્યાં સુધી આ બુઢ્ઢી ઊંટડી શાદી કર્યા વગરની રહેશે."

## ઝાતુસ્સલાસિલનો જંગ

વાદીઉલ રસલના જંગમાં અમીરુલ મોમિનીન (અ.)એ જે મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો તેથી તેનું નામ ઝાતુસ્સલાસિલ પડી ગયું. આ જંગને મઝહબી ઉલમા અને ફુકહાએ સુરક્ષિત કરી દીધો છે, હદીસનવેશોએ કલમબંદ કરી લીધો છે અને ઈતિહાસકારોએ લખી લીધો છે. આ જંગ આપ (અ.)ના કમાલમાં અને ખુબીઓમાં વધારે ઉમેરો કરવાનું કારણ બની ગયો હતો. (આ જંગ વિષે) વર્ણન કરવામાં આવે છે કે આ જંગ એક દેખીતી નેકી હતી કે જેને આપના નામની સાથે સંબંધિત કરવામાં આવી છે. આ બાબતમાં મતમતાંતર નથી પરંતુ એકમતતા છે.

પયગમ્બરે ખુદા (સ.)ની જીવનકથા લખવાવાળાઓએ બયાન કર્યું છે કે એક દિવસ પયગમ્બર (સ.) બેઠેલા હતા એવામાં એક બદ્દુ ત્યાં આવ્યો અને આંહઝરત (સ.)ની સામે પગ વાળીને બેસી ગયો અને કહેવા લાગ્યો,

"હું આપને એક સલાહ આપું છું."

આંહઝરત (સ.)એ કહ્યું,

"તમારો મશવેરો આપો."

તેણે તે લોકોની વિગતવાર માહિતી બતાવી,

"અરબોના એક ટોળાએ એવો મન્સૂબો બનાવ્યો છે કે તેઓ અહીં મદીના આવીને રાતમાં આપના ઉપર હુમલો કરી દે."

ત્યારે આંહઝરત (સ.)એ અમીરુલ મોમિનીન (અ.)ને હુકમ આપ્યો કે સલવાતે જામીઆ (દરેક મુસલમાન નમાઝમાં શરીક થાય તે) માટે અઝાન આપવામાં આવે. બધા મુસલમાનો એકઠા થઈ ગયા તો રસૂલે ખુદા (સ.) મિમ્બર ઉપર તશરીફ લાવ્યા. આંહઝરત (સ.)એ અલ્લાહની હમ્દોસના કરી, ત્યાર પછી આપ (અ.)એ કહ્યું,

'અય લોકો ! અલ્લાહનો અને તમારો એક દુશ્મન છે (ખબર મળી છે કે) તે દુશ્મન તમારા ઉપર રાતમાં મદીનામાં આવીને હુમલો કરી દેશે. તમારામાંથી કોણ એવો છે કે જે વાદી સુધી જાય ?"

મુહાજિરીનમાંથી એક માણસ ઊભો થયો અને બોલ્યો,

"હું ત્યાં જઈશ, અય અલ્લાહના રસૂલ !"

આપ (સ.)એ તેને કોમી પરચમ આપ્યો અને સાતસો જવાનોને તેની સાથે મોકલ્યા. ત્યારે આપ (અ.)એ તેને કહ્યું,

"અલ્લાહનું નામ લઈને જાઓ."

મુસલમાનો સવાર પડતાં જ તે લોકોની સામે પહોંચી ગયા. તે લોકોએ પૂછ્યું,

"તમે કોણ છો ?"

તેણે જવાબ આપ્યો,

"હું ખુદાના પયગમ્બરનો કાસિદ છું. તમે શહાદત (ગવાહી) આપો કે અલ્લાહ સિવાય બીજો કોઈ અલ્લાહ નથી, તે લાશરીક છે અને મોહંમદ (સ.) તેના બંદા અને રસૂલ છે, જો તમે એવું ન કર્યું

તો હું મારી તલવારથી તમને હલાક કરી દઈશ.''

તે લોકોએ કહ્યું,

''તમારા માલિકની પાસે જાઓ. અમારી સંખ્યા એટલી બધી વધારે છે કે તમે અમને કંઈ નહીં કરી શકો.''

તે માણસ રસૂલલ્લાહ (સ.)ની પાસે પાછો આવી ગયો અને તેમને બધું બતાવી દીધું. ત્યાર પછી પયગમ્બર (સ.)એ સવાલ કર્યો,

''વાદીની તરફ કોણ જશે ?''

આ સાંભળીને એક બીજો બહાદુર ઊભો થયો અને બોલ્યો,

''યા રસૂલલ્લાહ ! હું ત્યાં જઈશ.''

આંહઝરત (સ.)એ તેને પરચમ આપ્યો અને તે ચાલ્યો ગયો. તે પણ એવી જ રીતે પાછો આવી ગયો. જેવી રીતે કે પહેલો પાછો આવ્યો હતો. ત્યારે પયગમ્બર (સ.)એ કહ્યું,

''અલી ઈબ્ને અબી તાલિબ કયાં છે ?''

અમીરુલ મોમિનીન (અ.) ઊભા થયા અને બોલ્યા,

''અય અલ્લાહના રસૂલ ! હું અહીં છું.''

આંહઝરત (સ.)એ આપને કહ્યું,

''વાદીની તરફ જાઓ.''

આપ (અ.)એ જવાબ આપ્યો,

''બહું સારું.''

આપ (અ.)ની પાસે એક અમામો હતો. આપ (અ.) તેનો ઉપયોગ ત્યારે કરતા હતા કે જ્યારે કોઈ કઠણ કાર્ય હોય. આપ (અ.) ફાતેમા બિન્તે રસૂલ (સ.)ના ઘેર આવ્યા અને તેમની પાસેથી પેલો અમામો માગ્યો.

તેમણે પૂછ્યું,

''આપ કયાં જઈ રહ્યા છો ? મારા વાલિદે આપને કયાં જવાનું કહ્યું છે ?''

આપ (અ.)એ જવાબ આપ્યો,

''વાદિઉર્રમલ.''

(બીબી સૈયદા) બેકરાર થઈને રડવા લાગ્યાં. એ જ વખતે ત્યાં પયગમ્બર (સ.) આવી ગયા, જ્યારે કે આપ (અ.) રડી રહ્યાં હતાં. આપ (સ.)એ પૂછ્યું,

''તમે શા માટે રડી રહ્યાં છો ? શું તમે ડરી રહ્યાં છો કે તમારા શૌહરને મારી નાખવામાં આવશે ? અલ્લાહ ગવાહ છે એવું નહીં થાય.''

હઝરત અલી (અ.)એ કહ્યું,

''અય અલ્લાહના રસૂલ ! મને જન્નતમાં જવાથી મહરૂમ ન કરો.'' (ક્રમશઃ)


મંજુરઅહેમદ આઈ. ભાગળીયા (કાકોશીવાળા)
ફોન : ૦૨૭૬૬ - ૨૨૦૪૨૯
મો. : ૯૪૨૯૩ ૮૪૧૨૪



ગેલેક્સી ઈન્ફોટેક

- કોમ્પ્યુટર વેચાણ અને રીપેરીંગ.
- લેપટોપ વેચાણ અને રીપેરીંગ.
- જુના તથા નવા કોમ્પ્યુટર અને લેપટોપ મળશે.
- કોમ્પ્યુટરને લગતી તમામ એસેસરીઝ મળશે.
- દરેક કંપનીના કોમ્પ્યુટર એસેમ્બલીંગ અને લેપટોપ મળશે.
- Hotels & office & college CCTV Camera installation

ડેસ્ટોપ, લેપટોપ, પ્રિન્ટર, સ્કેનર, સોફ્ટવેર એસેસરીઝ

(અમારા ત્યાં દરેક રીપેરીંગ કામકાજ સંતોષકારક કરી આપવામાં આવશે)

૧૦૬, પહેલો માળ, પાલિકા બજાર, રાજમહેલ રોડ, પાટણ.




## ‘બોસ્તાન’માંથી ચૂંટેલી પંક્તિઓ

**AFFECTION (સ્નેહ/લગાવ)**

طلبگار باید صبور و حمول
که نشنیده ام کیمیاگر ملول
زر از بهر چیزی خریدن نکوست
نخواهی خَریدن بِه تنگ دوست
گراز دلبری دل بَه تنگ آیدت
دگر غمگاری به چنگ آیدت
ولی گر به خوبی ندارد نظیر
به اندک دل آزار، ترکش مگیر
توان از کسی دل بپر داختن
که دانی که بی او توان ساختن

**તલબગાર બાયદ સબૂર વ હમૂલ**
**કે નશનીદા અમ કીમયાગર મલૂલ**
**ઝર અઝ બહર ચીઝી ખરીદન નકોસ્ત**
**ન ખ્વાહી ખરીદન બે અઝ નાઝ દોસ્ત**
**ગાર અઝ દિલબરી દિલ બે તંગ આયદત**
**દિગર ગમગુસારી બે ચંગ આયદત**
**વલી ગર બે ખૂબી નદારદ નઝીર**
**બે અંદક દિલ આઝાર, તરકશ મગીર**
**તવાન અઝ કસી દિલ બપરદા ખતન**
**કે દાની કે બી અવ તવાન સાખતન.**

*((કોઈ વસ્તુ મેળવવાની ઈચ્છાવાળો) તલબગાર ધીરજવાન અને સાબિર હોવો જ જોઈએ કેમકે મેં કોઈ એવા કીમિયાગર (રસાયણ વિજ્ઞાની)ને કદી નિરૂત્સાહી થયેલો હોય એવું સાભળ્યું નથી. ચીજવસ્તુઓ ખરીદવા માટે સોનું સારી વસ્તુ છે અને પોતાના પ્રિયપાત્રનો પ્રેમ સંપાદન કરવો તેના કરતાં બીજી કોઈ વધારે કિંમતી વસ્તુ નથી. જો તમે તમારા પ્રિયપાત્રથી કંટાળી ગયા હો તો તમારી સારી કાળજી લેવા માટે તમે બીજા કોઈને શોધી કાઢવા શક્તિમાન બનશો, પરંતુ જો સુંદરતાની બાબતમાં તેનો કોઈ જોટો જ ન હોય તો નજીવી ફરિયાદને કારણે તેને તરછોડી ન દો. તમે તમારા દિલને કોઈનાથી છૂટું માત્ર ત્યારે જ પાડી દો કે જયારે તમને ખાત્રી હોય કે તમે તેણીના વગર રહી શકો છો.)*

**ANIMOSITY (શત્રુતા/વેર)**

کسانی که پیغام دشمن بَرَند
ز دشمن همانا که دشمن تَرَند
کسی قول دشمن نیارد به دوست
جُز آنکس که در دشمنی یارِ اوست

**કસાની કે પૈગામ દુશ્મન બરનદ**
**ઝ દુશ્મન હમાના કે દુશ્મન તરનદ**
**કસી કોલ દુશ્મન નયારદ બે દોસ્ત**
**જુઝ આંક્સ કે દર દુશ્મની યારે ઓસ્ત.**

*(જે લોકો દુશ્મનોના પયગામ લઈ જાય છે તેઓ ખરેખર તો દુશ્મનોના કરતાં તો પોતાની જાતના મોટા દુશ્મન છે. કોઈ પણ માણસ કોઈ દુશ્મનનો પયગામ લઈ જાય છે સિવાય તે કે જેઓ ખરેખર દુશ્મનોના જ દોસ્ત હોય છે.)*

# નહજુલ અસરાર

**સંપાદક :** મોલ્વી સૈયદ ગુલામહુસૈન રઝા **અનુવાદ :** મો.કાસમભાઈ વિજાપુરા

### જનાબે સૈયદા (અ.)ની સાથે શાદી વખતે આપેલ ખુત્બો

જનાબે સૈયદા (અ.)ની શાદી વખતે રિસાલત મઆબ (સ.)એ એક ખુત્બો ઈરશાદ ફરમાવ્યો, ત્યાર પછી હઝરત અલી (અ.)ને ફરમાવ્યું કે, અય અલી ! તમે પણ એક ખુત્બો કહો. તેથી હઝરત અલી (અ.)એ ફરમાવ્યું : (ભાષાંતર)

ખુદાનો શુક્ર છે તેની નેઅમતો અને પલટાઈ પલટાઈને આવવાવાળી ઈનાયતો (કૃપાઓ) પર.કોઈ અલ્લાહ નથી સિવાય એ અલ્લાહના કે હું એવી શહાદત (ગવાહી) આપું છું કે જે તારા સુધી પહોંચી શકે અને તું એનાથી રાજી થઈ જાય અને મોહંમદ (સ.)ને નજદીકી અને મિલન અતા ફરમાવે અને તેમને ઘેરી લે. આ નિકાહ એ છે કે જેના માટે અલ્લાહ અઝઝ વ જલે હુકમ કર્યો છે અને તેનાથી રાજી થયો છે અને અમારી આ મજલિસની વ્યવસ્થા ખુદાના હુકમથી છે કે જેની તેણે અમને ઈજાઝત આપી છે. અને રસૂલલ્લાહ (સ.)એ પોતાની સાહબઝાદી ફાતેમા (અ.)ને મારી શાદીમાં આપી છે અને તેમની મહેર મારી તે ઝિરહ (બખ્તર)ને ગણી દીધી છે કે જેના ઉપર હું રજામંદ છું. તેથી જે કંઈ ચાહો સવાલ કરી લો અને ગવાહ રહો. (બિહારુલ મા'રૂફ)

### ઈમામની તારીફ : હદીસે તારેક

તારેક ઈબ્ને સહાબે અરજ કરી કે યા અમીરુલ મોમિનીન (અ.) ! ઈમામની તારીફ (ગુણો) બયાન ફરમાવો. તેથી હઝરત અમીરુલ મોમિનીન (અ.) એ ફરમાવ્યું :

અય તારેક ! ઈમામ કલેમતુલ્લાહ, હુજ્જતુલ્લાહ, નૂરૂલ્લાહ, અહજાબુલ્લાહ હોય છે. તેને અલ્લાહ ચૂંટી કાઢે છે અને જે કંઈ (ગુણો અને ખૂબીઓ) ઈચ્છે છે તે તેને અતા કરે છે અને સઘળી મખ્લૂક તેની ઈતાઅતને વાજિબ કરે છે, ત્યાર પછી તે તમામ આસમાનો અને જમીન પર તેનો વલી છે. ખુદાએ આ બાબતમાં પોતાના તમામ બંદાઓથી અહદ લીધો છે પછી જેણે તેના ઉપર પહેલ કરી, તેણે અર્શના ખુદાથી કુફ્ર કર્યું. પછી તે (ઈમામ) જે કંઈ ઈચ્છે છે તે કરે છે અને તે ત્યારે જ કરે છે કે જયારે ખુદા કોઈ બાબતને ઈચ્છે છે. તેના બાઝૂ પર وَتَمَّتْ كَلِمَتُ رَبِّكَ صِدْقًا وَعَدْلًا અર્થાત: રબનો કલેમો સંપૂર્ણ થયો કે જે સાચો અને ન્યાયપૂર્ણ (અદ્લવાળો) છે, આવું લખેલું રહે છે. ત્યાર પછી તે જ સદક (સાચો) અને અદ્લ છે. તેના માટે જમીનથી આસમાન સુધી નૂરનો એક સ્તંભ ઊભો કરી દેવામાં આવે છે કે જેમાં તે બંદાઓના આમાલને જુએ છે. તે નૂરાની જન્નતી કપડાં પહેરેલો રહે છે, તે દિલની વાત જાણે છે અને ગેબથી માહિતગાર રહે છે. તે મુતસર્રિફ અલીઉલ ઈતલાક (ઉચ્ચ અધિકાર જમાવનાર અને ચાલુ કરનાર)

હોય છે. તે મશરિકથી લઈને મગરિબ સુધીની બધી વસ્તુઓને જુએ છે. આલમે મુલ્ક અને મલ્કૂતની (ફરિશ્તાઓની રહેવાની જગ્યા) કોઈ વસ્તુ તેનાથી છૂપી નથી અને તેની વિલાયતમાં તેને જાનવરોની બોલી અર્પણ કરવામાં આવે છે.

ત્યાર પછી આ જ તે (ઈમામ) છે કે જેને અલ્લાહે પોતાની વહી માટે ચૂંટી કાઢેલ છે અને ગેબનાં કાર્યો માટે પસંદ ફરમાવેલ છે અને પોતાના કલામથી તેનું સમર્થન કર્યું અને તેને પોતાની હિકમતની તાલીમ આપી અને તેના દિલને પોતાની મશિય્યત (ઈચ્છા)ની જગ્યા બનાવી દીધી તેના સલ્તનતની મુનાદી કરી દીધી અને તેને ઉલિલ અમ્ર બનાવીને તેની ઈતાઅતનો હુકમ આપ્યો, કેમકે ઈમામત અંબિયાની મીરાસ અને અવસિયાનો દરજ્જો ખિલાફતે ખુદા અને ખુદાના રસૂલોની ખિલાફત છે.

પછી આ જ સાહેબે અસ્મત અને વિલાયત અને સલ્તનત અને હિદાયત છે કેમકે તે જરૂર બ જરૂર દીનને સંપૂર્ણ કરવાવાળો છે. અને બંદાઓના આમાલની કસોટી છે. ઈમામ ખુદાનો કસ્દ (સંકલ્પ) રાખનારાઓ માટે માર્ગની દલીલ છે અને હિદાયત મેળવનારાઓ માટે નૂરનો મિનારો છે અને સાલેકીન (રસ્તા ઉપર ચાલનારાઓ) માટે માર્ગની સબીલ છે અને આરેફીનનાં દિલોમાં ચમકવાવાળો સૂરજ છે. તેની વિલાયત નજાતનું કારણ છે, તેની ઈતાઅત જિંદગીમાં ફર્ઝ માની લેવામાં આવી છે અને મર્યા પછી એ જ તૌશાએ આખેરત (આખેરતનું ભાથું) છે. તે મોમિનો માટે ઈજ્જતનું કારણ અને ગુનેગારો માટે શફાઅતનું કારણ અને દોસ્તોના માટે નજાતનું કારણ અને તાબેઈનના માટે મહાન ફોજ છે કેમકે તે જ ઈસ્લામનો સરદાર અને ઈમાનની ખૂબી અને માઅરેફતની હદો અને અહકામ અને હલાલ અને હરામને બયાન કરનારો છે. આમ આ એ મરતબો છે કે અલ્લાહે જેને ખુદ પોતે જ ચૂંટી કાઢે અને બધાના ઉપર મુકદ્દમ અને હાકિમ અને વાલી બનાવે તેના સિવાય બીજો કોઈ તેને પ્રાપ્ત કરી શકતો નથી. પછી વિલાયતની હિફાઝત કરનાર સમજણનો ઉપાય કર્યો અને દિવસો અને મહિનાઓની ગણતરી કરનાર છે. ઈમામ ઈલ્મના તરસ્યા લોકો માટે ઠંડું પાણી અને હિદાયતની વિદ્યા પ્રાપ્ત કરવાની ઈચ્છા ધરાવનારાઓ માટે હાદી છે. ઈમામ એ છે કે જે દરેક ગુનાથી પાક અને પવિત્ર હોય અને ગેબનાં કાર્યોથી પરિચિત હોય. વળી ઈમામ એ છે કે જે અન્વારની સાથે ખુદાના બંદાઓ ઉપર ઉદય પામે છે. વળી તે એવી ચીજ નથી કે જેને હાથ પગ અને આંખો મેળવી શકે અને તેની તરફ ખુદાના કોલનો ઈશારો છે કે ઈજ્જત બસ, અલ્લાહ અને તેના રસૂલ (સ.) અને મોમિનો માટે છે તે મોમિનો અલી (અ.) અને તેમની ઈતરત છે. બસ ઈજ્જત નબી (સ.) અને ઈતરતે નબી (સ.) માટે છે. નબી અને તેમની ઈતરત જમાનાના ખતમ થવા સુધી અલગ થઈ નથી શકાતી. તેથી જ તેઓ ઈમાનના વર્તુળના કેન્દ્ર અને અસ્તિત્વની ધરી, સખાવત અને બક્ષિસનું આસમાન અને વર્તમાનકાળની ઈજ્જત છે તેઓ જ શરાફતના સૂર્યનો પ્રકાશ અને તેના ચંદ્રનું નૂર છે અને ઈજ્જત તેમજ બુઝુર્ગીની ખાણ અને તેનાં પ્રગટસ્થાન અને શરૂ થવાની જગ્યા મકસદ અને બુનિયાદ રાખવાની જગ્યા છે,

છેવટે તો ઈમામ (ગુમરાહીના અંધકારોમાં) પ્રકાશિત ચિરાગ છે અને અલ્લાહ સુધી પહોંચવાનો રસ્તો અને સયરાબ કરનાર પાણી અને

ઉછળતા મોજાંવાળો સમુદ્ર છે. એ જ પ્રકાશિત પૂનમનો ચાંદ અને માઅરેફતના ઈલ્મોથી ભરેલું તળાવ છે. ગુમરાહીના જોખમભર્યા રસ્તાઓમાં તે (રહેમતે ઈલાહીનું) વરસવાવાળું વાદળ અને વિપુલ વરસાદ છે. તે (હિદાયતનો) પૂનમનો સંપૂર્ણ ચંદ્ર જ્ઞાની લોકોનો રહેનુમા, બધાના ઉપર છાંયડો કરનારું આસમાન અને તેની મહાન નેઅમત છે. તે એક સમંદર છે કે જે કદી સૂકાઈ જતો નથી અને તે એક એવી ઈજ્જત છે કે જેની પ્રશંસા નથી કરી શકાતી. તે એક ફૈઝનું ઝરણું છે અને ઈલાહી નેઅમતોનો લીલોછમ બગીચો અને મહેંકતુ (રિસાલતના બાગનું) ફૂલ, રોશન પૂર્ણિમાનો સંપૂર્ણ ચંદ્ર અને (ઈમામતનો) પ્રકાશિત સૂર્ય હોય છે. તે એક પાકીઝા ખુશ્બૂદાર અને સદાચારી અમલનું સાકાર સ્વરૂપ છે. નફાકારક વેપારી માલ અને સ્પષ્ટ સબીલ છે (કે જેનાથી કોઈ ભટકી શકતું નથી. તે એક તબીબ મિત્ર, મહેરબાન પિતા અને બંદાઓની દરેક મુશ્કેલીમાં મદદ કરનારો હોય છે. તે અલ્લાહ તરફથી પ્રજાનો નિગેહબાન અને હકીકતો ઉપર તેનો અમીન છે. તેના બંદાઓ ઉપર અલ્લાહની હુજ્જત, તેની જમીન અને મુલકો ઉપર અલ્લાહની રોશન રાહ છે, તમામ ગુનાઓથી, બધા એબોથી મુક્ત (પાક) અને ગેબની વાતોથી પરિચિત રહે છે. તેનું જાહેર એક એવું કાર્ય છે કે જેના ઉપર કોઈ આચ્છાદિત થઈ શકતું નથી. તેનું બાતિન એવું ગેબ છે કે જેને કોઈ સમજીબુઝી શકતું નથી. તે વાહિદ રોઝગાર અને ખુદાના અમ્ર અને નહ્યીમાં તેનો ખલીફો હોય છે, ન તો કોઈ તેના જેવો કે બરોબરીયો છે કે ન કોઈ તેની તુલનામાં આવે તેવો છે. (ક્રમશ:)


મોમિન રોશનઅલી મો.૯૪૨૭૦ ૮૬૦૧૦ મોમિન મોહસિનઅલી મો.૯૦૯૯૬૧૭૯૫૦

મોમિન હાસમભાઈ મો.૯૪૨૯૩ ૮૨૬૬૪

(રસુલપુર – ખેરાલુવાળા)





**યાદગાર હાર્ડવેર**

**હાર્ડવેર, પ્લાયવુડ, પ્લમ્બર પાઇપ ફીટીંગ**

**સામાનના છૂટક તથા જથ્થાબંધના વહેપારી.**

**૩૦, ડિવાઇન પ્લાઝા શોપીગ સેન્ટર, બસ સ્ટેન્ડ રોડ, વડનગર.**

# સર્વશ્રેષ્ઠ સ્મરણ

## જનાબે અમીર (અ.)ના અમલી ફઝાએલનું વર્ણન

### ઔલાદે સાલેહ

(ગતાંકનું ચાલુ)

**જનાબે હુસૈન (અ.)ના ફઝાએલનું વર્ણન**


(૨૫) ઈબ્ને અબ્બાસ (રઝી.અ.) કહે છે કે એક દિવસ અમે જનાબે રસૂલલ્લાહ (સ.)ની ખિદમતે બાબરકતમાં હતા તેવામાં એકાએક જનાબે સૈયદા (અ.) રડતાં રડતાં તશરીફ લાવ્યાં. હુઝૂર (સ.)એ તેમને ફરમાવ્યું, તારો બાપ તારા ઉપર ફિદા થાય, તમે શા માટે રડો છો ? તો અરજ કરી કે હસનૈન નીકળી ગયા છે. ખબર નથી કે ક્યાં સૂઈ ગયા છે. હુઝૂર (સ.) એ ફરમાવ્યું, તેમનો ખાલિક તારા અને મારા કરતાં વધારે મહેરબાન છે. ત્યાર પછી હાથ ઉઠાવીને આપે દુઆ કરી, અય મારા પરવરદિગાર! તેમની હિફાઝત ફરમાવ. અને તેમને સલામત રાખ. ત્યાર પછી જિબ્રઈલ (અ.) આવ્યા અને કહ્યું, અય મોહંમદ! આપ ગમગીન ન થાઓ તે બન્ને ખતીરા બની નજ્જારમાં સૂઈ રહ્યા છે. ખુદાએ તઆલાએ તેમના ઉપર એક ફરિશ્તો નિયુક્ત કર્યો છે કે જે તેમની હિફાઝત કરે. પછી આં હઝરત (સ.) પોતાના અસ્હાબે કિરામની સાથે ઊભા થઈ ગયા અને ખતીરામાં તશરીફ લાવ્યા. અને હસનૈન (અ.)ને એક બીજાની સાથે લપેટાઈને સૂતેલા જોયા અને તે ફરિશ્તો કે જે તેમના ઉપર નિયુક્ત થયેલો હતો, તેણે પોતાની એક પાંખ તેમની નીચે બિછાવેલી છે અને એક પાંખથી તેમના ઉપર છાંયડો કરેલો છે. ત્યાર પછી નબીએ કરીમ (સ.)એ નમીને તેમને ચૂમી લીધા અને જગાડ્યા. અને ત્યાર પછી જનાબે હસન (અ.)ને જમણા ખભા પર (અને) જનાબે હુસૈન (અ.)ને ડાબા ખભા ઉપર સવાર કર્યા. અબૂ બક્ર (રઝી.અ.) રસ્તામાં મળ્યા. તેમણે અરજ કરી, યા રસૂલલ્લાહ ! મને એક સાહબઝાદાને આપી દો કે જેથી હુ તેમને ઉપાડું. આપ (અ.)એ ફરમાવ્યું, ખૂબ જ ઉમદા છે સવારી તેમની અને તેઓ ખૂબ જ ઉમદા સવાર છે. અને તેમનો બાપ તેમનાથી બહેતર છે.

ત્યાર પછી આપ મસ્જિદમાં તશરીફ લાવ્યા અને બન્ને પગ પર ઊભા થઈ ગયા. અને બન્ને સાહબઝાદાઓ આપના ખભા ઉપર બેઠેલા હતા. આપે ઈરશાદ કર્યો, અય મુસલમાનોના જૂથ ! શું હું તમને પરિચિત કરું એ વ્યક્તિઓથી કે જેઓ બધા આદમીઓથી નાના નાનીની દૃષ્ટિએ બહેતર હોય? લોકોએ અરજ કરી, યા રસૂલલ્લાહ ! બયાન ફરમાવી દો. આપે ફરમાવ્યું, તેઓ હસન અને હુસૈન છે કે જેમના નાના ખુદાના રસૂલ અને નબીઓ (ના સિલસિલા)ને ખતમ કરનારા છે અને તેમની નાની ઉમ્મુલ મોમિનીન ખદીજા બિન ખવૈલ્દ જન્નતની ઓરતોની સરદાર છે. ત્યાર પછી ફરમાવ્યું કે શું હું તમને પરિચિત કરી દઉં એ બે વ્યક્તિઓથી કે જે બધા આદમીઓમાં બાપ અને માની દૃષ્ટિએ બહેતર હોય? લોકોએ અરજ કરી, હા. આપે ફરમાવ્યું, તે હસન અને હુસૈન છે કે જેમના બાપ અલી ઈબ્ને

અબીતાલિબ છે અને તેમની મા ફાતેમા છે કે જે બધી દુનિયાઓની ઓરતોની સરદાર છે. ફરીથી ઈરશાદ કર્યો કે શું હું તમને જણાવું એ બે વ્યક્તિઓ વિષે કે જે બધા આદમીઓમાં કાકા અને ફોઈની બાબતમાં બહેતર હોય ? લોકોએ અરજ કરી, હા, યા રસૂલલ્લાહ ! આપે ફરમાવ્યું, તે હસન અને હુસૈન છે કે તેમના કાકા જાફરે તૈયાર છે અને તેમની ફોઈ ઉમ્મે હાની બિન્તે અબીતાલિબ છે. ફરીથી ફરમાવ્યું, શું હું તમને બતાવું એવી બે વ્યક્તિઓને કે જે મામાની અને માસીની દૃષ્ટિએ બધાથી બહેતર હોય ? લોકોએ અરજ કરી, હા, યા રસૂલલ્લાહ! આપ (અ.)એ ફરમાવ્યું, તે હસન અને હુસૈન છે કે તેમના મામા કાસિમ બિન મોહંમદ (સ.) છે અને માસી તેમની ઝૈનબ બિન્તે રસૂલલ્લાહ-ની બેટી છે. ત્યાર પછી આપે દુઆ માગી, અય મારા પરવરદિગાર ! તું જાણે છે કે હસન અને હુસૈન


**રક્ષણ ફેબ્રીકેશન ગૃપ**

ગ્રીન હાઉસ, ખેતર, પ્લોટ, વાડી, વગેરેની ફેન્સીંગ જાળી અને ફેન્સીંગ તારની વાડનું કામ માલસામાન સાથે સંતોષકારક રીતે કરી આપવામાં આવશે.

સંપર્ક

મહંમદઅલી વી. ગોદડ – ૯૫૫૮૯૦૦૯૭૦

સાજીદઅલી એમ. ગોદડ – ૯૪૨૭૩૬૫૧૪૭

૯૬૬૨૦૯૫૫૮૮

**મુ.પો. હરિપુરા, પો.અરોડા, તા. ઇડર, જી.સાબરકાંઠા.**


જન્નતમાં હશે અને જે કોઈ તેમની સાથે મોહબ્બત કરશે તે જન્નતમાં હશે અને જે કોઈ તેમનાથી બુગ્ઝ કરશે તે દોઝખમાં હશે.

(૨૬) જાબિર (રઝી.અ.) કહે છે કે હું જનાબે રિસાલત મઆબ (સ.)ની હુઝૂરમાં ગયો. આપ એ વખતે નમાઝ પઢી રહ્યા હતા અને જનાબે હસનૈન (અ.) હુઝૂર (સ.)ની પીઠ મુબારક ઉપર ચઢેલા હતા. આપે ફરમાવ્યું, કેવો સરસ છે તમારો ઊંટ !

(૨૭) સલમાન (રઝી.અ.)થી રિવાયત છે કે એક વખત અમે જનાબે સરવરે આલમ (સ.)ની પાસે બેઠેલા હતા એવામાં ઉમ્મે અયમને આવીને અરજ કરી, યા રસૂલલ્લાહ ! કેવો દિવસ આવી ગયો છે ! હસનૈન (અ.) કયાંક ગુમ થઈ ગયા છે. હઝરત (સ.)એ ફરમાવ્યું, મારા બાળકોની તલાશ કરો. દરેકે પોતાના નાકની સીધી દિશા પકડી લીધી. હું હઝરત (સ.)ની સાથે થઈ ગયો. અમે એક પહાડની નીચે પહોંચ્યા. હસનૈન (અ.)ને એક બીજાથી લપેટાઈને સૂતેલા જોયા અને એક સાપને તેમના ઉપર છાંયડો કરેલો જોયો કે જેના મોઢામાંથી આગના ભડકા નીકળી રહ્યા હતા. હઝરત (સ.) તેમની તરફ દોડ્યા અને તે હઝરત (સ.)ની તરફ દોડ્યો. અને હઝરત (સ.)ની સાથે કંઈક વાતો કરવા લાગ્યો. ત્યાર પછી તે પાછો જઈને એક દરમાં ઘૂસી ગયો. હઝરત (સ.) એ આગળ વધીને તેમને જુદા પાડ્યા અને તેમના ચહેરા ઉપરની ધૂળને સાફ કરી અને ફરમાવ્યું, મારાં માબાપ તમારા પર કુરબાન થાય, તમે ખુદાના ખૂબ પ્યારા છો. ત્યાર પછી હઝરત (સ.)એ એકને એક ખભા ઉપર અને બીજાને બીજા ખભા ઉપર ઉઠાવી લીધા. મેં કહ્યું, અય સાહબઝાદાઓ ! તમને મુબારક થાય, તમારી સવારી કેવી સરસ છે ! જનાબે રસૂલે ખુદા (સ.)એ ફરમાવ્યું, આ સવાર પણ સરસ છે અને તેમનાં માબાપ તેમનાથી બહેતર છે. (ક્રમશઃ)

હલ્કા ઈર્ફાને અહલેબૈત, મક્તબા જાફરીયા

# ખુત્બો : મોમિનની મદદ કરવાનો સવાબ ૮

પ્રસ્તુતકર્તા : મોલ્વી યૂસુફઅલી દાઉદભાઈ માઠા (મોલીપુર)

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

اَلۡحَمۡدُ لِلّٰہِ رَبِّ الۡعَالَمِیۡنَ وَالصَّلَاۃُ وَالسَّلَامُ عَلٰی مُحَمَّدٍ وَّاٰلِہِ الطَّیِّبِیۡنَ

અલ્લાહ તઆલા કુરઆને મજીદમાં ફરમાવે છે :

اِنَّمَا الۡمُؤۡمِنُوۡنَ اِخۡوَۃٌ ... ﴿۱۰﴾

(સૂરએ હોજોરાત, આયત-૧૦)

*(સિવાય તેના કોઈ જ નથી કે મોમિનો પરસ્પર ભાઈ-ભાઈ છે.)*

આ આયતથી અલ્લાહ આપણને બતાવે છે કે આ જગતમાં તમારા ભાઈઓ કોણ છે. તો તેનો ઈશારો છે કે મોમિનો આપસમાં ભાઈ-ભાઈ છે. માટે આપણે સમજવું જોઈએ કે શું ખુદાએ જે સંબંધથી આપણને મોકલ્યા તેમાં આપણે જવાબદારી નિભાવીએ છીએ ? મોમિનો સાથે ભાઈ જેવું વર્તન કરીએ છીએ ?

એકબીજા પ્રત્યે કેટલાક હકો છે કે જેને અહાદીસના આધારે જોઈએ :

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું કે, "મોમિન પરસ્પર એક માબાપની ઓલાદની જેમ હોય છે. અગર એકને દુઃખ પહોંચે છે તો બીજાને પણ તકલીફ પહોંચે છે. દરેક મોમિન બીજા મોમિનનો ભાઈ છે અને સાચો દોસ્ત છે અને ખરો મદદગાર છે. તે ન તો તેની ખયાનત કરે છે કે ન તો અત્યાચાર કરે છે અને ન તો એબ શોધે છે કે ન તો વચનભંગ કરે છે."

હઝરત અલી (અ.)એ હઝરત ઈમામ હસન (અ.)ને વસિયત કરી હતી કે, "મોમિન પર મોમિનનો ઓછામાં ઓછો એ હક છે કે તેના માટે એ જ ચાહે કે જે પોતાના માટે ઈચ્છે અને તેના માટે એ ચીજ પસંદ ન કરે કે જેને પોતાના માટે પસંદ કરતો નથી." (અન્વારુલ બયાન, ભાગ-૩, પેજ-૩૩૧)

રસૂલ (સ.)એ ફરમાવ્યું છે કે, "જે માણસ ઈસ્લામી ભાઈચારાને મજબૂત કરે છે તો ખુદાવંદે કરીમ તેના માટે જન્નતમાં એક ઉચ્ચ સ્થાન તૈયાર કરે છે."

એક અન્ય હદીસમાં પણ આપે ફરમાવ્યું, "માણસના દિલની સાથે મોહબ્બતની નિશાની એ છે કે તે પોતાના ભાઈની સાથે મોહબ્બત કરતો હોય છે અને મોમિન સાથેની મોહબ્બત ઈમાનની શ્રેષ્ઠ નિશાનીઓમાંથી છે."

પહેલાં સાચા મુસલમાન બનાય પછી જ મોમિન બનાય. સાચો મુસલમાન કોને કહેવાય તે વિષે હઝરત રસૂલે ખુદા (સ.)એ ફરમાવ્યું છે કે, "મુસલમાન તો તે છે કે જેના હાથ અને જીભ વડે કોઈ પણ બીજા મુસલમાનને દુઃખ પહોંચે નહીં." (તોહફતુલ મોમિનીન, પેજ-૧૮)

ઉપરોક્ત હદીસ બતાવે છે કે જો કોઈ મુસલમાન બીજા મુસલમાનને પોતાના હાથ વડે શારીરિક ઈજા પહોંચાડે અથવા પોતાની જીભ વડે માનસિક ઈજા પહોંચાડે તો તે માણસ મુસલમાન નથી. ભાઈચારો એટલે કે મુવાખાત. તેનાથી સૌ પહેલા મુસલમાનોને રસૂલલ્લાહ (સ.)એ પરિચિત કરાવ્યા હતા જ્યારે કે મક્કાવાસીઓને પોતાના ઘર અને મિલકતો છોડીને મદીના હિજરત કરવાની ફરજ પડી હતી. રસૂલલ્લાહ (સ.)એ એક એક મક્કાવાસીને, એક એક મદીનાવાસીનો ભાઈ બનાવ્યો હતો કે જેથી તેઓ એકબીજાની મદદ કરી શકે અને રસૂલે ખુદા (સ.)એ મૌલા અલી (અ.)ને પોતાના ભાઈ બનાવ્યા હતા અને ફરમાવ્યું હતું કે, "અય અલી ! તમે દુનિયામાં અને આખેરતમાં મારા ભાઈ હશો."

પીર મશાયખ બાવા (રહે.અ.) હિદાયતનામામાં ફરમાવે છે :

**કહા મુસલમાન નામ ઉસકા જાનો, રેહવે સલામત મુસલમાન જીસથી માનો,**
**કે સલામત રેહવે જીભ એ સેતી, વે જીભસુ ઈજા ના દેવે તલ જેતી.**

રસૂલે ખુદા (સ.)એ ફરમાવ્યું, "મુસલમાન નામ એનું કહેવાય કે જેનાથી બધા જ મુસલમાનો સલામતીથી રહી શકે. તેની જબાનથી બીજા મુસલમાનો સલામત રહે. તેની જબાનથી કોઈને જરા જેટલી પણ તકલીફ ન પહોંચે."

ઈસ્લામ, રસૂલલ્લાહ (સ.)ને ઉમ્મતના પિતા માને છે, માટે આપણે બધા ઈસ્લામ વડે એકબીજાના ભાઈ છીએ. આખી ઉમ્મત એક મોટા પરિવારની જેમ છે કે જેમાં કોઈ એક માણસ કઈ કરે તો તેની અસર પરિવારના બીજા માણસો ઉપર થાય છે.

આપણે મોમિનના દ્રષ્ટાંતમાં જોઈએ કે કોઈ કરિયાણાની દુકાન હોય તો તેના પર બોર્ડ લગાવેલું હોય છે કે અહીં ખાંડ, ચાવલ, ગોળ, તેલ, ઘી, વગેરે મળશે, તો જ્યારે આપણને જરૂર લાગે ત્યારે આપણે જઈએ છીએ અને જઈને કહીએ છીએ કે મને ખાંડ કે ગોળ આપો. તે વખતે દુકાનનો માલિક એમ કહે કે, "અય ભાઈ ! અહીં તો કરિયાણું નહીં, બલ્કે કપડાં મળે છે," તો આપણે તેને કહીશું, "ભાઈ આવું કેમ? અગર જો તમે કરિયાણું નથી વેચતા તો પછી દુકાનનું બોર્ડ બદલી દો. શા માટે રાખ્યું છે ?" આપણો સવાલ આવો જ હશે.

બસ, આવી જ રીતે જો આપણે મોમિન છીએ તો મોમિન તરીકેના હકો પણ અદા કરવા પડશે એટલે કે મોમિન છીએ તો આપણું બોર્ડ પણ તેવું જ હોવું જોઈએ અને એવી જ રીતે આપણામાં પણ મોમિનના અખ્લાક હોવા જોઈએ, નહીંતર જેમ દુકાનદારને બોર્ડ ઉતારવાની વાત કરવામાં આવી તેવી રીતે આપણને પણ કોઈ સવાલ કરી શકે છે. તો આપણે તે હકોને જાણી લઈએ કે જેથી સવાલનો જવાબ આપી શકીએ.

એક મોમિન ઉપર બીજા મોમિનના સાત હક્કો છે કે જે અલ્લાહે તેના પર વાજિબ કર્યા છે :

(૧) જ્યારે સામે હોય તો તેને માન આપે.

(૨) દિલમાં તેની મોહબ્બત રાખે.

(૩) પોતાની ધનદોલતમાંથી તેની મદદ કરે.

(૪) તેની નિંદા કરવાને હરામ જાણે.

(૫) જ્યારે તે માંદો પડે તો તેના ખબરઅંતર પૂછે.

(૬) જ્યારે તે મૃત્યુ પામે તો તેના જનાઝાની સાથે સાથે ચાલે.

(૭) અને તેના મૃત્યુ પછી તેને નેકીઓથી યાદ કરે. (ઈર્શાદાતે રસૂલ, હદીસ-૨૬૩)

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું છે કે, "મોમિન મોમિનનો એવો ભાઈ હોય છે કે જાણે બન્નેનું શરીર એક જ હોય. શરીરના કોઈ એક ભાગને તકલીફ થાય છે ત્યારે આખા શરીરને તકલીફ થતી હોય છે અને બન્નેની રૂહ પણ એક જ હોય છે." (મિઝાનુલ હિકમત, ભાગ-૧, પેજ-૨૬, ૨૭)

કુરઆન શરીફની આયત અને હદીસોથી જાણવા મળે છે કે સાચો મોમિન એ છે કે જે હંમેશાં બીજાની ભલાઈ કરતો હોય. તેનાથી બીજાને દુઃખ ન પહોંચે. કોઈ મોમિનને પોતાની જબાનથી ખરાબ વેણ ન કહે. કોઈની ઈર્ષા, અદેખાઈ, નિંદા ન કરે. હંમેશાં અલ્લાહનો ખોફ રાખે અને એકબીજાના સુખ દુઃખમાં શરીક થાય અને અઈમ્મએ મા'સૂમીન (અ.)ના નકશે કદમ પર ચાલે અને અલ્લાહની ફરજોને અદા કરે.

કોઈ મોમિનને માન આપવું અને તેનાં વખાણ કરવાં એ ઘણી સારી સિફત છે અને તેની બહુ જ ફઝીલત બતાવવામાં આવી છે. હદીસે કુદસીમાં જણાવેલું છે કે, "અલ્લાહ તઆલા ફરમાવે છે કે જે કોઈ મોમિન બંદાની ઈજ્જત કરે અને તેને માન આપે, તેણે મારા ગઝબનો ભય ન રાખવો."

રસૂલે ખુદા (સ.)ની રિવાયત છે કે, "મારી ઉમ્મતમાંથી જે બંદો પોતાના મોમિન બિરાદરથી મહેરબાની સાથે વર્તશે તેના માટે અલ્લાહ તઆલા બેહિશ્તમાં ખિદમતગારો મુકર્રર કરશે."

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી રિવાયત છે કે, "જે કોઈ પોતાના મોમિન બિરાદરના રસ્તામાંથી કાંટા વીણીને દૂર હટાવી દે, અલ્લાહ તઆલા તેના માટે દસ નેકીઓ લખે છે અને જે કોઈ પોતાના મોમિન બિરાદરને જોઇને ખુશ થાય તો અલ્લાહ તઆલા તેના માટે નેકીઓ લખે છે અને જે કોઈ પોતાના મોમિન બિરાદરને પ્રેમથી આવકારે, તો અલ્લાહ તઆલા કયામત સુધી તેના માટે મરહબા લખે છે."

આપ (અ.)એ બીજી એક જગ્યાએ ફરમાવ્યું છે કે, "જે કોઈ પોતાની પાસે આવેલ મોમિન બિરાદરની તા'ઝીમ કરે તેણે જાણે કે અલ્લાહની તા'ઝીમ કરી." એક દિવસ આપ (અ.)એ ઈસ્હાક ઈબ્ને અમ્મારને ફરમાવ્યું કે, "અય ઈસ્હાક ! મારા દોસ્તો સાથે બની શકે તેટલો એહસાન કરજે કારણ કે એક મોમિન બીજા મોમિન પર એહસાન કરે એ શયતાનના મોઢા ઉપર નહોર ભરાવવા અને દિલને જખ્મી કરવા બરાબર છે."

(મેઅરાજુસ્સાદા, ભાગ-૧, પેજ-૩૯૩)

મોમિનના ગુણો વિષે મૌલા અલી (અ.) નહ્જુલ બલાગામાં ફરમાવે છે, "મોમિનના મુખારવિંદ પર આનંદ હોય છે અને દિલમાં ગમ અને ગ્લાની. તેની છાતી વિશાળ અને નમ્ર હોય છે તે ઊંચાઈને પસંદ નથી કરતો અને ખ્યાતિનો તિરસ્કાર કરે છે. તેનો ગમ લાંબો હોય છે અને હિંમત મોટી હોય છે. ચુપકીદી વધારે હોય છે અને સમય પ્રવૃત્તિમય હોય છે. તે શુક્ર કરવાવાળો, સબ્ર કરવાવાળો, ચિંતનમાં ડૂબેલો, હાથ લાંબા કરવામાં કંજૂસ, સારા સ્વભાવ અને નરમ મિજાજનો હોય છે. તેનું મન પથ્થરથી વધારે સખત હોય છે અને

ગુલામથી પણ વધારે વિનમ્ર હોય છે અને આવા જ મોમિનો માટે કુરઆને મજીદમાં અલ્લાહ ફરમાવે છે :

...وَاللّٰهُ يُحِبُّ الْمُحْسِنِيْنَ ﴿١٣٤﴾

*(અલ્લાહ એહસાન કરવાવાળાઓને દોસ્ત રાખે છે.)*

(સૂરએ આલે ઈમરાન, આયત-૧૩૪)

મોમિનો ઉપર એહસાન કરવાનો ઘણો જ અજ્ર અને સવાબ છે. મોમિનની તકલીફો દૂર કરવી અને તેની મદદ કરવી એ મહાન ઈબાદત છે. આવો, આપણે ઈમામ જાફર સાદિક (અ.)ની એક સાચી હિકાયત સાંભળીએ કે જેથી આપણા ઈમાનમાં વધારો થાય અને બીજા મોમિનની સહાય કરવાનો શોખ જાગે.

એક વખત ઈમામ જાફર સાદિક (અ.)ની હાજરીમાં સફવાન બેઠા હતા. અચાનક એક પરેશાન જેવો દેખાતો માણસ ત્યાં દાખલ થયો. જ્યારે તેણે પોતાની તકલીફ બતાવી ત્યારે ઈમામ (અ.)એ ફરમાવ્યું, "અય સફવાન ! તું આ માણસની તકલીફ દૂર કરવા યોગ્ય પગલાં લે." ઈમામ (અ.)ના હુકમથી સફવાન તે વ્યકિત સાથે ગયા અને થોડીવાર પછી તેને મદદ કરીને ઈમામ (અ.)ની સમક્ષ હાજર થયા. ઈમામે તેમને વિગત પૂછી. તેમણે જવાબમાં કહ્યું, "અલ્લાહે મુશ્કેલી દૂર કરી." ઈમામ (અ.)એ તેમને ઉદ્દેશીને ફરમાવ્યું કે, "અય સફવાન ! તે વ્યકિતની નાની અમથી દેખાતી તકલીફ દૂર કરવા માટે તમે જે થોડા સમયનો ભોગ આપ્યો છે તે કાર્ય કા'બાના સતત એક સપ્તાહ સુધી અવિરતપણે કરેલા તવાફ કરતાં પણ વધારે અને મૂલ્યવાન છે." (જાફરી આવાઝ, અંક-૯૯)

અલ મોમિનીન વલ મોમિનાત ! આપ સાંભળો કે એક મોમિનની મદદ કરવાનો કેટલો બધો મહાન સવાબ મળે છે. તો આપણા માઅસૂમ ઈમામ (અ.) અગર કોઈ મોમિન ઉપર એહસાન કરે તો તેનો કેટલો અઝીમ સવાબ હશે. તેની તો કલ્પના પર કરી શકાતી નથી. આવો, એવા માઅસૂમ ઈમામ ઝૈનુલ આબેદીન (અ.)ની એક સાચી હિકાયત સાંભળીને આપણા ઈમાનમાં અને મોહબ્બતમાં વધારો કરીએ.

હઝરત ઈમામ ઝૈનુલ આબેદીન (અ.)નો એક ચાહક આપને મળવા માટે મક્કામાં આવ્યો. એ વખતે આપ (અ.) કાબાનો તવાફ કરી રહ્યા હતા. પેલો ચાહક પણ તવાફમાં આપની સાથે જોડાઈ ગયો. ઈસ્લામની ઈબાદતોમાં તવાફે ખાના-એ-કા'બા અફઝલતરીન ઈબાદત છે. આમ જોઈએ તો નમાઝ કરતાં અધિક અલ્લાહની કોઈ ઈબાદત નથી. જેટલી પઢાય તેટલી પઢો, પરંતુ વાજિબ નમાઝ પછી તવાફ કરવામાં ખૂબ વધારે સવાબ છે.

મોમિન ચાહકે ચાલુ તવાફમાં કહ્યું, "આકા ! હું મદીનાથી આવ્યો છું, અહીંયાં મને એકાદ બે વ્યકિતઓનાં નામ આપો કે જેથી તેમની પાસે જઈને હું મારું કામ તેમને બતાવું." ઈમામ (અ.)એ પૂછ્યું, "તું મને કેમ કહેતો નથી કે તારે શું કામ છે ? મને કામ બતાવ. હું જાતે જ તારું કામ કરી દઈશ." તે મોમિને કહ્યું, "યા ઈમામ ! આપ તો જમાનાના ઈમામ છો, અમારા હાદી છો, અમારા પેશવા અને રહેબર છો. કોઈ પણ માણસ તવાફ કરતો હોય તો અમે લોકો તેને કોઈ કામ બતાવતા નથી, તો પછી આપને હું કેવી રીતે કામ બતાવું ? આપ તો અત્યારે હાલ અફઝલતરીન ઈબાદત કરી રહ્યા છો. એટલું સંભાળતાંની સાથે જ ઈમામે તવાફ તોડી દીધો અને કહેવા લાગ્યા, "ચાલ, હું તારી સાથે આવું છું અને તારું કામ કરી દઉં છું. આ તવાફ

તો સુન્નત છે. અહીં તો એક તવાફનો સવાબ એક જ મળશે, પરંતુ જ્યારે કોઈ મોમિનના કાર્ય અર્થે જવાનું હોય ત્યારે તો એક એક કદમ પર ૭૦ હજ, ૭૦ ઉમરાનો સવાબ મળશે અને એ પણ એવો કે જે અલ્લાહે કબૂલ કરી લીધો હોય, એવી હજ અને ઉમરાનો સવાબ મળશે. (જાફરી આવાઝ, મે-૨૦૦૨)

બિરાદરાને મોમિનીન ! આપે સાંભળ્યું કે એક મોમિનની મદદ કરવાનો અલ્લાહ કેટલો મહાન અજ્ર અને સવાબ અતા કરે છે. તો મોમિન કરતાં મહાન મર્તબો અને ફઝીલત સાદાતે કિરામની છે. એમના પ્રત્યે મોહબ્બત અને મોવદ્દત અજ્રે રિસાલતની અદાયગી છે. રસૂલે ખુદા (સ.)થી રિવાયત છે કે, "જે કોઈ મારી ઝુર્રિયતની જબાનથી કે માલથી મદદ કરે તેની હું શફાઅત કરીશ." વળી આપ (સ.)એ ફરમાવ્યું છે કે, "કયામતના દિવસે હું ચાર શખ્સની શફાઅત કરીશ, અગર એમના ગુના આખી દુનિયા જેટલા હશે તો પણ.

(૧) જે મારી ઝુર્રિયતની બુઝુર્ગી કરે.

(૨) જે તેમની હાજત પૂરી કરે.

(૩) જે તેમની ગભરાટ અને પરેશાનીની હાલતમાં મદદ કરે અને

(૪) દિલ અને જબાનથી તેમની સાથે દોસ્તી રાખે."

આપ (સ.)એ ફરમાવ્યું છે કે, "મારી આલમાંથી જે નેક છે તેઓની બુઝુર્ગી અલ્લાહની ખુશી માટે કરે અને તેમનામાંથી જે બદ છે તેમની બુઝુર્ગી મારી ખુશી ખાતર કરે." (મેઅરાજુસ્સાદા, ભાગ-૧,પેજ-૩૯૪)

મોમિનીન અને મોમિનાત ! સાદાતે કિરામની કેટલી બધી મહાન ફઝીલત છે અને આપણા પીરો તો આલે નબી ઓલાદે અલી છે. આપણે ખુશનસીબ છીએ કે આપણને આવા બુઝુર્ગ પીરો મુરશિદ મળ્યા. આપણે તેમની સાચા દિલથી મોહબ્બત કરીશું અને તેમના હુકમનું પાલન કરીશું તો કયામતના દિવસે ઈન્શાઅલ્લાહ મહાન બદલો મળશે.

**દુઆ :**

- યા અલ્લાહ ! બ હકકે મોહંમદ વ આલે મોહંમદ, અમને સાચા મોમિન બનાવજે,
- અમને એકબીજાની ભલાઈ કરવાવાળા બનાવજે,
- અમને અમારા પીરો મુરશિદના હુકમ પ્રમાણે ચલાવજે,
- અમને અમારા પીરનો છાયો અમારા સર પર સદા સલામત રાખજે, આમીન.

સલવાત

**ગડમથલ નં.૨૫૬નો ઉકેલ** **<u>આડી ચાવીઓ:</u>** (૧) સલવાત (૩) બદગુમાન (૬) રિહાઈ (૮) ફરસ (૯) સગીર (૧૧) મત (૧૨) ખરાબ (૧૩) કઝા (૧૪) ઝકૂમ (૧૭) ઈતરત (૧૯) ચાય (૨૦) સુલતાન (૨૫) કમ (૨૬) રફતાર (૨૭) સદાકત (૨૯) હલીમ (૩૧) હરવલા (૩૨) મલમલ **<u>ઊભી ચાવીઓ:</u>** (૧) સરફરાઝ (૨) વારિસ (૪) દબીર (૫) નશાત (૭) ઈસરાઈલ (૧૦) ગીબત (૧૧) મઝા (૧૩) કતલ (૧૫) કૂચા (૧૬) મય (૧૮) સનમ (૨૧) તાકત (૨૨) દરગાહ (૨૩) મરહલા (૨૪) કસમ (૨૮) કફીલ (૩૦) હાલ

## Blog — બ્લૉગ

Ref : Wayfaring (My search for Truth)

લેખન : હાજર પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ (મદ્દે.)

- **Wish** (ઈચ્છા)

  If you want your wish to come true, first make your wish clear to yourself because half-hearted wishes seldom come true.

  જો તમે એવું ઈચ્છતા હો કે તમારી ઈચ્છા ફળીભૂત થાય તો સૌ પ્રથમ તમે તમારી જાત સાથે તમારી ઈચ્છાને સ્પષ્ટ કરો કારણ કે અધુરા મનની ઈચ્છાઓ ભાગ્યે જ ફળીભૂત થતી હોય છે.

- **Strength and Weakness** (તાકાત અને નબળાઈ)

  If your weakness stops you from hurting people, it's much better than the strength that hurts people.

  જો તમારી નબળાઈ લોકોની લાગણી દુભવવાથી તમને રોકતી હોય તો તે એવી તાકાત કરતાં વધારે સારી કહેવાય કે જે લોકોની લાગણીને દુભવતી હોય.

- **Dream and Reality** (સપનું અને વાસ્તવિકતા)

  Never mix your dreams with your reality and your reality will become as beautiful as your dream.

  તમારાં સપનાંને કદી તમારી વાસ્તવિકતા સાથે ભેળવી ન દો અને તમારી વાસ્તવિકતા તમારા સપના જેટલી જ સુંદર બની જશે.

- **Greatness** (મહાનતા)

  Try to remain ordinary for a sustained period of time and you'll attain greatness. Extraordinary deeds, interspersed with bad deeds will only make you more ordinary.

  સમયના અમુક ગાળા માટે સાધારણ (વ્યક્તિ) બનીને રહેવાનો પ્રયત્ન કરો અને તમે મહાનતાને પ્રાપ્ત કરશો. ખરાબ કાર્યોની સાથે વેરવિખેર થઈ ગયેલાં તમારાં અસાધારણ કાર્યો જ માત્ર તમને વધારે સાધારણ બનાવી દે છે.


- **Death** (મોત)

  A natural death is a permanent cure for all the illness and miseries of life. Death is certainly not the end of life.

  કુદરતી મોત બધી જ બીમારીઓનો અને જીવનનાં દુ:ખોનો કાયમી ઈલાજ છે. મોત ચોક્કસપણે જીવનનો અંત નથી.

- **Praise** (વખાણ/પ્રશંસા)
  Praise improves a person's character. If you want someone to improve, don't wait for the improvement to come about before praising him. Praise him immediately.
  વખાણ વ્યક્તિના ચારિત્ર્યને સુધારે છે. જો તમારે કોઈને સુધારવાની ઈચ્છા હોય તો તેનાં વખાણ કર્યા પહેલાં સુધારો થવાની રાહ ન જુઓ. તાત્કાલિક તેનાં વખાણ કરો.
- **Beauty** (સુંદરતા)
  Beauty is God's reward for perfection. Strive for perfection and your work will become beautiful on its own.
  સુંદરતા એ સંપૂર્ણતા માટેનો અલ્લાહનો બદલો છે. સંપૂર્ણતા માટે મથન કરો અને તમારું કામ આપમેળે જ સુંદર બની જશે.
- **Livelihood** (રોજી/આજીવિકા)
  Pursue the purpose of your life and your livelihood will follow you. Never abandon the purpose of your life in search of livelihood. You may lose both.
  તમારા જીવનના હેતુને અનુસરો અને તમારી રોજી તમારી પાછળ પાછળ આવશે. રોજીની શોધમાં તમારા જીવનના હેતુનો કદી ત્યાગ કરતા નહીં. (નહીંતર) કદાચ તમે બન્નેને ગુમાવી બેસશો.
- **Service** (સેવા/ખિદમત)
  Serve the way you are required to serve. Serving the way you want to serve will kill the purpose of your service.
  તમારી સેવાની જેવી જરૂર હોય એ રીતે સેવા કરો. તમારી ઈચ્છા મુજબ સેવા કરવાની રીતથી તો તમે તમારી સેવાના હેતુનો જ ખાતમો બોલવી દેશો.
- **Equality** (સમાનતા)
  Equality is either an illusion or a result of ignorance about people's character. Everybody's different from the others in the way he has benefitted or harmed his society.
  સમાનતા કાં તો એવો ભ્રમ છે અથવા તો લોકોના ચારિત્ર્ય વિષેની અજ્ઞાનતાનું કોઈ પરિણામ છે. દરેક જણે જે રીતે તેના સમાજને લાભ પહોંચાડ્યો હોય અથવા તો નુકસાન પહોંચાડ્યું હોય એ રીતે બીજાઓથી અલગ જ હોય છે.

**જાફરી આવાઝના ગ્રાહકના સરનામામાં ફેરફાર કરવાનો હોય કે અંક ન મળતો હોય તો મો.અકબરઅલી મસી (મો.૯૮૨૫૪૯૭૧૭૮, ૯૪૨૯૩૭૦૮૫૨)નો સંપર્ક કરવો**



# મીર અનીસના મરસિયા

મરસિયા—૨

مرثیہ-۲

**જનાબે ઝૈનબ (અ.)ના ફરઝંદો : ઔન (અ.) અને મોહંમદ (અ.)ની શહાદત**

**جنگ و شہادت عونؑ و محمدؑ پسرانِ حضرتِ زینبؑ**

مارے گئے مولا کے جو انصارو موالی — تب حضرت مسلم کے یتیموں نے رضا لی
جس دم وہ چلے رونے لگے سرورِ عالی — اک حملے میں دونوں نے پرے کر دیے خالی
تھا غلغلۂ دارو بگیر اہل ستم میں
برپا تھا تلاطم حرمِ شاہِ زمن مین

**મારે ગયે મૌલા કે જો અન્સારો મવાલી — તબ હઝરતે મુસ્લિમકે યતીમોંને રઝા લી**
**જિસ દમ વો ચલે રોને લગે સરવરે આલી — ઈક હમ્લેમેં દોનોંને પરે કર દિયે ખાલી**
**થા ગુલ્ગુલાએ દારો બગૈર અહલે સિતમમેં**
**બર્પા થા તલાતુમ હરમે શાહે ઝમનમેં**

(જ્યારે મૌલાના મદદગારો અને દોસ્તો માર્યા ગયા ત્યારે હઝરતે મુસ્લિમના યતીમોએ પણ મેદાનમાં જવાની રજા લઈ લીધી. જે વખતે તે બન્ને ચાલ્યા તો સરવરે આલી હઝરત ઈમામ હુસૈન (અ.) રડવા લાગ્યા. એક જ હુમલામાં તે બન્ને જાણે તીરોનાં ભાથાં ખાલી કરી દીધાં. જાલિમ લોકોમાં એક કોલાહલ પેદા થઈ ગયો. શાહે ઝમન ઈમામ હુસૈન (અ.)ના તંબુઓમાં પણ એક કોહરામ મચી ગયો હતો.)

بےتابی سے تھا حضرتِ زینبؑ کا عجب حال — تسبیح تو تھی ہاتھ میں بکھرا دیے تھے بال
رعشہ تھا تنِ زار میں خورشید کے تماشال — حق سے یہ دعا تھی کہ بچے فاطمہؑ کا لال
لب خشک تھے رُخ زرد پسینہ تھا جبیں پر
چادر سرِ اطہر کی لٹکتی تھی زمیں پر

**બેતાબી સે થા હઝરતે ઝૈનબકા અજબ હાલ**      **તસ્બીહ તો થી હાથમેં બિખરા દિયે થે બાલ**

**રો'શા થા તને ઝારમેં ખુર્શીદ કે તમશાલ**      **હકસે યે દુઆથી કે બચે ફાતેમાકા લાલ**

**લબ ખુશ્ક થે રૂખ ઝર્દ પસીના થા જબીં પર**

**ચાદર સરે અત્હરકી લટકતી થી ઝમીં પર**

(વ્યાકુળતાને લીધે હઝરત બીબી ઝૈનબ (અ.)ની અજબ હાલત હતી. તેમના હાથમાં તસ્બીહ હતી અને તેમણે પોતાના વાળ વિખેરી નાખ્યા હતા. અશક્ત શરીરમાં ધ્રુજારી એવી હતી જેવો કે સૂરજનો ચહેરો હોય છે. અલ્લાહથી તેઓ દુઆ માગતાં હતાં કે ફાતેમાના લાલ હુસૈન (અ.) બચી જાય. આપના હોઠ સૂકાયેલા હતા, ચહેરો પીળો પડી ગયો હતો અને કપાળ ઉપર પરસેવો હતો અને આપના પવિત્ર માથા ઉપરની ચાદર જમીન પર લટકતી હતી.)

پھرتی تھی کبھی صحن میں کرتی ہوئی نالے      در پر کبھی جاتی تھی کلیجے کو سنبھالے

تلواریں چمکتی تھیں نظر آتے تھے بھالے      کہتی تھی کہ یاربّ مرے بھائی کو بچالے

زینبؑ پہ ستم ہو شہِ دلگیر کے بدلے

فرندوں کو دیتی ہوں میں شبیرؑ کے بدلے

**ફિરતી થી કભી સહ્નમેં કરતી હુઈ નાલે,**      **દર પર કભી જાતી થી કલેજેકો સંભાલે**

**તલવારેં ચમકતી થી નઝર આતે થે ભાલે**      **કેહતી થી કે યા રબ્બ મેરે ભાઈકો બચાલે**

**ઝૈનબ પે સિતમ હો શહે દિલગીર કે બદલે**

**ફરઝંદોંકો દેતી હૂં મૈં શબ્બીર કે બદલે**

(બીબી ઝૈનબ (અ.) ફરિયાદ કરતાં કરતાં કોઈ વાર તો આંગણામાં ફરતાં હતાં. તો કોઈ વાર કાળજાને કઠણ કરીને ખૈમાના દરવાજા સુધી જતાં હતાં તો ત્યાં તેમને ચમકતી તલવારો અને ભાલા નજરે પડતા હતા. બીબી ઝૈનબ (અ.) એવું કહેતાં હતાં કે યા રબ ! મારા ભાઈને તું બચાવી લે. મારા ભૈયા હુસૈન (અ.)ના બદલે ભલેને મારા ઉપર સિતમ થાય. હું શબ્બીરના બદલામાં મારા બે ફરઝંદો તને આપું છું.)

اتنے میں خبر کے جو فضّہ نے سُنائی      لو ہوتی ہے مسلم کے یتیموں سے جدائی

یہ سنتے ہی زردی سی رُخِ پاک پہ چھائی      فرمایا نصیحت مرے بیٹوں نے بھلائی

میں سمجھی تھی اعداء سے وغا کرتے ہیں دہون


کس کھیل میں مصروف ہیں کیا کرتے ہیں دونوں

ઈત્નેમેં ખબર કે જો ફિઝ્ઝાને સુનાઈ, લો હોતી હય મુસ્લિમકે યતીમોંસે જુદાઈ
યે સુનતે હી ઝર્દી સી રૂખે પાક પે છાઈ ફરમાયા નસીહત મેરે બેટોંને ભુલાઈ

**મૈં સમઝી થી આઅદા સે વગા કરતે હય દોનોં**
**કિસ ખેલમેં મશરૂફ હય, કયા કરતે હય દોનોં**

(એટલામાં તો જનાબે ફિઝ્ઝાએ એવી ખબર સંભળાવી કે લ્યો, મુસ્લિમ બિન અકીલ (અ.)ના ફરઝંદોથી પણ જુદાઈ થઈ ગઈ. આટલું સાંભળતાંની સાથે જ જનાબે ઝૈનબ (અ.)નો ચહેરો પીળો પડી ગયો. એવું ફરમાવવા લાગ્યાં કે મારા બન્ને ફરઝંદો મારી નસીહત ભૂલી ગયા કે શું ? હું તો એવું સમજતી હતી કે મારા આ બન્ને ફરઝંદો દુશ્મનો સાથે જંગ કરી રહ્યા છે. તે કઈ રમતમાં મશગૂલ છે, બન્ને જણા શું કરી રહ્યા છે ?)

**નિખાલસ અમલ** ઈમામ જાફર સાદિક (અ.) ફરમાવે છે કે કયામતના દિવસે એક માણસને હિસાબ માટે લાવવામાં આવશે. તેના આમાલનામામાં એક પણ નેકી નહીં હોય. ફરિશ્તાઓ કહેશે, કદી તમે કોઈ નેકીનું કામ કર્યું હોય તો બતાવો. તે માણસ કહેશે, મેં જિંદગીમાં કોઈ નેકી તો નથી કરી. હા, ફલાણો માણસ મારા ઘર પાસે થઈને પસાર થઈ રહ્યો હતો ત્યારે તેણે મારી પાસે વુઝૂ કરવા માટે પાણી માગ્યું હતું તો મેં પાણી આપી દીધું. તેણે વુઝૂ કરીને નમાઝ પઢી. તેને ગવાહી માટે બોલાવવામાં આવશે તો કહેશે કે પરવરદિગાર ! તારો બંદો સાચું કહી રહ્યો છે. એ જ વખતે કુદરતનો અવાજ આવશે કે મેં તેને માફ કરી દીધો. તેને જન્નતમાં દાખલ કરી દેવામાં આવે.



# જાફરી પંચાંગ

**ચાંદ દેખાય તે પ્રમાણે અમલ કરવો.**

| અંગ્રેજી તારીખ | ઈસ્લામી તારીખ | વાર | તા.૧૬ માહે ડિસેમ્બર–૨૦૧૩ થી તા. ૧૫, માહે જાન્યુઆરી–૨૦૧૪<br>મુ.તા. ૧૨, મોહર્રમ–૧૪૩૫ થી મુ.તા. ૧૩, રબી.અવ્વલ–૧૪૩૫ |
|---|---|---|---|
| ડિસે. | સફર | – | |
| 16 | ૧૨ | સોમ | **વિલાદત : હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા (મદ્દે.)** |
| 21 | ૧૭ | શનિ | **વિલાદત : વલીઅહદ પીર સૈયદ મોહંમદ કામરાનહુસૈન બાવા (મદ્દે.)** ❖ શહાદત : હઝરત ઈમામ અલી રઝા (અ.) |
| 24 | ૨૦ | મંગળ | હઝરત ઈમામ હુસૈન (અ.)નું ચહેલૂમ (અરબાઈન) |
| 25 | ૨૧ | બુધ | **વિલાદત : પીર સૈયદ ગાલિબુદ્દીન (રહે.) ❖ નાતાલ** |
| 31 | ૨૭ | મંગળ | વફાત : પીર સૈયદ મુસ્તુફા (રહે.) |
| જાન્યુ.1 | ૨૮ | બુધ | નોંધ જુઓ. |
| 3 | રબી.અ.૧ | શુક્ર | હઝરત રસૂલે ખુદા (સ.)ની મદીના શરીફ તરફ હિજરત |
| 4 | ૨ | શનિ | **વિલાદત : પીર સૈયદ હાજી મહેમૂદ સદરૂદ્દીન (રહે.)** |
| 9 | ૭ | ગુરૂ | **વિલાદત : પીર સૈયદ એહમદ હાદી (રહે.)** |
| 10 | ૮ | શુક્ર | શહાદત : હઝરત ઈમામ હસન અસ્કરી (અ.) |
| 11 | ૯ | શનિ | **ઈદે ઝેહરા ❖ બારમા ઈમામની ઈમામતનો પ્રથમ દિવસ** |
| 12 | ૧૦ | રવિ | **હઝરત રસૂલે ખુદા (સ.)ના નિકાહ જનાબે ખદીજતુલ કુબરા સાથે થયા.** |
| 14 | ૧૨ | મંગળ | **મકરસંક્રાંતિ** |

**નોંધ : તા.૧-૧-૨૦૧૪, મુ.તા. ૨૮, સફર-૧૪૩૫**
વફાત : હઝરત મોહંમદ મુસ્તફા (સ.)
શહાદત : હઝરત ઈમામ હસન મુજતબા (અ.)
**વિલાદત : પીર સૈયદ હાશમઅલી બાવા (રહે.)**

## શું તમે આ જાફરી આવાઝ વાંચ્યું ?

## લ્યો ત્યારે, આપો આના જવાબ.

સંપાદક : મોલ્વી કમ્બરઅલી
દાવડા (કાટવાડ)

(૧) અલ્લાહે હજ પઢનારાઓ માટે કયો સવાબ નકકી કર્યો છે ?
(૨) 'અમીરુલ મોમિનીન' શબ્દ ફકત કયા ઈમામ માટે વપરાય છે ?
(૩) અહલેબૈત (અ.)માં સ્ત્રીઓમાંથી કોનો સમાવેશ થાય છે ?
(૪) અલ્લાહની મગ્ફેરત માગવા માટે હંમેશાં કયો ઝિક્ર કરવો જોઈએ ?
(૫) ઈમામ જાફર સાદિક (અ.)ના મત અનુસાર કયાં પક્ષીઓ ઈમામ હુસૈન (અ.)ના કાતિલ ઉપર લા'નત કરે છે ?
(૬) અલ્લાહે એક મોમિનના બીજા મોમિન ઉપર કેટલા હક વાજિબ કર્યા છે ?
(૭) 'સૂરાએ તકવીર' નામના સૂરામાં કઈ બાબતનું વર્ણન કરવામાં આવ્યું છે ?
(૮) દસમા ઈમામે અબૂ હાશિમના મોઢામાં કાંકરી મૂકવા આપી ત્યારે તે કેટલી ભાષાઓના આલિમ બની ગયા ?
(૯) જહન્નમવાસીઓને મળનારા થૉરના જેવા ઝાડનું નામ શું છે ?
(૧૦) મોમિનની તા'ઝીમ કરવી જાણે કે ...........................ની તા'ઝીમ કરવા બરાબર છે.

# જ્ઞાનગોષ્ઠિ

સંપાદક : મોમિન રત્ન

## વસિયત વિષે

**નજીકના સગાઓ અને દોસ્તોના માટે વસિયત :**

હસન બિન મહેબૂબે અલી બિન રતાબથી, તેમણે ઝરારાથી, તેમણે હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)થી રિવાયત કરી છે, એક એવા માણસની બાબતમાં કે જેણે પોતાના માલના ૧/૩ (એક તૃત્યાંશ) ભાગની પોતાના કાકાઓ, અને મામાઓના માટે વસિયત કરી. આપ (અ.)એ ફરમાવ્યું, તેમાં ૨/૩ (બે તૃત્યાંશ) કાકાઓ માટે અને ૧/૩ (એક તૃત્યાંશ) મામાઓ માટે છે. (૫૪૮૩)

સહલ બિન ઝિયાદ આદમીએ એક વખત હઝરત ઈમામ અબૂ મોહંમદ (અ.)ને પત્ર લખ્યો કે એક માણસની ઓલાદ છોકરાઓ અને છોકરીઓ બન્ને છે અને તેણે પોતાની જાયદાદ માટે એવો કરાર આપી દીધો કે આ બધું મારી ઓલાદનું છે, પરંતુ એ નથી બતાવ્યું કે અલ્લાહના મુકર્રર થયેલા સહામ અને ફરાએઝની દૃષ્ટિએ કોનો કેટલો (ભાગ) છે. તો શું હવે એમાં છોકરા અને છોકરીઓ બધાં સરખા ભાગે હિસ્સેદાર બનશે ? તો જવાબમાં આવું લખાણ આવ્યું કે આ બધું પોતાના બાપની વસિયતને એવી રીતે ચાલુ કરો કે જેના માટે જે ચીજ નામઝદ કરી દીધી છે અને અગર કોઈના માટે કોઈ ચીજ નામઝદ નથી કરી તો પછી વસિયતને કિતાબે ખુદા તરફ વાપિસ કરો, ઈન્શાઅલ્લાહ (૫૪૮૪)

મોહંમદ બિન હસન સફાર (રઝી.અ.)એ હઝરત ઈમામ અબૂ મોહંમદ બિન હસન ઈબ્ને અલી (અ.)ને પત્ર લખ્યો કે એક માણસે પોતાના માલનો એક હિસ્સો પોતાના મુવાલિયાન અને મુવાલિયાનના માટે વસિયત કરી દીધી છે તો શું હવે એમાં સ્ત્રી અને પુરૂષ બન્નેને સરખે સરખો હિસ્સો મળશે અથવા વસિયતમાં પુરૂષને સ્ત્રી કરતાં બે ગણો હિસ્સો મળશે ? તો જવાબમાં લખાણ આવ્યું કે મય્યતના માટે જાઈઝ છે કે જેના માટે જેટલું ઈચ્છે વસિયત કરી જાય. ઈન્શાઅલ્લાહ. (૫૪૮૫)

**બાલિગ અને નાબાલિગ બન્નેને વસિયત કરવી :**

મોહંમદ બિન ઈસા બિન ઉબૈદે પોતાના ભાઈ જાફર બિન ઈસા બિન ઉબૈદથી, તેમણે અલી બિન યકતીનથી રિવાયત કરી છે. તેમનું બયાન છે કે એક વખત મેં હઝરત ઈમામ અબૂલહસન (અ.)થી પૂછ્યું કે એક માણસે એક સ્ત્રીને વસિયત કરી અને એ વસિયતમાં એક છોકરાને પણ ભાગીદાર કરી દીધો. આપ (અ.)એ ફરમાવ્યું કે એ જાઈઝ છે અને સ્ત્રી તે વસિયત પર અમલ કરશે. છોકરાના માટે બાલિગ હોવા સુધી વાટ નહીં જુએ અને જ્યારે છોકરો બાલિગ થઈ જશે તો તેને હક નથી કે તેના ઉપર રાજી ન થાય સિવાય એના કે વસિયતમાં કોઈ ફેરફાર કર્યો હોય. અગર એવું થયું હોય તો તેને હક છે કે તે મરનારની વસિયત તરફ વાપિસ કરી લાવે. (૫૪૮૬)

મોહંમદ બિન હસન સફ્ફાર (રઝી.અ.)એ હઝરત ઈમામ અલી મોહંમદ બિન હસન બિન અલી (અ.)ને પત્ર લખ્યો કે એક માણસે પોતાની

ઓલાદને વસિયત કરી. તેમાં કેટલાક મોટા છે કે જેઓ બાલિગ છે અને કેટલાક નાના છે કે જે હજુ નાબાલિગ છે. શું મોટાઓ માટે એ જાઈઝ છે કે તેઓ વસિયતને ચાલુ કરી દઈને બાપના કર્ઝને અદા કરી દે ? આદિલોની ગવાહીના આધારે કે જે મય્યત ઉપર સહીહ આઈદ (સાચી જવાબદારી) થાય છે, એ પહેલાં કે નાનાં બાળકો મોટાં થઈ જાય ? તો જવાબમાં આંજનાબ (અ.)નું લખાણ આવ્યું કે મોટી ઓલાદો ઉપર લાઝિમ છે કે પોતાના બાપનું કર્ઝ અદા કરે અને તેને ન રોકે. (૫૪૮૭)

**વસિયત કરનારના પહેલાં એ માણસ મરી જાય છે કે જેના માટે વસિયત કરવામાં આવી હોય અથવા તો જે માલની વસિયત કરવામાં આવી છે તેના ઉપર કબજો કરવા પહેલાં જ મરી જાય છે :**

ઉમર બિન સઈદ મદાઈનીએ બિન ઉમર સબાતીથી રિવાયત કરી. તેમનું બયાન છે કે મેં હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)થી પૂછ્યું કે એક માણસે મને વસિયત કરી અને હુકમ આપ્યો કે દર વર્ષે મારા કાકાને કંઈક આપતા રહેજો. તેનો કાકો મરી ગયો. આંજનાબ (અ.)એ જવાબમાં લખાણ લખીને ફરમાવ્યું કે તેના (કાકાના) વારસોને આપતા રહો. (૫૪૮૮)

આસિમ બિન હમીદે મોહંમદ બિન કૈસને, તેમણે હઝરત અબૂ જાફર ઈમામ મોહંમદ બાકિર (અ.)થી રિવાયત કરી છે કે આપ (અ.)એ ફરમાવ્યું કે હઝરત અમીરુલ મોમિનીન (અ.)એ એક એવા માણસની બાબતમાં ફેંસલો ફરમાવ્યો કે જેણે એક બીજા માણસને વસિયત કરી અને જેના માટે વસિયત કરી તે ગાયબ (ગેરહાજર) હતો તેથી જેના માટે વસિયત કરી હતી તે વસિયત કરનારાના પહેલાં જ મરી ગયો. આપ (અ.)એ ફરમાવ્યું કે હવે વસિયત એના વારિસો માટે થઈ ગઈ કે જેના માટે વસિયત કરવામાં આવી હતી અને ફરમાવ્યું, જે માણસ કોઈ આદમી માટે વસિયત કરે ભલેને તે આદમી મોજુદ હોય કે ગાયબ હોય અને તે વસિયત કરનારાના પહેલાં મરી જાય તો પછી આ વસિયત તેના વારિસોના માટે થઈ ગઈ કે જેના માટે વસિયત કરવામાં આવી હતી, પરંતુ એ કે ખુદ વસિયત કરનારો પોતાની વસિયતથી ફરી જાય, પોતાના મોતના પહેલાં. (૫૪૮૯)

અબ્બાસ બિન આમિરે શન્નાથી રિવાયત કરી છે. તેમનું બયાન છે કે એક વખત મેં આંજનાબ (અ.)થી એક એવા માણસના વિષે પૂછ્યું કે જેના માટે એક વસિયત કરવામાં આવી હતી અને તે વસિયત કરનારો વસ્તુ ઉપર કબજો કરવાના પહેલાં જ મરી ગયો અને તેના સંબંધીઓમાંથી પણ કોઈ નથી. આપ (અ.)એ ફરમાવ્યું, તેના વારિસની શોધ કરો અથવા એના કોઈ મવાલી (મિત્ર)ને અને આ વસ્તુ એને આપી દો. મેં અરજ કરી, અને અગર તેનો કોઈ વાલી મળી ન શકે તો ? આપ (અ.)એ ફરમાવ્યું, તેને શોધવાની કોશિશ તો કરો અને અગર તમે તેને ન મેળવો તો અલ્લાહ તમારી કોશિશને જાણે છે. પછી તેને સદકામાં આપી દો. (૫૪૯૦)

**ગુલામને આઝાદ કરવા, સદકો કરવા અને હજના માટે વસિયત :**

મોહંમદ બિન અબી ઉમૈરે મોઆવિયા બિન અમ્મારથી રિવાયત કરી છે કે મારા કુટુંબની એક સ્ત્રીએ મને પોતાના માલની વસિયત કરી અને મને તેના તરફથી એક ગુલામ આઝાદ કરવા અને હજ કરવા અને કંઈક સદકો આપવા માટે કહ્યું, પરંતુ તેનો

માલ એ બધા માટે કાફી ન હતો. મેં અબૂ હનીફાથી પૂછ્યું તો તેમણે કહ્યું કે તેના માલના ત્રણ ભાગ પાડો અને એક તૃત્યાંશ (૧/૩) હજમાં, એક તૃત્યાંશ (૧/૩) ગુલામને આઝાદ કરવામાં અને એક તૃત્યાંશ સદકામાં. પછી હું ઈમામ જાફર સાદિક (અ.)ની ખિદમતમાં ગયો અને અરજ કરી કે મારા કુટુંબની સ્ત્રીએ મને પોતે છોડી ગયેલ માલના એક તૃત્યાંશની બાબતમાં વસિયત કરી અને કહ્યું કે આમાંથી મારા તરફથી એક ગુલામ આઝાદ કરવામાં આવે, હજ કરવામાં આવે અને સદકો આપવામાં આવે તો મેં નજર ફેંકી તો એ બધા માટે આટલો માલ કાફી નહીં થાય. તો ઈમામ (અ.)એ ફરમાવ્યું, પહેલાં હજ કરો એટલા માટે કે આ અલ્લાહના ફરાઈઝમાંથી એક ફરીઝો છે અને બાકીના એક હિસ્સાને ગુલામને આઝાદ કરવામાં અને એક હિસ્સાને સદકામાં ખર્ચો. તો આપ (અ.)એ જે કંઈ કહ્યું હતું તે અબૂ હનીફાને બતાવ્યું તો તેમણે પોતાનો ફતવો પાછો લઈ લીધો અને કહ્યું કે ઈમામ જાફર સાદિક (અ.)નો આવો ઈર્શાદ છે. (૫૪૯૧)

હસન બિન અલી બિન ફઝ્ઝાલે દાવૂદ બિન ફર્કદથી રિવાયત કરી છે. તેમનું બયાન છે કે એક વખત હઝરત ઈમામ જાફર સાદિક (અ.)ને પૂછવામાં આવ્યું કે એક માણસ સફરમાં હતો. તેની સાથે તેની કનીઝ અને બે ગુલામ (કબજો કરેલા) હતા. તો તેણે એ બન્ને ગુલામોને કહ્યું કે તમે બન્ને લૌજલ્લાહ આઝાદ છો અને તમે બન્ને ગવાહ રહો કે આ કનીઝના બતનમાં જે કંઈ છે તે મારું છે. પછી તો તે કનીઝના બતનથી છોકરો પેદા થયો અને જ્યારે તે બધા તેના વારિસો સુધી પહોંચ્યા તો એ બધાએ તેનો ઈન્કાર કરી દીધો અને તે બધાયને ગુલામ બનાવી લીધા. પછી પાછળથી તે બન્ને ગુલામોને આઝાદ કરી દીધા તો એ બન્નેએ ગવાહી આપી કે અમારા બન્નેના પહેલાં માલિકે અમને ગવાહ બનાવ્યા હતા કે આ કનીઝના બતનમાં જે કંઈ છે તે મારાથી છે. આપ (અ.)એ ફરમાવ્યું કે આ બન્નેની ગવાહી છોકરા માટે જાઈઝ છે અને હવે તે છોકરો આ બન્નેને ગુલામ બનાવશે નહીં એટલા માટે કે તે બન્નેએ તેની નિસ્બત સાબિત કરી છે. (૫૪૯૨) (ક્રમશ:)

## શબ્દ પરિચય

### હલ્કા

**હલ્કા :** (حلقہ) હલ્કા અરબી ભાષાનો શબ્દ છે. તેના જુદા જુદા અર્થ આ મુજબ થાય છે. (૧) મંડળ, ઘેરો, કુંડાળુ (૨) મંડળી, સમુદાય (૩) ક્ષેત્ર, દાયરો, વર્તુળ (૪) મજલિસ, જમાઅત (૫) લોખંડ, વગેરેનું કડું (૬) ઈલાકો, જિલ્લો. આ શબ્દ ઉપરથી બનતા કેટલાક શબ્દો જોઈએ. **હલ્કાએ અઈઝ્ઝા -** બંધુવર્ગ **હલ્કા એ અહલાલ -** મિત્ર મંડળ, મિત્ર વર્ગ, મિત્ર ગણ **હલ્કાએ આગોશ -** બન્ને હાથનો આલિંગન માટેનો ઘેરાવ **હલ્કા એ ઈરાદત -** અનુયાયીઓનું મંડળ **હલ્કા એ ગિર્દાબ -** પાણીની ભમરી **હલ્કા એ ઝંજીર -** સાંકળની કડી **હલ્કાએ ચશ્મ -** આંખનો ડોળો **હલ્કાએ દર -** દરવાજાનું કડુ **હલ્કા બગોશ -** ગુલામ, ફરમાબરદાર **હલ્કાબંદી -** ઘેરાવ કરવાની ક્રિયા, કેટલાક ઈલાકાઓને કોઈ હેતુ માટે ભેગા કરવા **હલ્કા ડાલના -** ચારેય બાજુએથી ઘેરી લેવું **હલ્કા બાંધના -** કુંડાળુ બનાવવું **હલ્કેકા માતમ -** એવી માતમ કે જે કુંડાળુ બનાવીને કરવામાં આવે.

# આપણા ઘરની વાતો

**● ખાટાઆંબા મુકામે "હુસૈની રક્તદાન શિબિર" યોજાયો :**

૯, માહે મોહર્રમ હિ. સ.–૧૪૩૫, તા. ૧૪-૧૧-૨૦૧૩ને ગુરુવારના રોજ સવારે ૮:૦૦ થી ૧૨:૦૦ કલાક દરમિયાન હઝરત ઈમામ હુસૈન (અ.) અને કરબલાના શહીદો અને અસીરોની યાદમાં "હુસૈની રક્તદાન શિબિર"નું આયોજન ખાંટાઆંબા મુકામે અઝાખાના એ અબૂ તાલિબમાં થયું. તેમાં ૩૧ (એકત્રીસ) અઝાદાર ભાઈ બહેનોએ રક્તદાન કર્યું હતું. સમગ્ર પ્રોગ્રામ જનાબ એ.ડી.મોમિનના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ અને ઈન્શાઅલ્લાહ કરતા રહીશું.

**● વસો મુકામે રક્તદાન શિબિર યોજાયો :**

સર્વોદય ક્લબ, વસો અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી–નડીયાદ તરફથી મુ.તા.૪, મોહર્રમ–૧૪૩૫, તા.૯–૧૧–૨૦૧૩ના રોજ સવારે ૧૦:૦૦ થી ૨:૦૦ કલાક દરમિયાન રક્તદાન શિબિર યોજવામાં આવ્યો હતો. આ રક્તદાન શિબિરમાં ૬૩ બોટલ રક્ત દાન કરવામાં આવ્યું હતું જેમાં ૪૩ ભાઈઓ અને ૨૦ બહેનોએ રક્તદાન કર્યું હતું. રક્તદાન શિબિર દરમિયાન મુખી જનાબ ગુલામહૈદરભાઈએ હાજરી આપી હતી.

**● અભિનંદન..:**

કેસીમ્પા નિવાસી મો.અબ્બાસભાઈ રામસડાની યાદી જણાવે છે કે પીરો મુરશિદની ભલી દુઆઓથી બાલાપીર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **ઝહીર હાઈસ્કૂલ અને ઉચ્ચતર માધ્યમિક હાઈસ્કૂલ–કેસીમ્પા** તથા ઝહીર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **મહેર હાઈસ્કૂલ અને ઉચ્ચતર માધ્યમિક હાઈસ્કૂલ–બાદરપુર**ને સ્કૂલ ઓફ કમિશ્નર તરફથી **લઘુમતિ શાળા** (Minority) તરીકે ઓક્ટોબર–૨૦૧૩માં માન્યતા મળી ગઈ છે. આ બદલ ખુદા તઆલાનો લાખ લાખ શુક્રિયા. આ માન્યતા અપાવવામાં મદદ કરેલ નામી અનામી તમામનો આભાર માનવામાં આવે છે.

ચાલુ વર્ષે મલેકપુર(વડનગર) મુકામે યોજાયેલ વડનગર તાલુકા યુવા મહોત્સવમાં મહેર હાઈસ્કૂલ, બાદરપુરના શિક્ષકશ્રી **મો.શબ્બીરઅલી ગુલામઅલી ખટાસિયા**એ વિભાગ-Bમાં કાવ્યલેખન ગઝલ-શાયરી, પાદપૂર્તિ અને નિબંધ સ્પર્ધામાં દ્વિતીય ક્રમાંક આવી શાળા અને ગામનું ગૌરવ વધારેલ છે. તેઓ છેલ્લા ચાર વર્ષથી આવી સ્પર્ધાઓમાં ભાગ લઈને સિધ્ધિ મેળવે છે. શાળાને ગૌરવ અપાવવા બદલ શાળા મંડળ અને શાળા પરિવાર આ સિધ્ધિ બદલ અભિનંદન પાઠવે છે. ⟶





**● ઇન્નાલિલ્લાહે..:**

⟵બાદરપુર નિવાસી **મર્હૂમા અવલીબેન સુલેમાનભાઈ સુરતી** મુ.તા. ૧૭, ઝિલ્કાદ–૧૪૩૪, તા.૨૪-૯-૨૦૧૩ મંગળવારના રોજ ૯૫ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોચ્યાં છે. મર્હૂમા સ્વભાવે દયાળુ રહમદિલ અને મોહંમદ વ


આલે મોહંમદ (અ.)નાં ચાહક હતાં.



બાદરપુર નિવાસી મર્હૂમા મો.લાટચીબેન લાલાભાઈ ભંડારી મુ.તા. ૨૨, ઝિલ્કાદ–૧૪૩૪, તા.૨૯-૦૯-૨૦૧૩ને રવિવારના રોજ ૧૦૦ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે નેક, ઈમાનદાર, પરહેઝગાર તેમજ મોહંમદ વ આલે મોહંમદ અને પીરો મુરશિદનાં આશિક તેમજ પંજગાના નમાઝનાં પાબંદ હતાં. ⟶



⟵ બાદરપુર નિવાસી **મર્હૂમા મો.અમીનાબેન દાવૂદભાઈ મૂસે** મુ.તા. ૧૬, ઝિલ્હજ-૧૪૩૪, તા-૨૨-૧૦-૨૦૧૩ને મંગળવારના રોજ ૭૫ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા મોહંમદ વ આલે મોહંમદ અને પીરાને તરીકતનાં ચાહક હતાં.



બાદરપુર નિવાસી **મર્હૂમ મો.વલીમોહંમદ અલીમોહંમદ ભગત** મુ.તા. ૧૯, ઝિલ્હજ–૧૪૩૪, ૨૫-૧૦-૨૦૧૩ને શુક્રવારના રોજ ૬૭ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. ⟶



⟵ જેઠીપુરા નિવાસી **મર્હૂમા મો.ઝેહરાબેન શબ્બીરઅલી રેવાસીયા** મુ.તા. ૨૬, ઝિલ્હજ–૧૪૩૪, તા.૧–૧૧–૨૦૧૩ને શુક્રવારના રોજ ૫૦ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે નેક, માયાળુ અને મહેમાનનવાઝ હતાં. તેઓ મોહંમદ વ આલે મોહંમદ (અ.)નાં ચાહક અને આશિકે હુસૈન (અ.) હતાં.



જેઠીપુરા નિવાસી **મર્હૂમા મો.હલીમાબેન ઈબ્રાહીમભાઈ વિજાપુરા (માસ્ટર)** મુ.તા. ૧, મોહર્રમ–૧૪૩૫, તા.૬–૧૧–૨૦૧૩ને બુધવારના રોજ આશરે ૭૮ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા 'જાફરી આવાઝ' (માસિક)ના વ્યવસ્થાપક મર્હૂમ સુલેમાનભાઈ માસ્ટરનાં મહોરદાર હતાં. તેઓ સ્વભાવે નેક, પરહેઝગાર અને ઈબાદતગુઝાર હતાં. તેઓ આશિકે હુસૈન (અ.), મોહંમદ વ આલે મોહંમદ (અ.) અને પીરાને તરીકતના ઘરાના સાથે ખૂબ જ મોહબ્બત ધરાવતાં હતાં.

અલ્લાહ તઆલા તમામ મર્હૂમીનને ગરીકે રહેમત કરે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.

**તબીબી સારવાર અંગે માર્ગદર્શન** ગામ વાઘરોલના વતની ડૉ. મન્સૂરઅલી M.D. (MEDICINE) જેઓ હાલમાં અમદાવાદમાં એલીસબ્રીજ, ટાઉન હોલની સામે આવેલ વિખ્યાત 'વી. એસ. હોસ્પિટલ'માં રેસીડેન્ટ ડોક્ટર તરીકેની સેવાઓ આપી રહ્યા છે. તો સમાજના મોમિન ભાઈ બહેનોને જાણ કરવામાં આવે છે કે જો કોઈને યોગ્ય તબીબી સારવાર અંગે સલાહ સૂચનની જરૂર જણાય તો વિના સંકોચે ડૉ. મન્સૂરઅલીના પર્સનલ મોબાઈલ નં.૮૯૮૦૦ ૩૩૬૦૫ ઉપર સલાહ મેળવી શકે છે અથવા અમદાવાદમાં વી.એસ.હોસ્પિટલ ખાતે કોઈ કારણોસર સારવાર માટે આવવાનું થાય તો પણ ડૉ. મન્સૂરઅલી પાસેથી તબીબી સારવાર અંગે યોગ્ય સલાહ મેળવી શકે છે.

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૫૧/- મો.ફિરોઝહુસૈન કાસિમભાઇ (કઠોર) તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા (રહે.) તથા મર્હૂમ કાસિમભાઇની રૂહના સવાબ અર્થે.

**મર્હૂમ મો.વલીમોહંમદ અલીમોહંમદ ભગત (બાદરપુર)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૧/- મર્હૂમ ગુલામહુસૈન સાવદીભાઈ ભગત
રૂા.૫૧/- મો.સકીનાબેન અલીમદ સુથાર
રૂા.૧૦૧/- મો.મોહંમદઅલી વલીભાઈ ભગત
રૂા.૫૧/- મો.રૂકૈયાબેન મોહંમદઅલી ભગત
રૂા.૨૫/- મો.હૈદરઅલી મોહંમદઅલી ભગત
રૂા.૨૫/- મો.મહેરબાનઅલી મોહંમદઅલી ભગત
રૂા.૧૦૦૧/- મો.ઈસ્માઈલભાઈ તથા તેમના ભાઈઓ તરફથી
રૂા.૨૦૨/- મો.ગુલામહુસૈન અલીમદ ભગત તરફથી
રૂા.૧૦૧/- મો.મહદીહસન વલીભાઈ ભગત
રૂા.૧૦૧/- મો.આબેદાબાનુ મહદીહસન ભગત
રૂા.૧૦૧/- મો.હસનઅલી વલીભાઈ ભગત
રૂા.૫૧/- મો.ઝૈનબબેન હસનઅલી ભગત
રૂા.૨૫/- મો.બશારતફાતેમા હસનઅલી ભગત
રૂા.૨૫/- મો.અઝમતફાતેમા હસનઅલી ભગત
રૂા.૨૫/- મો.રિઝવાનાફાતેમા હસનઅલી ભગત
રૂા.૨૫/- મો.મોહંમદસલમાન હસનઅલી ભગત
રૂા.૨૫૧/- મો.યૂસુફભાઈ ગફૂરભાઈ સુથાર
રૂા.૫૧/- મો.નૂરમોહંમદ અલીમોહંમદ સુથાર
રૂા.૧૧૦/- મો.નૂરમોહંમદ સાવદી ભગત

**રૂા.૨૦૨૧/- મર્હૂમા લાટચીબેન લાલાભાઈ ભંડારી (બાદરપુર)ની રૂહના સવાબ અર્થે.**

**રૂા.૧૨૦૦/- મો.યૂસુફભાઈ સુલેમાનભાઈ સુરતી અને તેમના ભાઈઓ તરફથી મર્હૂમા અવલીબેન સુરતીની રૂહના સવાબ અર્થે.**

**મો. યૂસુફભાઈ દાવૂદ ધરખડ (બાદરપુર) તરફથી**

રૂા.૨૫૦/- મર્હૂમા હુરીબેન દાઉદભાઈ ધરખડ
રૂા.૨૫૦/- મર્હૂમ દાવૂદભાઈ રસૂલભાઈ ધરખડ
રૂા.૨૫૦/- મર્હૂમા નૂરીબેન નશીરભાઈ ધરખડ
રૂા.૨૫૦/- મર્હૂમ નશીરભાઈ રસૂલ ભાઈ ધરખડ

**રૂા.૧૧૧૧/- હસનભાઈ રાજાભાઈ તાજવાલા (કાણોદર) તરફથી જાફરી આવાઝ (માસિક)ના ઉતેજન અર્થે.**

રૂા.૨૦૦/- મો.મોહંમદઅલી ગુલામહુસૈન દાંત્રેલીયા (ઈલોલ તલાવ) તરફથી તેમના ઘેર પુત્રી 'શીરીનફાતેમા'ના જન્મ ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.શરીફભાઈ અમદાભાઈ કોવડીયા તરફથી તેમના ભાણીયા 'મોહંમદ શાકિર'ના જન્મની ખુશાલી પ્રસંગે.

**ખાંટાઆંબાના મોમિન ભાઈ બહેનો તરફથી કરબલાના શહીદો અને અસીરાને કરબલાની યાદમાં મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦/- મો.આબિદઅલી શબ્બીરભાઈ
રૂા.૧૦૦/- મો.હસનઅબ્બાસ અહમદભાઈ
રૂા.૧૦૦/- મો.શબ્બીરભાઈ જમાલભાઈ
રૂા.૧૦૦/- મો.ઈબ્રાહીમભાઈ લલાભાઈ
રૂા.૧૦૦/- મોલ્વી સાહેબ શેરઅલી ઈસ્માઈલભાઈ
રૂા.૧૦૦/- મો.શબ્બીરઅલી મોહંમદભાઈ
રૂા.૫૦/- મો.મિકદાદઅલી રહીમભાઈ
રૂા.૫૦/- મો.અહમદઅબ્બાસ મોહંમદભાઈ
રૂા.૫૦/- મો.મંજૂરઅહમદ ઈબ્રાહીમભાઈ
રૂા.૫૦/- મો.નઝરહુસૈન રસૂલભાઈ
રૂા.૫૦/- મો.અહમદભાઈ ઈબ્રાહીમભાઈ
રૂા.૫૦/- મો.અકબરઅલી અહમદભાઈ
રૂા.૫૦/- મો.અકબરઅલી યૂસુફભાઈ

રૂા.૫૦/- મો.ગુલામહુસૈન રહીમભાઈ
રૂા.૫૦/- મો.નૂરમોહંમદ યૂસુફભાઈ
રૂા.૫૦/- મો.મોહંમદભાઈ કરીમભાઈ
રૂા.૫૦/- મો.કમ્બરઅલી લલાભાઈ
રૂા.૫૦/- મો.ફતેભાઈ ઈબ્રાહીમભાઈ
રૂા.૫૦/- મો.રહીમભાઈ લલાભાઈ
રૂા.૫૦/- મો.અબ્બાસઅલી મૂસાભાઈ
રૂા.૫૦/- મો.સાદિકઅલી મૂસાભાઈ
રૂા.૫૦/- મો.આબિદઅલી એહમદભાઈ
રૂા.૫૦/- મો.મૂસાભાઈ અમદુભાઈ
રૂા.૫૦/- મો.એહમદઅલી રાજેભાઈ
રૂા.૫૦/- મો.યૂસુફભાઈ પીરાભાઈ
રૂા.૧૦૦/- મો.કુલસૂમબેન એહમદભાઈ
રૂા.૧૦૦/- મો.સુગરા ઈબ્રાહીમભાઈ
રૂા.૧૦૦/- મો.મન્સૂરાબેન રજબઅલી
રૂા.૧૦૦/- મો.અહમદઅલી હબીબભાઈ
રૂા.૧૦૦/- મો.અકબરઅલી ઈસ્માઈલભાઈ
રૂા.૧૦૦/- મો.અહેસાનઅલી રહીમભાઈ
રૂા.૫૦/- મો.કનીઝફાતેમા અબ્બાસઅલી
રૂા.૫૦/- મો.કમ્બરઅલી અબ્બાસભાઈ
રૂા.૫૦/- મો.આબેદાબેન શબ્બીરઅલી
રૂા.૫૦/- મો.નઝીરમોહંમદ નશીરભાઈ
રૂા.૧૦૦/- મો.અબ્બાસભાઈ ગુલામભાઈ

રૂા.૭૮૬/- મર્હૂમા મો.અમીનાબેન દાવૂદભાઈ મૂસેના પરિવાર તરફથી.

રૂા.૧૦૦/- મો.ગુલામઅબ્બાસ ગુલામહુસૈન કઠોરવાલા(જોગેશ્વરી-મુંબઈ) તરફથી કરબલાના પાક શહીદોની અરવાહના સવાબ અર્થે તથા મર્હૂમ મોલ્વી હાજી ગુલામહુસૈન કમાલભાઈ તેમજ મર્હૂમા હાજીયાણી ખતીજા હાજી ગુલામહુસૈનની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૫૧/- મો.ગુલામહુસૈન રસૂલભાઈ મહેસાણીયા (બાદરપુર) તરફથી ઈમામ હુસૈન (અ.) અને કરબલાના શહીદોની રૂહના સવાબ અર્થે અને તેમની દીકરીને ત્યાં મોહંમદફાઝિલનો જન્મ થયો અને તેના ખત્ના કરાવ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૧૧/- ખતીજાબેન ગુલામહુસૈન મહેસાણીયા (બાદરપુર) તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા (રહે.અ.)ની રૂહના સવાબ અર્થે.

**રૂા.૧૦૦૦/- મર્હૂમા મો.હલીમાબેન ઈબ્રાહીમભાઈ વિજાપુરા (માસ્ટર) (જેઠીપુરા)ની રૂહના સવાબ અર્થે તેમના પરિવારજનો તરફથી.**

**રૂા.૫૦૦/- મર્હૂમા મો.ઝેહરાબેન શબ્બીરઅલી રેવાસીયા (જેઠીપુરા)ની રૂહના સવાબ અર્થે તેમના પરિવારજનો તરફથી.**

રૂા.૫૦/- મો.હસનઅબ્બાસ ગુલામઅબ્બાસ મોમિન (વસો) તરફથી કરબલાના પાક શહીદો અને અસીરોની અરવાહના સવાબ અર્થે.


**મેડીકલ સ્ટોર્સ કોન્ટ્રાક્ટથી ચલાવવા આપવાનો છે.**

- પંદર વર્ષ જૂનો
- સારો નફો કરતો
- અમદાવાદ શહેરમાં

:::: **સંપર્ક** ::::

મો. ૯૮૭૯૧૪૪૮૫૮